Paresh Peshva
Broker
416-302-4531
Off : 905-497-6701
Fax : 905-497-6700
SAVE MAX Achievers Realty

પરદેશમાં દેશની મહેંક એટલે
# સ્વદેશ
કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

LOWEST MORTGAGE RATE
Looking For New Home ?
We Can Manage All Your Mortgage Needs
Get 2nd Opinion on Your Investments/ Review Your Portfolio.
15 Yrs of Experience.
Call Today to Book an Appointment.
Mukund Sheth
Financial Advisor
Ph.: 416-839-9645

FRIDAY, 21 AUGUST 2026 Vol. 24, No. 33 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

### ટ્રમ્પ સરકારના ડિપોર્ટેશન અભિયાનથી ભારતીય વિદ્યાર્થીઓ અને પ્રોફેશનલ્સ ભારે ચિંતિત

# અમેરિકાથી 15 દિવસમાં 5200 ભારતીયોને ડિપોર્ટ કરાયા

## અમેરિકામાં ગેરકાયદે વસવાટ મામલે કાર્યવાહી : કેનેડામાં પોસ્ટ ગ્રેજ્યુએશન વર્ક પરમિટનો વિવાદ વકર્યો

**વોશિંગ્ટન**

અમેરિકા અને કેનેડામાં અભ્યાસ તથા નોકરી માટે ગયેલા ભારતીયો માટે ઈમિગ્રેશન નિયમો વધુ કડક બનતા ચિંતા વધી છે. અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પ પ્રશાસન દ્વારા ગેરકાયદે ઈમિગ્રેશન સામે કાર્યવાહી તેજ કરાઈ છે, જ્યારે કેનેડામાં PGWP વિવાદને કારણે મોટી સંખ્યામાં ભારતીય વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં મુકાયા છે. અમેરિકામાં દેશનિકાલની કાર્યવાહી સતત ચર્ચામાં છે. અહેવાલ મુજબ ઓગસ્ટના 15 દિવસ સુધીમાં 5200થી વધુ ભારતીયોને દેશનિકાલ કરવામાં આવ્યા છે. ભારતના વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર 2025માં કુલ 3,567 ભારતીય નાગરિકોને અમેરિકાથી પરત મોકલવામાં આવ્યા હતા, જ્યારે 2026માં જૂન સુધીમાં 1,076 ભારતીયોને પરત મોકલાયા હતા.



આ કાર્યવાહી મુખ્યત્વે ગેરકાયદે રીતે અમેરિકામાં રહેલા અથવા ઈમિગ્રેશન નિયમોનું ઉલ્લંઘન કરનારા લોકો સામે કરાઈ છે. જોકે માન્ય વિઝા ધરાવતા કેટલાક વિદ્યાર્થીઓ અને પ્રોફેશનલ્સ સામે સામાજિક માધ્યમો અને અન્ય નિયમોના ઉલ્લંઘનના આરોપો બાદ કાર્યવાહી થયાના અહેવાલોએ ભારતીયોમાં ચિંતા વધારી છે. 2025નો આંકડો છેલ્લા ઘણા વર્ષોની સરખામણીએ નોંધપાત્ર રહ્યો છે અને પરત મોકલાયેલા મોટાભાગના લોકો ગેરકાયદે ઈમિગ્રેશન સાથે જોડાયેલા હોવાનું અગાઉ જણાવાયું હતું. ફેબ્રુઆરી 2025માં અમેરિકાએ સૈન્ય વિમાન દ્વારા 104 ભારતીયોને અમૃતસર મોકલ્યા હતા, તે દરમિયાન કેટલાકના હાથમાં હાથકડી અને પગમાં બેડીઓ હોવાની તસવીરો સામે આવતાં ભારતમાં રાજકીય અને સામાજિક સ્તરે ભારે ચર્ચા થઈ હતી.

અમેરિકામાં અભ્યાસ કે નોકરી માટે જતા ભારતીયો માટે વિઝાની શરતોનું પાલન હવે વધુ મહત્વનું બન્યું છે. H-1B, O-1 અથવા સ્ટુડન્ટ વિઝા ધરાવતા લોકો માટે પોતાના સ્ટેટસ અને રોજગાર સંબંધિત નિયમોનું પાલન કરવું જરૂરી છે. વિઝાની શરતોનો ભંગ, પરવાનગી વિના કામ કરવું અથવા અન્ય ઈમિગ્રેશન નિયમોનું ઉલ્લંઘન થાય તો કાર્યવાહી થઈ શકે છે, તેથી ભારતીય વિદ્યાર્થીઓ અને પ્રોફેશનલ્સમાં સતર્કતા વધી છે.

બીજી તરફ કેનેડાના આલ્બર્ટામાં લગભગ 1,500 આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓના પોસ્ટ ગ્રેજ્યુએશન વર્ક પરમિટ સંબંધિત કેસને લઈને વિવાદ ઉભો થયો છે, જેમાં મોટી સંખ્યા ભારતીયોની છે. આ વિદ્યાર્થીઓએ અભ્યાસ પૂર્ણ કર્યા બાદ કામ કરવાની પરવાનગી માટે અરજી કરી હતી, જોકે કેટલીક અરજીઓ નામંજૂર થતા વિરોધ પ્રદર્શન શરૂ થયા છે. વિદ્યાર્થીઓનું કહેવું છે કે તેઓએ અભ્યાસ શરૂ કર્યો ત્યારે ઉપલબ્ધ નિયમો અને વર્ક પરમિટ મળવાની આશાએ મોટી રકમ ખર્ચી હતી, હવે અરજી નામંજૂર થતા ભવિષ્ય અંગે અનિશ્ચિતતા ઉભી થઈ છે, જેને લઈને કેટલાકે ઉપવાસ આંદોલન શરૂ કર્યું છે.

# સોમાલિયામાં ચાંચિયાએ હુમલો કરી તુર્કીના જહાજને હાઈજેક કર્યું, ભારતીય ક્રૂ ફસાયા

### જહાજમાં 10 સભ્યો હતા, 4 વ્યક્તિઓના મોત, 2ને ગંભીર ઈજા પહોંચી હતી

**મોગાદિશુ**

સોમાલિયાના પુંટલેન્ડના કિનારે સમુદ્રી ચાંચિયાઓએ ફરી ત્રાસ વર્તાવ્યો છે. ખાસ વાત એ છે કે, ધારદાર હથિયારથી જે જહાજ પર હુમલો કરવામાં આવ્યો છે એમાં છ ભારતીય નાવિક છે. આ જહાજમાં કુલ 10 સભ્યો હોવાનું જાણવા મળ્યું છે. ચાંચિયાઓ જહાજને નુગાલ કિનારા તરફ લઈ ગયા છે. આ પછી હુમલામાં ચાર વ્યક્તિના મોત નીપજયા હોવાના પણ વાવડ સામે આવ્યા છે.આ ઘટનામાં બે વ્યક્તિઓને ગંભીર ઈજા પહોંચી છે.

સોમાલિયાના પુટલેન્ડના કિનારે સમુદ્રી લૂંટારાઓએ કેમરૂનના ઝંડા ધારવતા કાર્ગો જહાજને હાઈજેક કરી લીધુ હતુ. જહાજ પર તુર્કીના હથિયાર તથા સંચાર સેટેલાઈટ હોવાનું પણ જાણવા મળ્યું છે. એક સોમાલી અધિકારીના જણાવ્યા અનુસાર સમુદ્રી લૂંટારા જહાજને પુટલેન્ડના નુગાલ કિનારા સુધી લઈ ગયા હતા. MV/V લુટુફને સોમવારે પુટલેન્ડના ઈયલ જિલ્લામાં મારેયાથી આશરે સાડા ત્રણ નોટિકલ માઈલ દૂર લઈ જવાયું પછી કબજો કરી લેવાયો હતો. આ સંવેદનશીલ બાબત વિશે જાહેરમાં વાત કરવાનો અધિકાર ન હોવાથી, અધિકારીએ નામ ન આપવાની શરતે આ માહિતી આપી હતી.

આ જહાજ પર એક તુર્કીનો નાગરિક હોવાનું જાણવા મળ્યું છે. જ્યારે બે સર્બિયાના સુરક્ષા ગાર્ડ પણ છે. જહાજની માલિકી પોલર મુવમેન્ટ શિપિંગ કંપની પાસે હોવાની વિગત મળી છે. આ જહાજ હથિયાર લઈને જઈ રહ્યું હતું. હથિયાર મોગાદિશુમાં હાજર તુર્કીના સૈન્યને ટ્રેનિંગ માટે પહોંચાડવામાં આવી રહ્યા હતા. પણ ટ્રેનિંગ કેમ્પ સુધી પહોંચે એ પહેલા આ સ્ટોક ચાંચિયાઓ લૂંટી ગયા હતા. આ સમગ્ર ઘટનાને લઈને તુર્કીના કોઈ અધિકારીએ સત્તાવાર વાત કરી નથી અને કોઈ પ્રકારની પ્રતિક્રિયા સામે આવી નથી. રિપોર્ટ અનુસાર આઠ ચાંચિયાઓએ જહાજ પર કબજો કરી લીધો હતો.



# ગૂગલે બંધ પડેલી એરલાઇન્સનો ડેટા ખરીદવા 95 કરોડની બોલી લગાવી

### એઆઈને સજ્જ કરવા ટેક કંપનીઓ વચ્ચે હોડ જામી

**વોશિંગ્ટન**

અમેરિકામાં એક એરલાઈન્સને તાળા વાગી ગયા. કંપનીએ દેવાળું ફૂંક્યુ અને તે હરાજીમાં ગઈ. હવે આ બંધ પડેલી કંપનીના ઈન્ટર્નલ ડેટાની કિંમત ગૂગલ એઆઈએ ૯૫.૭૫ કરોડ રૂપિયા લગાવી છે. ગૂગલે અહીં કંપનીનો કારોબાર કે તેના પ્રવાસીઓની જાણકારી નહીં પરંતુ કંપનીની અંદર ઉપયોગમાં લેવાયેલા ડેટા એટલે કે ઈન્ટરર્નલ ડેટાની બોલી લગાવી છે. આવું કદાચ પહેલી જ વખત બન્યું છે.

આ આખો કિસ્સો અમેરિકાની સ્પિરિટેડ એરલાઈન્સનો છે. કંપનીએ દેવાળું ફૂક્યું છે અને તેની હરાજી ચાલી રહી છે ત્યારે ગૂગલે તેના ઈન્ટર્નલ ડેટા જેવા કર્મચારીઓના ઈ-મેઈલ, માઈક્રોસોફ્ટ ટીમ્સની ચેટ, કેલેન્ડર, ડોક્યુમેન્ટ્સ, સ્પ્રેડશીટ, મીટિંગ્સ રેકોર્ડ અને કારોબાર સાથે જોડાયેલા બીજા રેકોર્ડ્સની બોલી લગાવી છે. આ પ્રકારનો ડેટા સામાન્ય રીતે ખાનગી હોય છે અને કોઈપણ કંપની ઈચ્છતી નથી તેનો ઉપયોગ કરવામાં આવે, પરંતુ હવે સમય બદલાઈ ચૂક્યો છે. અહેવાલ મુજબ આ ડેટામાં લગભગ ૧૦ કરોડ ઈ-મેઈલ્સ અને માઈક્રોસોફ્ટ ટીમ્સના ૫૦ કરોડ મેસેજ છે.

સરળ, સફળ અને બેફીકર મુસાફરી ના સાથીદાર
Our Tour Packages Arranged In Your Budget For:
Caribbean Canada/USA India Europe
Africa Dubai Far East
48 વર્ષ થી અમને તમારા ટ્રાવેલ પાર્ટનર બનાવવા બદલ આભાર
ASHOK TRAVELS
416-977-9896
info@ashoktravel.com www.ashoktravel.com
બુક કરાવો અને સેફ મુસાફરી નો આનંદ મેળવો.

SAVE MAX Achievers Realty
ASH PATEL
Realtor Broker
416-669-7892
AshPatelRealtor@gmail.com
www.Ashok Patel.ca

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# સ્કારબોરો બ્રહ્માકુમારીઝ દ્વારા ડોર્સેટ પાર્ક ખાતે યાદગાર પિકનિક

## રાજયોગના સંદેશ સાથે 60 જેટલા ભાઈ-બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો, રમતો, સ્વાદિષ્ટ ભોજનનો લાભ લઈ યાદગાર ઉજવણી









**સ્કારબોરો**

સ્કારબોરો - બ્રહ્મા કુમારીઝ, સ્કારબોરો સેન્ટર દ્વારા ૧૫મી ઓગસ્ટ, શનિવારના રોજ ડોર્સેટ પાર્ક ખાતે એક ભવ્ય પિકનિકનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૬૦ જેટલી બ્રહ્મા કુમારી બહેનો અને ભાઈઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. પિકનિક દરમિયાન સહભાગીઓએ પાર્ક ખાતે જ જાતે સ્વાદિષ્ટ ભોજન તૈયાર કર્યું હતું. સવારના નાસ્તામાં ચા, થેપલા, અથાણું, કેળા અને નારંગી પીરસવામાં આવ્યા હતા. ત્યારબાદ ફૂટબોલ, વોલીબોલ, મ્યુઝિકલ ચેર, હળવી કસરત, ગીતો અને રમતગમત જેવી વિવિધ પ્રવૃત્તિઓનો તમામ ભાઈ-બહેનોએ ભરપૂર આનંદ માણ્યો હતો. બપોરના ભોજનમાં પકોડા, ફ્રાઈડ રાઈસ, ચટણી, સલાડ અને આઈસ્ક્રીમ પીરસવામાં આવ્યા હતા. અંતે, સૌને તરબૂચ, સફરજનનો રસ અને મકાઈ આપવામાં આવી હતી. નાના-મોટા સૌ ભાઈ-બહેનોએ સવારે ૯ વાગ્યાથી સાંજે ૪ વાગ્યા સુધી આ પિકનિકની ક્ષણો માણી હતી. આ કાર્યક્રમમાં 'રાજયોગ ફાઉન્ડેશન' દ્વારા પણ વિશેષ સહભાગિતા નોંધાવવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, આ બંને સંસ્થાઓ કેનેડામાં જાહેર નોંધાયેલી ચેરિટી છે, જે વિનામૂલ્યે સાપ્તાહિક રાજયોગ અભ્યાસક્રમો તેમજ વ્યક્તિગત અને ઓનલાઈન દૈનિક વર્ગો પૂરા પાડે છે. રાજયોગનો નિયમિત અભ્યાસ આપણા જીવનને શાંત, સ્થિર, શીતળ અને અચળ બનાવે છે, જે દૈનિક જીવનની કાર્યક્ષમતામાં પણ વધારો કરે છે. કાર્યક્રમના અંતે, સુંદર સ્વચ્છતા વ્યવસ્થા વા, સ્વાદિષ્ટ ભોજન અને પિકનિકને સફળ બનાવવા માટે સહયોગ આપનાર સૌનો હાર્દિક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# 'કેનેડાયર' વોટર બોમ્બર્સની માંગમાં ઉછાળો કેલગરીમાં ફરી 'સુપર સ્કૂપર'નું એસેમ્બલિંગ શરૂ

### ઉત્પાદન વધારવા અને જથ્થાબંધ ઓર્ડર આપવા ફેડરલ સરકાર પર દબાણ



**કેલગરી**

કેનેડા, યુનાઈટેડ સ્ટેટ્સ અને યુરોપિયન દેશો ફરી એકવાર જંગલોમાં ભીષણ દાવાનળની ગંભીર મોસમનો સામનો કરી રહ્યા છે. આવી સ્થિતિ વચ્ચે 'સુપર સ્કૂપર' તરીકે ઓળખાતા પ્રખ્યાત 'કેનેડાયર' વોટર બોમ્બર વિમાનોનું ઉત્પાદન ઝડપી બનાવવા અને ફેડરલ સરકાર દ્વારા તેના જથ્થાબંધ ઓર્ડર આપવા માટેનું દબાણ સતત વધી રહ્યું છે. કેલગરી સ્થિત 'ડી હેવિલેન્ડ' કંપનીએ વોટર બોમ્બર પ્રોગ્રામ હસ્તગત કર્યા બાદ કેનેડાયરના ઉત્પાદનને પુનર્જીવિત કરવાનું દુર્લભ પગલું ભર્યું છે. વર્ષ 2015 સુધી આ ખાસ વિમાનોનું નિર્માણ 'બોમ્બાર્ડિયર' કંપની દ્વારા કરવામાં આવતું હતું. દેશભરના વિવિધ વિસ્તારોમાંથી સપ્લાય ચેઈન મેળવીને, કેલગરી ખાતે મોટાભાગના એસેમ્બલી કામ સાથે આ વિશ્વપ્રસિદ્ધ વિમાનો સંપૂર્ણપણે હાથથી (હેન્ડમેડ) બનાવવામાં આવી રહ્યા છે. નવી ઉત્પાદન લાઈન શરૂ કરવાની જાહેરાત વર્ષ 2022માં કરવામાં આવી હતી, જે હવે પરિણામ આપવા લાગી છે. હાલમાં પ્રથમ બે વિમાનો આકાર લઈ રહ્યા છે અને વર્ષ 2028ની શરૂઆતમાં તે પૂર્ણ થઈને ડિલિવરી માટે તૈયાર થઈ જશે.

તાજેતરના સપ્તાહોમાં, ફ્રાન્સ અને સ્પેનમાં વિપક્ષી રાજકારણીઓએ પુરતા પ્રમાણમાં કાર્યરત કેનેડાયર વિમાનો ન હોવા બદલ શાસક સરકારોની આકરી ટીકા કરી છે, જે જંગલની આગને કાબુમાં લેવામાં સજ્જતાનો અભાવ દર્શાવે છે. બીજી તરફ, કેનેડાના મેનિટોબાના પ્રીમિયર વાબ કિન્યુ સહિત અનેક પ્રાંતીય નેતાઓએ સતત આવતા ઉનાળા દરમિયાન નવા વોટર બોમ્બર્સની ગેરહાજરી સામે ચિંતા અને દુઃખ વ્યક્ત કર્યું છે

### નવા સુપર સ્કૂપરમાં 6100 લિટરની ટાંકી અને પાંખો 30 મીટર ફેલાશે

૧૯૬૦ના દાયકામાં સૌપ્રથમવાર ડિઝાઇન કરવામાં આવેલું આ કેનેડાયર અભયચર અગ્નિશામક વિમાન ખાસ કરીને કેનેડાના કઠિન જંગલોમાં ભયાનક આગ સામે લડવા માટે જ હેતુપૂર્વક બનાવવામાં આવ્યું હતું. આ વિમાન મૂળભૂત રીતે ફાયરફાઇટિંગ માટે જ ડિઝાઇન્ડ છે. તેની વિશિષ્ટ બનાવટને કારણે તે ઓછી ઊંચાઈએ સાંકડી ખીણોમાં સરળતાથી નેવિગેટ કરી શકે છે સુપર સ્કૂપરનું નવું વર્ઝન પણ તેના મૂળ આકાર જેવું જ હશે, જેમાં 30 મીટર સુધી ફેલાયેલી ઊંચી પાંખો, ૬,૧૦૦ લિટરની પાણીની ટાંકી અને તેનો પરંપરાગત પીળો રાખવામાં આવશે.


# હિમાંશી ખુરાના મર્ડર કેસમાં 7 મહિનાથી ફરાર પાર્ટનર અબ્દુલ ગફૂરી અંતે ઝડપાયો

### 19 ડિસેમ્બર 2025ના રોજ હિમાંશી ખુરાનાની હત્યા કરવામાં આવી હતી

**ઓટાવા**

કેનેડાના ટોરન્ટોમાં 30 વર્ષીય ભારતીય મૂળની મહિલા હિમાંશી ખુરાનાની હત્યાના કેસમાં પોલીસે આરોપીની ધરપકડ કરી લીધી છે. હત્યાના લગભગ સાત મહિના પછી ફરાર મુખ્ય આરોપી અને મૃતક મહિલાના પાર્ટનર 32 વર્ષીય અબ્દુલ ગફૂરીની ટોરન્ટો એરપોર્ટ પરથી ધરપકડ કરવામાં આવી છે.

વાસ્તવમાં, હિમાંશી ખુરાનાની લાશ ગયા વર્ષે 20 ડિસેમ્બરે કેનેડાના ટોરન્ટોમાં તેના નિવાસસ્થાનેથી મળી હતી, જેને ટોરન્ટો પોલીસે



ઘરેલુ હિંસા અંતર્ગત હત્યાનો મામલો ગણાવ્યો હતો. હિમાંશીનો સાથી અબ્દુલ ગફૂરી, જે ટોરન્ટોનો જ રહેવાસી હતો, તે સમયે પોલીસ દ્વારા પ્રથમ શ્રેણીની હત્યાના આરોપમાં વોન્ટેડ હતો. પોલીસે શનિવારે એક નિવેદનમાં જણાવ્યું કે તેને શુક્રવારે ટોરન્ટો એરપોર્ટ પરથી પકડવામાં આવ્યો છે. આંતરરાષ્ટ્રીય પોલીસ એજન્સીઓની મદદથી કેનેડિયન પોલીસે આરોપીને પકડીને પ્રથમ શ્રેણીની હત્યા અંતર્ગત મામલો નોંધ્યો છે. હિમાંશી ખુરાનાની હત્યા 19 ડિસેમ્બર 2025ની રાત્રે કરવામાં આવી હતી.

SHIV FINANCIAL SERVICES
Serving Community Since 2009
"Proper Insurance Coverage is Peace of Mind"
Super Visa Insurance
&
Visitor to Canada Medical Insurance
CALL FOR FREE QUOTE
- Monthly / Annual Plans Available
- Partial Refund if Parents Leave Early
- Full Refund if No Visa Issued
- Upto 45% Discount Available

JAGDISHBHAI SEVAK
Insurance Broker
647-236-7620
sevak_2007@hotmail.com • www.shivfinancialservices.ca

### દેશભક્તિના ગીતો, કસરત અને સાંસ્કૃતિક વાર્તાલાપ સાથે સિનિયર સિટિઝન્સ ભાવવિભોર થયા

# સિનિયર ક્લબ દ્વારા ‘સ્વાતંત્ર્ય દિવસ’ની ઉજવણી : ગીત અને ભજનોની ગૂંજ

### શ્રીકૃષ્ણ-સુદામાની મિત્રતા, અભિમન્યુના ચક્રવ્યૂહ પ્રસંગની વાર્તાઓ રજૂ થઈ, સભ્યોનો જન્મદિવસ ઉજવાયો, રાષ્ટ્ર ગીતનું ગાન






**બ્રામ્પ્ટન**

બ્રામ્પ્ટન ગુજરાતી સિનિયર ક્લબ દ્વારા તા.૯મી ઓગષ્ટે 2026ના “સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી” કરાઈ હતી. પ્રોગ્રામની શરૂઆતમાં “વંદે માતરમ્” રાષ્ટ્રગાન, “વૈષ્ણવ જન તો” ભજન અને પ્રાર્થનાના સમૂહગાન બાદ જસભાઈએ હળવી કસરતો કરાવી દિલીપભાઈએ “મીડલેન્ડની પિકનિક”ની માહિતી આપી હતી. કલાવતી બહેને દેશ-વિદેશના સમાચાર જણાવ્યા બાદ ઈશ્વરભાઈએ દેશભક્તિ ગીત “એ મેરે વતન કે લોગો..” તેમના લાગણીભર્યા સ્વરમાં ગાઈને બધાને ભાવવિભોર કરી દીધા હતા. આ તકે, કુસુમબહેને જણાવ્યું કે મૃત્યુ એ શાશ્વત છે, તેથી તેનો કોઈ જ ડર રાખવાનો ન હોય. “સર્વોપરી ધર્મ એ રાષ્ટ્રધર્મ” છે. ભારત દેશના રાષ્ટ્રપ્રેમી મહાનુભાવોના જીવનચરિત્રની માહિતી આપી તેમણે રાષ્ટ્રધર્મની મહત્તા પણ સમજાવી હતી. ઈશ્વરભાઈએ ભગવાન રામચંદ્રજી








અયોધ્યા છોડીને વનવાસ જાય છે, તે પ્રસંગનું ભજન ગાઈને વર્ણન કરી બધાને ભક્તિરસમાં તરબોળ કરી દીધા હતા.

ચંદ્રદેવના પુત્ર વર્ચસના અવતાર અભિમન્યુની વાર્તા કહ્યા બાદ ડૉ. પ્રદ્યુમ્ન ભટ્ટે શ્રી કૃષ્ણના સહયોગે સુભદ્રાનું હરણ કરીને અર્જુને ઈન્દ્રપ્રસ્થમાં કરેલા વિવાહ અને સિંધુ નરેશ વૃદ્ધક્ષત્રના પુત્ર જયદ્રથનું જીવનવૃત્તાંત રજૂ કરીને મહાભારતના યુદ્ધમાં યુધિષ્ઠિરને બંધક બનાવવા માટે ગુરુ દ્રોણાચાર્યે રચેલા ચક્રવ્યૂહનો ચિતાર આપ્યો હતો. તેમણે અભિમન્યુએ યુધિષ્ઠિરની સલાહથી માત્ર 16 વર્ષની વયે કરેલા ચક્રવ્યૂહમાં પ્રવેશ વિશે સવિશેષ માહિતી આપ્યા બાદ બીજા રાઉન્ડમાં હાસ્યપ્રેરક રજૂઆત કરી હતી.

મોહનભાઈએ ભગવાન રામાપીરને લગતું ભક્તિમય ભજન ગાયું હતુ. જસભાઈએ “ભેરૂબંધા” એટલે સાચી મિત્રતાને લગતી શ્રી કૃષ્ણ-સુદામાની મિત્રતાનું વર્ણન કરતા બે પ્રસંગ જણાવ્યા હતા. પ્રથમમાં સાંદીપનિ ઋષિના આશ્રમમાં તેઓ બંને શિક્ષા લેતા હતા ત્યારે જંગલમાં શ્રી કૃષ્ણના ચણા સુદામા કેમ ખાઈ ગયા તેના કારણમાં જણાવ્યું કે આ ચણા ચોરોએ ગરીબ બાઈને ત્યાંથી ચોરીને સાંદીપનિ ઋષિના આશ્રમમાં મૂક્યા હતા અને ગરીબ બાઈએ શ્રાપ આપ્યો હતો કે “જે આ ચણા ખાશે તે દરિદ્ર થઈ જશે”. આ શ્રાપની સુદામાને ખબર હતી, તેથી તે ચણા તે ખાઈ ગયા, જેથી શ્રી કૃષ્ણ તે શ્રાપિત ચણા ખાય નહિ.

બીજો પ્રસંગ દ્વારકામાં સુદામાનું સ્વાગત કરવા માટે ખુલ્લા પગે દોડતા જઈને છેક પ્રવેશદ્વારે આવીને ભગવાન કૃષ્ણ સુદામાને ભેટી પડ્યા અને હાથ પકડીને રાજ્યસભામાં લઈ જઈને રાજસિંહાસન ઉપર બેસાડીને પગ પખાર્યા તેનો હતો.

જશભાઈની વાતો બાદ ઉષાબહેને “દુનિયા મેં હમ આયે હૈ તો જીના હી પડેગા..” ગીત તેમના મધુર સ્વરમાં ગાયું હતુ. જ્યારે મયુરી બહેને “હિંડોળા”નું વર્ણન કરતું ગીત ગાયું હતુ. જેલીબહેને તથા હેમલતા બહેને ભજન ગાયા પછી કાંતિભાઈએ ડોનેશનની વિગતો આપી હતી. ત્યારબાદ સભ્યોના જન્મદિવસની ઉજવણી ક્લબ તરફથી કરીને સૌને શુભકામનાઓ પાઠવાઈ હતી. અંતમાં “જન ગણ મન..” રાષ્ટ્રગીત ગાઈને કાર્યક્રમનું સમાપન કરાયું હતુ. અને રુચિપૂર્ણ ભોજનનો આસ્વાદ માણી સૌ સભ્યો છુટા પડ્યા હતા.

# ઓન્ટેરિયોથી ગુમ થયેલા ૭૩ વર્ષીય પાઇલટનો મૃતદેહ વુલ્ફ લેકમાંથી મળ્યો

### ઓશાવા એરપોર્ટથી ભર્યાના એક જ કલાકમાં સંપર્ક તૂટ્યો હતો

**ઓન્ટેરિયો**

ઓન્ટેરિયો પ્રાંતીય પોલીસે બુધવારે સત્તાવાર પુષ્ટિ કરી હતી કે, ગયા અઠવાડિયે ઉડાન ભર્યા બાદ ગુમ થયેલા ૭૩ વર્ષીય પાઈલટ ડગ્લાસનો મૃતદેહ મળી આવ્યો છે. મંગળવારે શોધકર્તાઓએ ક્વીન એલિઝાબેથ II પ્રાંતીય પાર્કમાં આવેલા વુલ્ફ લેક (તળાવ)માં ડૂબેલું વિમાન અને તેનો કાટમાળ શોધી કાઢ્યો હતો. વિમાનમાંથી પાઈલટનો મૃતદેહ મળી આવ્યા બાદ પોલીસ અને તપાસકર્તાઓ દ્વારા પ્લેન બહાર કાઢવા કાર્યવાહી થઈ હતી. ડગ્લાસનું વિમાન ઓશાવા એક્ઝિક્યુટિવ એરપોર્ટથી સવારે લગભગ ૮:૩૦ વાગ્યે રવાના થયું હતું. તેઓ એક કલાક પછી પરત ફરવાના હતા, પરંતુ સમયસર ન પહોંચતા તાત્કાલિક શોધખોળ શરૂ કરવામાં આવી હતી. પાઈલટના પિતરાઈ ભાઈ રિચાર્ડ વિલ્ટશાયરે જણાવ્યું હતું કે, ૭૩ વર્ષીય ડગ્લાસ અનુભવી પાઈલટ અને લેઝર ફ્લાયર હતા. તેમના માટે આવી ટૂંકી ફ્લાઈટ પર જવું એકદમ સામાન્ય બાબત હતી. હાલમાં વિમાન ક્રેશ થવાના ચોક્કસ સંજોગો અને કારણો જાણવા માટે ‘કેનેડાના ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડ’ (TSB) દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે.

Visa Services
• India
• Nepal
• Dubai
• Europe
• UK-ETA
VOYAGES InterSky TRAVELS

• OCI • PASSPORT RENEWAL • SURRENDER CITIZENSHIP & PR APPLICATIONS
Wholesale Tour Operation
• India-North & South • Nepal - Bhutan -Sri Lanka. • Dubai. NRI-Europe( Veg & Jain Meals) • All kinds of Travel
• Air Canada • Air India • Qatar • Emirates • Air Farnce/ KLM • British Airways • United -Delta • Turkish & many more..............

Divyesh (Dev) Patel : 514 -513 9191
Permis du Quebec
514-389-7070-toll free:1855-389-7070

travel SERVICES
VACATIONS WE OFFER
ALL INCLUSIVE PACKAGES
EUROPE TOURS

Guaranteed Lowest Fare for:
INDIA EUROPE
FAR EAST NORTH AMERICA
MIDDLE EAST AUSTRALIA
AFRICA CARIBBEAN
Call Us Today For Special Packages
AIR TICKET
CRUISE
VACATION PACKAGES
Travel INSURANCE
DIPTESH PATEL +1 647-409-2976
+1 905-790-8989 | 905-790-8686
res@travel-services.ca | www.travel-services.ca
2565 Steels Ave. E. Unit #20, Brampton, ON, L6T 4L6
tico.ca IATA

તંત્રી સ્થાનેથી

# અમેરિકન સૈન્યના પલાયન પછી ઇરાક પર તોળાશે ગૃહયુદ્ધનું સંકટ



તંત્રી - સ્વદેશ

ઈરાકમાં અમેરિકી સૈન્યની લાંબા સમયથી ચાલી રહેલી હાજરી હવે સમાપ્ત થવાના તબક્કામાં છે. ઈરાકી વડાપ્રધાનના કાર્યાલય તરફથી દાવો કરાયો છે કે, 30 સપ્ટેમ્બર 2026 સુધીમાં ઈરાકમાંથી અમેરિકી સૈનિકોની વાપસી પૂર્ણ કરવાની યોજના છે. હકીકતમાં ઈરાકમાં અમેરિકાની સૈન્યની હાજરીનો અધ્યાય વર્ષ 2003માં શરૂ થયો હતો. તે સમયે અમેરિકાએ સદામ હુસેનના શાસનને હટાવવા માટે સૈન્ય કાર્યવાહી શરૂ કરી હતી. ત્યારબાદ વર્ષ 2011માં મોટા પ્રમાણમાં અમેરિકી સૈનિકોને ઈરાકમાંથી પરત બોલાવવામાં આવ્યા હતા. પરંતુ વર્ષ 2014માં ISISના વધતા ખતરા વચ્ચે અમેરિકી સૈનિકોની ફરીથી ઈરાકમાં તૈનાતી કરવામાં આવી હતી. ત્યારથી આતંકવાદ વિરોધી અભિયાનમાં અમેરિકી સેનાએ મહત્વની ભૂમિકા ભજવી હતી. હવે યોજના પ્રમાણે 30 સપ્ટેમ્બર 2026 સુધીમાં ઈરાકમાં ચાલી રહેલું અમેરિકી સૈન્ય મિશન સમાપ્ત કરી દેવાશે.

આ વાપસી માત્ર સૈનિકોને પરત બોલાવવાનો નિર્ણય નથી, પરંતુ ઈરાક અને અમેરિકા વચ્ચેના સુરક્ષા સંબંધોમાં પણ મહત્વપૂર્ણ ફેરફાર છે. વર્ષ ૨૦૦૩માં તત્કાલીન અમેરિકી પ્રમુખ જ્યોર્જ ડબલ્યુ. બુશના શાસનકાળ દરમિયાન, ઈરાકી સરમુખત્યાર સદામ હુસૈન પાસે માસ ડિસ્ટ્રક્શન વેપન્સ હોવાના આક્ષેપો સાથે શરૂ કરાયેલું યુદ્ધ બરાબર ૨૩ વર્ષ પછી તેના અંતિમ પડાવ પર પહોંચ્યું છે. પરંતુ આ ઘોષણા માત્ર એક સૈન્ય વાપસી નથી; આ નિર્ણયે આંતરરાષ્ટ્રીય સંબંધો, જીયોપોલિટિક્સ અને માનવાધિકાર ક્ષેત્રે અત્યંત ઘેરા અને આકરા પ્રશ્નો ઊભા કર્યા છે. અફઘાનિસ્તાન તાલિબાનોના હાથમાં આવ્યા પછીની સ્થિતિ હોય કે હવે મધ્ય પૂર્વમાં આઈએસઆઈએસની હિંસક કામગીરીઓ કે પછી બગદાદમાં શિયા મિલિશિયા જૂથ દ્વારા કરાતો નરસંહાર હોય, આ બધું જ અમેરિકાના પાપે થયું છે તેવું લોકો માને છે. અમેરિકાએ આ સદીમાં કેટલાય દેશોને બરબાદ કરીને મરવાના વાંકે છોડી દીધા છે. ૧૧ સપ્ટેમ્બર ૨૦૦૧ (૯/૧૧) પછી અમેરિકી કરદાતાઓની ૮.૮ ટ્રિલિયન ડોલરથી વધુ રકમ માત્ર સૈન્ય અભિયાનો, વિદેશી એજન્સીઓ અને યુદ્ધ સંબંધિત વ્યાજ ચૂકવવામાં વપરાઈ ગઈ છે. તેવી જ રીતે અમેરિકી યુદ્ધ ઝોન અફઘાનિસ્તાન, ઈરાક, સીરિયા, યમન, પાકિસ્તાન આદિમાં પ્રત્યક્ષ હિંસાથી ૯.૨૯ લાખથી વધુ લોકો માર્યા ગયા છે, જેમાં અંદાજે ૪૫ ટકા એટલે કે ૪.૩૫ લાખથી વધુ તો નિર્દોષ નાગરિકો હતા. તે સિવાય અમેરિકાના ઉન્માદને પગલે થયેલા યુદ્ધના કારણે પીવાના પાણીની તંગી, હોસ્પિટલોનો વિનાશ, કુપોષણ અને રોગચાળાને કારણે અંદાજે ૪૫ લાખ લોકો મોતને ભેટ્યા છે. અમેરિકી સૈન્ય પગલાં અને તેના પરિણામે ફાટી નીકળેલા ગૃહયુદ્ધોને કારણે વિશ્વભરમાં ૩.૮ કરોડથી વધુ લોકો પોતાના ઘરબાર છોડીને શરણાર્થી બનવા મજબૂર થયા છે. આ આંકડો બીજા વિશ્વયુદ્ધ પછીનો સૌથી મોટો માનવ વિસ્થાપનનો આંકડો છે.

૧૯૪૫ પછી અમેરિકાએ ૫૦થી વધુ દેશોમાં ગુપ્ત અથવા તો પ્રત્યક્ષ રીતે સૈન્ય કામગીરી કરી છે. તેણે વિદેશોમાં ૮૦૦થી વધુ અમેરિકન સૈન્ય બેઝ બનાવ્યા છે. ઈતિહાસ સાક્ષી છે કે જ્યાં જ્યાં અમેરિકી સૈન્યના પગ પડ્યા છે અથવા જ્યાં સીઆઈએ દ્વારા લોકશાહી સ્થાપવાના નામે દખલગીરી કરવામાં આવી છે, ત્યાં મોટાભાગે સંસ્થાઓનું પતન, આર્થિક કંગાળિયત અને અનંત ગૃહયુદ્ધ જ સર્જાયું છે. અફઘાનિસ્તાનમાં ૨૦૦૧થી ૨૦૨૧ સુધી ૨૦ વર્ષ દરમિયાન નિષ્ફળ યુદ્ધ લડાયું છે. અહીંયા ૨.૩૧ ટ્રિલિયન ડોલરનો ખર્ચ થયો, ૭૦ હજારથી વધુ અફઘાન નાગરિકોનાં મોત થયા છે. તેવી જ રીતે ઈરાકમાં ૨૩ વર્ષ સુધી ખોટા બહાના હેઠળ હિંસાનો જઘન્ય ખેલ ખેલવામાં આવ્યો અને હવે ત્યાંની જનતાને ભૂખી, તરસ્યા છોડી દેવામાં આવી છે. સદામ હુસૈન પાસેના રાસાયણિક શસ્ત્રો ખતમ કરવાના છે અને મધ્ય-પૂર્વમાં લોકશાહીનો પાયો નાખવો પડશે તેવું કહીને અમેરિકા ઈરાકમાં ઘૂસ્યું હતું. આ યુદ્ધમાં ૨,૦૯,૦૦૦થી વધુ નાગરિકોનાં મોત થયા છે. બ્રિટિશ મેડિકલ જર્નલ 'ધ લેન્સેટ'ના રિપોર્ટ મુજબ આ હિંસાની સ્થિતિમાં અન્ય અથવા પરોક્ષ કારણોસર ૬,૫૫,૦૦૦થી વધુ ઈરાકી નાગરિકોનો પણ ભોગ લેવાયો છે.

આ ઉપરાંત ૯૨ લાખ લોકો વિસ્થાપિત થઈ ગયા છે. હકીકતમાં ૨૩ વર્ષમાં અમેરિકાએ ઈરાકને અંદરથી ખતમ કરી નાખ્યું છે. આક્રમણ પછી અમેરિકાને ઈરાકમાં એક પણ જૈવિક કે રાસાયણિક શસ્ત્ર મળ્યું નથી. લિબિયામાં પણ તેવી જ રીતે મુઅમ્મર ગદ્દાફીના દમન સામે અરબ સ્પ્રિંગના પ્રદર્શનકારીઓને બચાવવા માટે નાટો અને અમેરિકા દ્વારા માનવતાવાદી હસ્તક્ષેપ કરાયો હતો. ૨૦૧૧માં થયેલા આ હસ્તક્ષેપ પહેલાં એટલે કે ૨૦૧૧ પહેલાં લિબિયા આફ્રિકા ખંડમાં સૌથી ઊંચો માનવ વિકાસ સૂચકાંક, મફત શિક્ષણ, મફત આરોગ્ય અને પ્રતિ વ્યક્તિ ઊંચી આવક ધરાવતો દેશ હતો. પરંતુ દરરોજ લોહિયાળ જંગે દેશને પાયમાલ કરી નાંખ્યો છે. અમેરિકાએ ધનોતપનોત કાઢ્યા બાદ પણ ઈરાક સામે ઘણા પડકારો છે. જેનો સામના તે કરી શકશે કે નહીં તે ચિંતાજનક છે. કરાર મુજબ વાપસી બે મુખ્ય તબક્કામાં પૂર્ણ થશે. બીજા તબક્કામાં સપ્ટેમ્બર ૨૦૨૬ સુધી ઉત્તર ઈરાકના સ્વાયત્ત કુર્દિશ પ્રદેશમાં આવેલા અર્બિલ એરબેઝ પરથી બાકી બચેલા ૨,૫૦૦ સૈનિકો અને સલાહકારોની સંપૂર્ણ વિદાય થશે. ૨૦૧૭માં આઈએસઆઈએસનો પ્રાદેશિક પરાજય થયો હતો, પરંતુ તેના હજારો આતંકવાદીઓ આજે પણ સીરિયા અને ઈરાકની સરહદ નજીક અંબારના રણપ્રદેશમાં 'સ્લીપર સેલ્સ' તરીકે સક્રિય છે. અમેરિકી સેના પાસે અત્યાધુનિક સેટેલાઈટ ટ્રેકિંગ, સિગ્નલ ઈન્ટેલિજન્સ અને એર સપોર્ટ સિસ્ટમ છે. અમેરિકાના ગયા પછી ઈરાકી સેના માટે એકલા હાથે આ ગુપ્ત આતંકવાદી નેટવર્કને પરાસ્ત કરવું અત્યંત કઠિન બનશે. તેવી જ રીતે ઈરાકમાં આજે સૌથી મોટો રાજકીય અને લશ્કરી પ્રભાવ ઈરાન સમર્થિત સશસ્ત્ર જૂથોનો છે, જેને હશદ અલ-શાબી કહેવામાં આવે છે. આ જૂથો પાસે ૨,૦૦,૦૦૦થી વધુ સશસ્ત્ર લડવૈયાઓ છે અને તેમને ઈરાકી બજેટમાંથી નાણાં મળે છે.

અમેરિકી સેનાની હાજરી ઈરાન માટે એક મોટો અવરોધ હતી. વાપસી પછી તેહરાન માટે બગદાદ પર પોતાનું સંપૂર્ણ રાજકીય, ધાર્મિક અને લશ્કરી વર્ચસ્વ સ્થાપિત કરવાનો રસ્તો ખુલ્લો થઈ જશે. આ સિવાય ઉત્તર ઈરાકનો કુર્દિશ પ્રદેશ હંમેશા અમેરિકાનો મજબૂત પીઠબળ રહ્યો છે. કુર્દિશ પેશમરગા દળોએ આઈએસઆઈએસ સામેની લડાઈમાં અમેરિકાને સાથ આપ્યો હતો. વાપસી બાદ કુર્દ સમુદાય બગદાદની શિયા પ્રભુત્વ ધરાવતી સરકાર અને ઈરાની મિલિશિયાના સીધા દબાણ હેઠળ આવી શકે છે. જો આમ થશે તો ઉત્તર ઈરાકમાં નવું ગૃહયુદ્ધ થશે તેમાં બેમત નથી.

manoj1968@yahoo. ca

SUPER VISA MEDICAL INSURANCE
FOR PARENTS & GRAND PARENTS
WE REPRESENT ALL MAJOR INSURANCE COMPANIES OF CANADA

SUPER VISA
- Life Insurance
- Mortgage Insurance
- Disability Insurance
- Critical Illness Insurance

VISITOR VISA
- Visitor Insurance
- RRSP (Retirement Plan)
- RESP (Education Plan)

Secure your children's future and enroll in RESP & get thousands of dollars in Govt. Grants.
Guaranteed Money Back Plans / Non medical Plans are available
Persons with medical problems like Blood Pressure, Cholesterol Diabetes, Heart Problem can get insurance (Conditions apply)


MADHUSUDAN LAMA
647-833-4477


HETAL SHAH
416 -522-1676


ANIRUDH LAMA
416-822-2570

DESIGNED BY GUJARAT NEWSLINE

EFS Economical Financial Services
Ph : 416-746-4142
1694, Albion Road, Unit # 1, Etobicoke, ON, M9V 1B8
Email : info@economicalfinancial.com
Web : www.economicalfinancial.com



DIVINE YOGA
By Geeta
Children Yoga Class
Adult Yoga Class
Yoga Class Every Saturday and Sunday 8:30-9:30 AM
Join today on ZOOM!
: Classes Available :
One to One Individual and Therapeutic
Geeta Tailor
416-456-2261
Contact Geeta at
divineyogabygeeta@gmail.com
IG & FB: @divineyogabygeeta



# સુરત બન્યું અમેરિકાની ઊંઘ ઉડાવનાર 'ફેન્ટેનાઈલ' ડ્રગનું હબ!

## પેન્સિલની અણી જેટલો ડોઝ પણ બની શકે છે જીવલેણ, દવાનો કાયદેસર ઉપયોગ અને ભારતીય કાયદામાં છટકબારીને લીધે વધી રહેલું ઉત્પાદન

**સુરત**

ભારતનું ડાયમંડ અને ટેક્સટાઈલ સિટી સુરત હાલમાં અમેરિકન એજન્સીઓના રડાર પર આવી ગયું છે. સુરતમાં ગેરકાયદેસર રીતે ફેન્ટેનાઈલ બનાવવામાં ઉપયોગી કેમિકલ્સનો કારોબાર ખૂબ જ ઝડપથી વધી રહ્યો છે, જેણે અમેરિકન પ્રશાસનની ઊંઘ હરામ કરી દીધી છે. તાજેતરમાં જ અમેરિકન અધિકારીઓએ ગુજરાતના કેમિકલ હબ સાથે જોડાયેલી કેટલીક કંપનીઓ સામે કડક કાર્યવાહી કરી છે. આ કંપનીઓ મેક્સિકન ડ્રગ કાર્ટેલને આ અત્યંત પ્રાણઘાતક ડ્રગ્સ બનાવવા માટે જરૂરી કાચો માલ પૂરો પાડતી હતી. અગાઉ આ સપ્લાય ચીનથી થતી હતી, પરંતુ ચીને નિકાસ પર સખત પ્રતિબંધ મૂકતાં આ ગેરકાયદેસર નેટવર્કે હવે ભારત અને ખાસ કરીને ગુજરાત તરફ પોતાનો મોરચો વાળ્યો છે.




US ડ્રગ એન્ફોર્સમેન્ટ એડમિનિસ્ટ્રેશન(DEA)ના રિપોર્ટ અનુસાર, ફેન્ટેનાઈલ એટલું ખતરનાક ડ્રગ છે કે કોઈપણ વયસ્ક વ્યક્તિનો જીવ લેવા માટે માત્ર 2 મિલીગ્રામ જેટલી નાની માત્રા જ પૂરતી છે, જે એક પેન્સિલની અણી પર આવી શકે. આ ડ્રગ હેરોઈન કરતાં 50 ગણું અને મોર્ફિન કરતાં 100 ગણું વધુ અસરકારક છે. અમેરિકામાં 18થી 44 વર્ષની વયના લોકોમાં અચાનક થતાં મોત પાછળ આ મુખ્ય કારણ બની ગયું છે. US સેન્ટર્સ ફોર ડિસીઝ કન્ટ્રોલ એન્ડ પ્રિવેન્શન(CDC)ના જુલાઈના રિપોર્ટ પ્રમાણે, ઓવરડોઝથી થતાં કુલ મોતમાંથી આશરે 69% મૃત્યુ સિન્થેટિક ઓપિયોઈડ્સ અને ગેરકાયદે બનાવવામાં આવતા ફેન્ટેનાઈલના કારણે થઈ રહ્યા છે. તબીબી દૃષ્ટિએ ફેન્ટેનાઈલ એ સંપૂર્ણપણે ગેરકાયદેસર નથી. કેન્સરના દર્દીઓને અસહ્ય દુખાવામાંથી રાહત આપવા, ટ્રોમા અને એનેસ્થેસિયામાં તે ખૂબ મહત્ત્વનું તત્ત્વ છે. અમેરિકામાં તેના પર કડક નિયંત્રણ છે, જ્યારે ભારતમાં તે 'નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ એક્ટ' (NDPS) હેઠળ નિયંત્રિત થાય છે. જોકે, ગેરકાયદે કામ કરતાં તત્ત્વો ભારતની રેગ્યુલેટરી સિસ્ટમની છટકબારીઓનો લાભ ઉઠાવીને તે મેળવવામાં સફળ રહે છે.

# સુરતમાં રેસ્ટોરન્ટમાંથી મંગાવેલી સબજી ખાતાં 5ને ફૂડ પોઈઝનિંગ, બાળકીનું મોત

**સુરત**

સુરતના વરાછા વિસ્તારમાં રહેતા અશોક કળસરિયાના પરિવારે 15મી ઓગસ્ટની રાત્રે 'શીતલ રેસ્ટોરન્ટ'માંથી કાજુ અને પનીરનું પંજાબી શાક મંગાવ્યું હતું. આ ભોજન જમ્યાબાદ 16મી ઓગસ્ટના રોજ વહેલી સવારે અશોક અને તેની એક દીકરીને પેટમાં અસહ્ય દુ:ખાવો શરૂ થયો હતો. સવારે સ્થાનિક ક્લિનિકમાંથી સારવાર લીધા બાદ પણ રાહત મળી નહતી. આ દરમિયાન બપોર સુધીમાં પરિવારના અન્ય સભ્યોની તબિયત પણ લથડવા લાગી હતી. પરિવારની તબિયત વધુ બિગડતાં તબીબોની સલાહથી તેમને તાત્કાલિક વરાછાની સદવિચાર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જોકે, 17મી ઓગસ્ટની રાત્રે હોસ્પિટલમાં 5 વર્ષની માસૂમ દીકરી આર્યાનું મોત નીપજ્યું હતું. બાળકીના મોતથી પરિવારમાં ભારે શોક વ્યાપી ગયો છે. હાલ અશોક, તેનાં પત્ની અને તેની અન્ય બે મોટી પુત્રીઓ સદવિચાર હોસ્પિટલમાં સારવાર હેઠળ છે, જ્યાં તેમના મેડિકલ રિપોર્ટમાં પણ ફૂડ પોઈઝનિંગની પુષ્ટિ થઈ છે. ખોરાકની ગુણવત્તામાં બેદરકારી દાખવનાર રેસ્ટોરન્ટ સંચાલકો સામે સખત કાનૂની કાર્યવાહી કરવામાં આવે અને પરિવારને ન્યાય મળે તેવી અપીલ કરવામાં આવી છે.

# સેલવાસમાં પ્રેમી સાથે લગ્નની સંમતિ છતાં બે બહેનોએ નદીમાં ઝંપલાવ્યું: 1નું મોત, 1 ગંભીર

## પુખ્તવયની થયા બાદ લગ્ન કરાવવાની ખાતરી છતાં સગીરાઓએ પગલું ભરતા તર્ક વિતર્કો

**સેલવાસ**

સેલવાસ નજીક આવેલા રખોલી બ્રિજ પરથી બુધવારે બપોરે બે સગીર વયની પિતરાઈ બહેનોએ અગમ્ય કારણોસર પુલ પરથી 50થી 60 ફૂટ નીચે નદીમાં છલાંગ લગાવી દીધી હતી. ઘટનાની જાણ થતાં સ્થાનિક અને પોલીસ પહોંચી ગઈ હતી. બંને બહેનો નદીના પથ્થર પર પડવાને કારણે એકનું ઘટનાસ્થળ પર જ મોત થયું હતું. જયારે બીજી બહેનને નમો હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાઈ હતી. બંને પિતરાઈ બહેનોના પ્રેમ સંબંધની જાણ થતાં પરિવારજનોએ પુખ્તવયની થયા બાદ લગ્નની સંમતી આપ્યા બાદ પણ કેમ પગલું ભર્યું તે તપાસનો વિષય બન્યો છે.

પ્રાપ્ત અને પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, સેલવાસ-ખાનવેલ રોડ પરના રખોલી ગામે આવેલા પુલ પર પહોંચેલી બે સગીરાએ બુધવારે બપોરના સમયે ભેદી સંજોગોમાં નદીમાં છલાંગ લગાવી હતી. ઘટનાની જાણ થતાં અધિકારી સહિત પોલીસનો કાફલો પહોંચ્યો હતો. બંને પિતરાઈ બહેનોએ પુલ પરથી છલાંગ લગાવતા નદીના પથ્થર પર પડતા માથા અને શરીરના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. નોંધનીય છે કે, બંને પિતરાઈ બહેનના બે જુદા-જુદા યુવાન સાથે પ્રેમ સંબંધ હોવા અંગે પરિવારને જાણ થઈ હતી. જો કે, બંનેના પરિવારે પુખ્તવયની થયા બાદ લગ્ન કરાવવાની સંમતી આપી હોવા છતાં બંને બહેનોએ કેમ આ પગલું ભર્યું તે અંગે તપાસનો વિષય બન્યો છે.

# દમણ વાયુ સેનાનું રેસ્ક્યુ ઓપરેશન : દરિયામાં ડૂબતી બોટમાં સવાર 9 માછીમારોને ઉગારાયાં

## બચાવ કામગીરી કરતી વખતે દરમિયાન 3 માછીમારોને સામાન્ય ઈજાઓ થઈ હતી

**નવસારી**

નવસારીના ધોલાઈ બંદરથી માછીમારી કરવા ગયેલી જય માલા બોટમાં ટેકનિકલ ખામી સર્જાતા ભારતીય તટરક્ષક વાયુ સ્ટેશન, દમણની ટીમ દ્વારા સમુદ્રમાં એક મોટી દુર્ઘટના ટાળીને ડૂબી રહેલી માછીમારી બોટમાંથી 09 માછીમારોને સફળતાપૂર્વક સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા છે. તટરક્ષક દળની ત્વરિત અને સુસંકલિત કામગીરીના પરિણામે તમામ માછીમારોના જીવ બચી ગયા છે.

આજે મંગળવારે દમણ કોસ્ટ ગાર્ડ એર સ્ટેશનને એક ભારતીય ફિશિંગ બોટ દરિયામાં ડૂબી રહી હોવાની અને તેમાં 9 માછીમારો ફસાયા હોવાની તાકીદની માહિતી મળી હતી.



માહિતી મળતાં જ વિલંબ કયા વગર તટરક્ષક દળે ચેતક હેલિકોપ્ટરને ઘટનાસ્થળે રવાના ક્યું હતું. હેલિકોપ્ટરે નિધારિત સ્થળે પહોંચીને રેસ્ક્યુ ઓપરેશન શરૂ ક્યું અને તમામ 9 માછીમારોને સલામત રીતે એરલિફ્ટ કરી લીધા.

# સંજાણમાં ચોકી કરવા આવેલા તસ્કરોને લોકોએ જવેલર્સની દુકાનમાં પૂરી દીધા

## ગભરાયેલા ચોરોએ બચવા માટે પોલીસને ફોન કરી બોલાવ્યા

**ઉમરગામ**

ઉમરગામ તાલુકાના સંજાણ ગામે બી.જે.જ્વેલર્સ નામક સોના ચાંદીની દુકાન આવેલી છે. ગઈકાલે મંગળવારે મધરાતે બે તસ્કરો દુકાનમાં ઘુસ્યા હતા. જો કે બે શખ્સો દુકાનમાં ઘુસ્યા હોવાનું ધ્યાને આવતા યુવાન સહિત લોકો એકત્રિત થઈ ગયા હતા. જવેલર્સને પણ જાણ કરી દીધી હતી. લોકોએ દુકાનનો દરવાજો બહારથી બંધ કરી દીધો હતો. લોકો એકત્રિત થઈ જતા બન્ને તસ્કરો ગભરાય ગયા હતા. તસ્કરોએ જ 112 પર ફોન કરતા પોલીસની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. પોલીસ બન્ને આરોપીને પોલીસ મથકે લઈ ગઈ હતી. લોકોની સર્તકતાને કારણે ચોરીનો પ્રયાસ નિષ્ફળ રહ્યો હતો. આરોપી પાસેથી ચોરીના સાધનો મળી આવ્યા હતા. મધરાતે પોલીસે કરેલી પ્રાથમિક પુછપરછમાં શરૂઆતમાં બન્નેએ પોતાના નામો ખોટા જણાવ્યા હતા. કડકાઈ વાપરતા નામો જણાવતા પોલીસે આરોપી સામે અગાઉ ગુના નોંધાયા છે કે નહી ? અને આરોપીના ગુનાહિત ઈતિહાસ અંગે સઘન તપાસ શરૂ કરી ગુનો નોંધવા કવાયત આદરી છે.

# બારડોલી સુગર મિલની ચૂંટણીમાં ભાજપના સૂપડા સાફ : સત્તા પરિવર્તન

## ધારાસભ્ય ઈશ્વર પરમાર-ભાજપના પદાધિકારીઓ હાર્યા, 20 વર્ષથી વિદેશમાં રહેતા સભાસદે આવીને ઉમેદવારી કરી, વિજય મેળવ્યો

**સુરત**

જિલ્લાના બારડોલી ખાતે આવેલી એશિયામાં સૌથી વધુ શેરડી પીલાણ ક્ષમતા ધરાવતી બારડોલી સુગર ફેક્ટરીની વ્યવસ્થાપક સમિતિની 15 બેઠકો માટે સામાન્ય ચૂંટણી યોજાઈ હતી. છેલ્લા 10 વર્ષથી સત્તા પર રહેલી ભાજપપ્રેરિત 'સહકાર પેનલ' નો આ ચૂંટણીમાં કારમો પરાજય થયો છે અને 'કિસાન પરિવર્તન પેનલ' નો ઝળહળતો વિજય થયો છે. સહકાર પેનલની 1 બેઠક બિનહરીફ થયા બાદ બાકીની બેઠકો માટે યોજાયેલા મતદાનમાં તેમના ઉમેદવારોનો 263 થી 564 મતોના મોટા અંતરથી પરાજય થયો હતો.

શ્રી ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિ. (બારડોલી સુગર) ની ચૂંટણીમાં 10 વર્ષથી સત્તા સંભાળતા અને સહકાર પેનલના મોવડી સુરત જિલ્લા પંચાયતના માજી પ્રમુખ તેમજ સુરત જિલ્લા ભાજપ ઉપપ્રમુખ ભાવેશ પટેલ, સુરત જિલ્લા ખેડૂત સમાજના પ્રમુખ પરિમલ પટેલ અને માજી કેબિનેટ મંત્રી તથા બારડોલીના ભાજપ ધારાસભ્ય ઈશ્વર પરમાર સહિતના તમામ ડિરેક્ટરો ચૂંટણી મેદાનમાં ઉતર્યા હતા. જોકે, મુકેશ પટેલની નેતૃત્વ હેઠળની કિસાન પરિવર્તન પેનલે ભાજપ સમર્થિત તમામ દિગ્ગજ નેતાઓને પરાજય આપી મિલમાં સત્તાપરિવર્તન આણ્યું છે.

બારડોલી સુગર ફેક્ટરીમાં જ નોકરી કરીને 20 વર્ષથી વિદેશમાં સ્થાયી થયેલા ખેડૂત સભાસદ વિનોદચંદ્ર પટેલે અમેરિકાથી આવીને પરિવર્તન પેનલમાં બારડોલી બેઠક પરથી ઉમેદવારી નોંધાવી હતી. તેમણે સહકાર પેનલના ગિરીશ પટેલ સામે 403 મતોની મોટી સરસાઈથી વિજય મેળવ્યો હતો. આ ચૂંટણીમાં પણ દર વખતની જેમ વિદેશમાં સ્થાયી થયેલા ખેડૂત સભાસદોએ નિર્ણાયક ભૂમિકા ભજવી હતી.



# વડોદરાની સંસ્થાઓમાં બળવાના ડરથી ચૂંટણીઓ અટવાઈ

## સહકારી ક્ષેત્રમાં પ્રભુત્વ જમાવવા માટે ભાજપ દ્વારા મેન્ડેટ પ્રથાનો શરૂ થયેલો ખેલ હવે માથાનો દુખાવો બનવા માંડ્યો

**વડોદરા**

જિલ્લામાં અનેક સહકારી સંસ્થાઓમાં ભાજપના મેન્ડેટની અવગણના થાય તેવી સ્થિતિ સર્જાતાં આવી સંસ્થાઓના ચેરમેન-વાઈસ ચેરમેનની ચૂંટણીઓ લાંબા સમયથી ટાળવામાં આવી રહી છે.બરોડા ડેરીમાં પણ વર્તમાન બોર્ડના ડિરેક્ટરોને દબાવવા માટે નોટિસો આપવાના પ્રયાસની કોઈ અસર નહિ પડતાં આખરે તમામ ડિરેક્ટરોની મરજી મુજબ મેન્ડેટ આપવો પડયો હતો.

કરજણ એપીએમસીના ચેરમેનની બીજી ટર્મની ચૂંટણી લાંબા સમયથી યોજવામાં આવી નથી. ભાજપના કાર્યકરોમાં આ મુદ્દે વિવાદ સર્જાતાં આખરે ગઈ તા.૨૦મી જુલાઈએ ચેરમેન-વાઈસ ચેરમેનની ચૂંટણી જાહેર કરાઈ હતી.પરંતુ આ ચૂંટણીમાં વર્તમાન ચેરમેનને રિપીટ કરવાની સામે બળવો થાય તેવા સંજોગ સર્જાતાં નાટકીય ઢબે છેલ્લી ઘડીએ ચૂંટણી મુલતવી રાખવામાં આવી હતી અને હજી આ ચૂંટણીની નવી તારીખ જાહેર કરાતી નથી. આવી જ રીતે પાદરા એપીએમસીમાં ભાજપના મેન્ડેટવાળા ઉમેદવારોનો પરાજય થયો હતો અને તમામ ૧૦ બળવાખોરોનો વિજય થયો હતો.પરંતુ ૧૦ મહિના થવા આવ્યા છતાં હજી ચેરમેનની ચૂંટણી જાહેર થતી નથી.તો વડોદરા જિલ્લા સંઘમાં પણ ૯ મહિના પહેલાં ૧૩ ડિરેક્ટરો ચૂંટાઈ ગયા હોવા છતાં તેના પ્રમુખની ચૂંટણી જાહેર કરવામાં આવતી નથી.

### શિનોરની એપીએમસીમાં ચેરમેન અને ડિરેક્ટરો સામસામે


શિનોર એપીએમસીમાં મેન્ડેટથી બનેલા ચેરમેનના જૂથ અને બહુમતી ડિરેક્ટરો વચ્ચેની જૂથબંધી ચર્ચાનો વિષય બન્યો છે. ભાજપે મેન્ડેટ આપીને મુકેશ પટેલને ચેરમેન અને જયેશ પટેલને વાઇસ ચેરમેન બનાવ્યા હતા,જેથી ભાજપના કેટલાક આગેવાનો નારાજ પણ થયા હતા. એપીએમસીમાં તાજેતરમાં ચેરમેનના જૂથે સાધલી ખાતે જનસેવા બનાવવાનો નિર્ણય રજૂ કર્યો હતો.પરંતુ બહુમતી સભ્યોએ વિરોધ કરી આ ઠરાવને નામંજૂર કરાવ્યો હતો.

### બરોડા સેન્ટ્રલ બેન્કની છ મહિના વધારેલી ટર્મ પુરી થઇ ગઇ

બરોડા સેન્ટ્રલ કો.ઓ.બેન્કની ચૂંટણી પણ હજી જાહેર નહિ થતાં રાજકીય મોરચે ચર્ચાનો વિષય બન્યો છે. ૧૧૩ વર્ષ જૂની બરોડા સેન્ટ્રલ બેન્કની વડોદરા,છોટાઉદેપુર અને નર્મદા જિલ્લાની ૧૨૦૦ થી વધુ મંડળીઓ સભાસદ છે. આ બેન્કના વર્તમાન બોર્ડ ઓફ ડિરેક્ટર્સની પાંચ વર્ષની ટર્મ પુરી થતાં સરકારે જાન્યુઆરી-૨૦૨૬માં છ મહિનાની મુદત વધારી આપી હતી. આ ટર્મ પણ ગઇ તા.૨૭મી જૂલાઇએ પુરી થઇ ગઇ છે.પરંતુ ત્યારપછી પણ ચૂંટણી જાહેર કરવામાં આવી નથી.

# સૌરાષ્ટ્રમાં મેઘાની અછત : અપૂરતા વરસાદને કારણે દુષ્કાળના ભણકારા

**રાજકોટ**



સૌરાષ્ટ્રમાં ચાલુ વર્ષે મેઘરાજાએ આરંભથી જ નિરાશ કરતા ચોમાસું નબળું રહ્યું છે. મહત્વપૂર્ણ જેઠ અને અષાઢ બાદ શ્રાવણ મહિનો ચાલુ થઈ થયો છે અને ચોમાસાના મધ્યાહન સુધી આશાઓ જગાવતા રહેલા મેઘરાજાની ગતિવિધિઓ થંભી જતા હવે દુષ્કાળનું જોખમ દેખાઈ રહ્યું છે. અત્યાર સુધીમાં સૌરાષ્ટ્રમાં સરેરાશ માત્ર ૫૫.૯૧ ટકા વરસાદ જ નોંધાયો છે, જે કૃષિ પાક માટે ચિંતાજનક છે. સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં વરસાદની સ્થિતિ ખૂબ જ અસમાન છે. ભાવનગર જિલ્લો ૭૨.૪૬ ટકા સાથે મોખરે છે, જ્યારે દેવભૂમિ દ્વારકા જિલ્લો માત્ર ૬.૪૧ ટકા વરસાદ સાથે અત્યંત વિકટ સ્થિતિમાં છે. મોટાભાગના તાલુકાઓમાં સરેરાશ વરસાદ ૫૦ ટકાની આસપાસ જ અટકી ગયો છે, જે આવનારા સમયમાં જળ સંકટ અને પાક નિષ્ફળતાની ભીતિ જન્માવે છે.

# વડોદરાની હોટેલમાં બે ગે યુવકો રોકાયા એકનું મોત, વીજળી જતાં પડી ગયાની શંકા

## શરીર પર ઈજાના કોઈ નિશા નહીં, સાથીની પૂછપરછ; પોસ્ટમોર્ટમ બાદ કારણ સ્પષ્ટ થશે

**વડોદરા**

પાણીગેટ ખાટકીવાડ વિસ્તારમાં રહેતો યુવક અને ભાયલી ગામનો યુવક સોશિયલ મીડિયા મારફતે સંપર્કમાં આવ્યા હતા. બંને ગે હતા. બંને મોડી રાત્રે 3 વાગ્યાની આસપાસ દાંડિયાબજાર સ્થિત હોટેલમાં મળવા આવ્યા, તેમણે રૂમ બુક કરાવ્યો હતો.

દરમિયાન રાત્રે રૂમની લાઈટ જતી રહેતાં અંધારામાં વોશરૂમ તરફ જઈ રહેલા યુવકને ઠોકર વાગતાં તે નીચે પટકાયો હતો અને તેના માથા તેમજ



કપાળના ભાગે ઈજા પહોંચી હતી. વીજ પુરવઠો ન હોવાથી બંનેએ હોટેલ સ્ટાફને વિનંતી કરી રૂમ નંબર 302માં શિફ્ટિંગ કર્યું હતું. સવારે આશરે 7 વાગ્યે એક યુવકે હોટેલ રિસેપ્શન પર દોડી આવી તેનો સાથી બેભાન હોવાની બૂમાબૂમ કરી હતી અને 108 બોલાવવા જણાવ્યું હતું. હોટેલ સ્ટાફે તાત્કાલિક 108 અને પોલીસને જાણ કરી હતી. જોકે, 108ની ટીમે તપાસ બાદ યુવકને મૃત જાહેર કર્યો હતો. થોડીવારમાં પોલીસ પણ આવી પહોંચી હતી. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. એસીપી અશોક રાઠવાના જણાવ્યા મુજબ, મૃતક સાથે રહેલા યુવકના શરીર પર કોઈ ઝપાઝપી કે ઈજાના નિશાન નથી મળ્યા, છતાં સત્ય જાણવા તેની પૂછપરછ ચાલી રહી છે.

# મહેસાણામાં દલિત ડોક્ટર સાથે લવ મેરેજ કરનારી પાટીદાર યુવતીને પિયરિયાઓ ઢસડીને ઉઠાવી ગયા

## યુવતીની માતા સહિત 4 આરોપીઓની અટકાયત કરાઈ, અપહરણકર્તાની શોધ શરૂ

**મહેસાણા**

મહેસાણામાં ખાનગી હૉસ્પિટલના મેડિકલ ઑફિસર ડૉ. સ્મિત પરમાર અને પાલનપુરના સદરપુર ગામની ચાંદની પટેલે પરિવારની મરજી વિરુદ્ધ 4 મહિના પહેલા લવ મેરેજ કર્યા હતા. અલગ જ્ઞાતિમાં લગ્નથી નારાજ ચાંદનીના પિયરિયાંએ સાસરીમાં ઘૂસી તેનું અપહરણ કરી લેતાં ભારે ચકચાર મચી ગઈ હતી. 18 ઓગસ્ટના રોજ બપોરે ચાંદની સાસરે સાસુ સાથે હતી ત્યારે તેના પિતા જીતેન્દ્ર પટેલ, માતા નીતાબેન, કાકા નરેશભાઈ સહિતના લોકો બે કારમાં આવ્યા હતા. માતાની તબિયત ખરાબ હોવાનું બહાનું કાઢી ઘરમાં પ્રવેશ્યા બાદ, વાતચીત દરમિયાન ચાંદનીના વાળ પકડીને તેને બળજબરીપૂર્વક ઘરની બહાર ઢસડી કારમાં નાખીને ઉઠાવી ગયા હતા. ઝપાઝપી અને ભાગદોડ દરમિયાન ચાંદનીની માતા કારમાં ચડી શકી નહોતી. તેઓ નીચે પડી જતાં અન્ય આરોપીએ તેને ત્યાં જ મૂકીને ફરાર થઈ ગયા હતા. જોકે સમગ્ર ઘટનાક્રમ ડૉક્ટરના ઘરમાં લાગેલા સીસીટીવીમાં કેદ થઈ ગયો હતો. ડૉ. સ્મિતની માતાએ આ અંગે સત્તાવાર ફરિયાદ નોંધાવી હતી.

મહેસાણા એસપી હિમાંશુ સોલંકીના જણાવ્યા અનુસાર, યુવતીની માતા સહિત 4 આરોપીઓની અટકાયત કરવામાં આવી છે. અપહરણ કરવામાં આવેલી ચાંદની અને તેના પિતાને શોધવા માટે પોલીસની 3 ટીમો કામે લાગી છે અને ટૂંક સમયમાં તેમને પણ ઝડપી લેવામાં આવશે.

# ગુજરાત ભાજપમાં મોટો સંગઠનાત્મક ફેરફાર, તરુણ ચુગ રાજ્યના પ્રભારી

## જગદીશ પટેલને ઉત્તર પ્રદેશમાં મોટી જવાબદારી અપાઈ

**ગાંધીનગર**

ભાજપની ‘રાજકીય પ્રયોગશાળા’ ગણાતા ગુજરાતમાં સંગઠનાત્મક સ્તરે મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. લોકસભા ચૂંટણીના પરિણામો અને આગામી રાજકીય સમીકરણોને ધ્યાનમાં રાખીને કેન્દ્રીય ભાજપ નેતૃત્વે ગુજરાત ભાજપના પ્રભારી તરીકે કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવના સ્થાને રાજ્યસભાના સાંસદ તરુણ ચુગની નિમણૂક કરી છે. આ સાથે અમરાઈવાડીના પૂર્વ ધારાસભ્ય અને હાલના ભાજપના રાષ્ટ્રીય સચિવ જગદીશ પટેલને ઉત્તર પ્રદેશના સહ-પ્રભારી બનાવીને રાષ્ટ્રીય સ્તરે મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે. ગુજરાત ભાજપના પ્રદેશ પ્રભારી તરીકે લાંબા સમયથી જવાબદારી સંભાળતા ભૂપેન્દ્ર યાદવ કેન્દ્ર સરકારમાં મંત્રી હોવાના કારણે વ્યસ્ત રહેતા હતા. આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ તેમજ વિધાનસભા ચૂંટણીની વ્યૂહરચનાને અત્યારથી જ વધુ મજબૂત બનાવવા માટે ભાજપ હાઈકમાન્ડને સંગઠન પર મજબૂત પકડ ધરાવતા નેતાની જરૂરિયાત હતી.

# સંકલ્પભૂમિ આંબેડકર સ્મારકના લોકાર્પણમાં વિલંબ કેમ, સરકારને 4 માંગ સાથે રજૂઆત

## લોકાર્પણની તારીખ તાત્કાલિક જાહેર કરવાની માગ કરવામાં આવી

**વડોદરા**

વડોદરા શહેરની ઐતિહાસિક સંકલ્પભૂમિ ખાતે નિર્માણ પામેલા ડૉ.બાબાસાહેબ આંબેડકર સ્મારકનું કામ લાંબા સમયથી ચાલી રહ્યું હોવા છતાં તેનું સત્તાવાર લોકાર્પણ કરવામાં ન આવતા હવે સવાલો ઉઠ્યા છે. સંવિધાન બચાવો સમિતિ, વડોદરા દ્વારા ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના સચિવને રજૂઆત કરી સ્મારકની હાલની સ્થિતિ અંગે સ્પષ્ટતા કરવા તેમજ લોકાર્પણની ચોક્કસ તારીખ તાત્કાલિક જાહેર કરવાની માગ કરવામાં આવી છે. સમિતિએ રજૂઆતમાં જણાવ્યું છે કે સંકલ્પભૂમિ માત્ર એક સરકારી ઈમારત કે સામાન્ય પ્રોજેક્ટ નથી, પરંતુ ભારતના બંધારણના શિલ્પકાર ભારત રત્ન ડૉ.બાબાસાહેબ આંબેડકરના જીવનસંઘર્ષ, સામાજિક ન્યાય અને શોષિત-વંચિત સમાજના ઉત્થાનના સંકલ્પ સાથે જોડાયેલું ઐતિહાસિક સ્થળ છે. ગુજરાત સરકાર દ્વારા સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ મારફતે સ્મારકના નિર્માણ પાછળ કરોડો રૂપિયાની સરકારી રકમ ફાળવવામાં આવી છે. તેમ છતાં વર્ષો વીતી ગયા બાદ પણ સ્મારકનું લોકાર્પણ ન થતાં બાબાસાહેબના અનુયાયીઓમાં નારાજગી હોવાનું સમિતિએ જણાવ્યું છે.

# અમદાવાદના 28 વર્ષના નિપેક્ષની તપસ્યા માત્ર પાણીના સહારે 180 દિવસના ઉપવાસ

## દાદીના સંસ્કારોમાંથી પ્રેરણા મળી, 5 વાર પાલિતાણા ગિરિરાજની જાત્રા કરી

**અમદાવાદ**

અમદાવાદના ગોતા વિસ્તારમાં રહેતા અને મૂળ કલોલના વતની 28 વર્ષના યુવાન નિપેક્ષ શેઠે માત્ર ઉકાળેલા પાણીના આધારે 180 દિવસના અતિ કઠિન ઉપવાસની આરાધના કરી ધર્મજગતમાં એક અનોખો દાખલો બેસાડ્યો છે.

નિપેક્ષ શેઠે ગત 24 માર્ચ ના રોજ કાળઝાળ ગરમી વચ્ચે પાલિતાણા આદિનાથ દાદાના દરબારમાં 180 દિવસના ઉપવાસની શરુઆત કરી હતી. હાલમાં તેમના ઉપવાસનો 150મો દિવસ પૂર્ણ થઈ ચૂક્યો છે. તેઓ હજુ એક મહિનો માત્ર ઉકાળેલું પાણી ગ્રહણ કરીને અઠ્ઠાઈ સાથે આ તપસ્યા ચાલુ રાખશે અને આગામી 20 સપ્ટેમ્બરના રોજ પારણા કરશે. 180 દિવસની આ ઉગ્ર તપસ્યા દરમિયાન નિપેક્ષે પ્રથમ ઉપવાસ ઉપરાંત 36મા, 45મા, 99મા અને 115મા ઉપવાસે પાલિતાણાની જાત્રા કરી હતી. અગાઉ 5 વર્ષની ઉંમરે પ્રથમ અઠ્ઠાઈ કરનાર નિપેક્ષે 2017માં 36 ઉપવાસ અને ચતુર્માસમાં 51 ઉપવાસ પણ કર્યા હતા. શરુઆતના 3 થી 4 દિવસ ભૂખ અને અશક્તિને કારણે કઠિન હોય છે, પરંતુ 10 થી 11 દિવસ પછી મનોબળ મજબૂત થઈ જાય છે. તેમને નાનપણથી જ દાદી વિનોદાબેન પાસેથી જૈન ધર્મના કડક પાલનના સંસ્કારો મળ્યા હતા.

# કેશોદમાં ઘરકંકાસથી કંટાળી પતિએ પત્નીની હત્યા કરી પોતે પણ ટ્રેન સામે ઝંપલાવી દીધું

## વારંવાર કેસ કરવાની ધમકી આપતી પત્ની હત્યા કરી પતિએ વોટ્સએપમાં સ્ટેટસ મૂક્યું

**જૂનાગઢ**

ગુજરાતમાં ક્રાઈમની ઘટનાઓ વધી રહી છે, તેવામાં જૂનાગઢ જિલ્લામાં વધુ એક હત્યા અને આપઘાતની ઘટના પ્રકાશમાં આવી છે. કેશોદમાં એક યુવકે પોતાની પત્નીની હત્યા કરીને આપઘાત કર્યો હોવાનું પ્રકાશમાં આવ્યું છે. 27 વર્ષીય ગિરીશ બાલસે અર્બન હેલ્થ સેન્ટરના લેબ ટેકનિશિયન તરીકે કોંન્ટ્રાક્ટ બેઝ પર કામ કરતો હતો. ઘરની ઘરકંકાસથી ગિરીશ ખૂબ જ કંટાળી ગયો હતો. જેથી તેણે પત્નીના ત્રાસથી કંટાળીને આ પગલું ભર્યું હોવાનો વીડિયોમાં જણાવ્યું હતું. પત્નીએ તેને માનસિક રીતે એટલી પરેશાન કરતા હતી તે તેને હવે મરવા સિવાય કોઈ વિચાર નહોંતો આવતો તેવો વીડિયોમાં દાવો કર્યો છે.

ગિરીશ બાલસે પહેલા પત્નીને ગળાફાંસો આપીને હત્યા કરીને બાદમાં રેલ્વે ટ્રેક પર ટ્રેન નીચે ઝંપલાવીને આપઘાત કરી નાખ્યો હતો. આ સમગ્ર બાબતે તેને એક વીડિયો પણ બનાવ્યો તેમાં આ હત્યા અને આપઘાત શા માટે કર્યો તેનો ઉલ્લેખ કર્યો હતો. વાયરલ વીડિયોમાં તેણે એવું પણ કહ્યું કે, તેણે પત્નીની હત્યા નથી કરી પરંતું 'પત્નીનો વધ કર્યો છે'. આ વીડિયોની અત્યારે ભારે ચર્ચા થઈ રહી છે.

વાયરલ કરેલા વીડિયોમાં તેણે એવો પણ દાવો કર્યો કે તેની પત્ની તેને વારંવાર પોલીસ ફરિયાદ કરવાની ધમકીઓ આપતી હતી. એટલું જ નહીં પરંતુ પરિવારને પણ આ કેસમાં





ફસાવી દેવાનું કહેતી હતી. મને વારંવાર બચકા ભરતી અને માર પણ મારતી હતી. કાયદા મહિલાઓ માટેના હોવાથી તેનું કોઈ સાંભળતું નહોતું. પત્ની ભણેલી હતી અને કાયદા જાણતી હતી એટલે માત્ર હેરાન કરવા માટે આવું બધુ કરી રહી હતી. આખરે આ ઘરકંકાસનો અંત હત્યા અને આત્મહત્યાથી આવ્યો!

પોલીસે વીડિયોના આધારે મૃતકના ઘરે જઈને તપાસ કરી ત્યારે પત્ની વિજ્યાનો મૃતદેહ મળી આવ્યો હતો. પ્રાથમિક તપાસ પ્રમાણે આ હત્યા ગળું દબાવીને કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે પંચનામું કરી બંનેના મૃતદેહ પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડ્યા હતા. આ સાથે આગળની કાર્યવાહી પણ પોલીસે શરૂ કરી દીધી છે.

# જોડિયાના વાવડી ગામમાં વીજપોલ મુદ્દે વિરોધ : 75થી વધુ ખેડૂતોની અટકાયત

## વણસતી સ્થિતિ જોઈ પોલીસે બંદોબસ્ત ગોઠવી દીધો હતો

**જામનગર**

જામનગર જિલ્લાના જોડિયા તાલુકાના વાવડી ગામેથી પસાર થનારી નવી વીજલાઈન માટે વીજપોલ ઊભા કરવાની કામગીરી શરૂ થતાં જ ખેડૂતો અને ગ્રામજનોમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો. વીજપોલ નાખવાની કામગીરીનો વાવડી ગામના લોકોએ ઉગ્ર વિરોધ નોંધાવી સ્થળ પર વિરોધ પ્રદર્શન કર્યું હતું.

સ્થિતિ વણસતી જોઈને પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને ચુસ્ત બંદોબસ્ત ગોઠવી વિરોધ કરી રહેલા ખેડૂતો અને ગ્રામજનોની અટકાયત શરૂ કરી હતી. વાવડી ગામના ખેડૂતો પર પોલીસ કાર્યવાહી થયાના સમાચાર પ્રસરી જતા જોડિયા તાલુકાના અન્ય ગ્રામ્ય વિસ્તારોમાંથી પણ ખેડૂતો વાવડીના સમર્થનમાં પહોંચ્યા હતા.

લીંબુડા, કુનડ, કેસિયા અને ભાદરા સહિતના આસપાસના ગામોમાંથી મોટી સંખ્યામાં ખેડૂતો વાવડી ખાતે એકત્ર



થયા હતા અને વીજપોલ ઊભા કરવાની કામગીરી બંધ કરાવવાની માગ સાથે વિરોધ પ્રદર્શન કર્યું હતું. અટકાયત કરાયેલા ખેડૂતોને જોડિયા પોલીસ મથકે લઈ જવાયા હતા. જ્યારે કેટલાક ખેડૂતોને ધ્રોલ પોલીસ મથકે પણ લઈ જવામાં આવ્યા છે. જેમાં કેટલીક મહિલાઓનો પણ સમાવેશ થાય છે. હાલ વાવડી ગામમાં સંવેદનશીલ સ્થિતિને ધ્યાનમાં રાખીને ભારે પોલીસ કાફલો તૈનાત કરવામાં આવ્યો છે. એક તરફ ખેડૂતો પોતાની જમીન અને ખેતીના રક્ષણ માટે વીજલાઈનના થાંભલા સામે વિરોધ પર મક્કમ છે, તો બીજી તરફ પોલીસ તંત્ર દ્વારા કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે અટકાયતી કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.


Imperial PEST CONTROL
Serving Since 2006.
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs,
Silver Fish, Spiders & Fleas, Carpenter Ants.
Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon,
Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820



First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ
Brampton (West)
519, Ray lawson boulevard , Unit-3, Brampton ON L6Y 0N2
Chandni Chowk Plaza, ATN Wireless Board Door
Open Last Unit Ours
Phone 647-657-9631
------: MON-FRI : ------
11.00 AM to 7.00 PM
: SAT-SUN :
1.00 PM to 6.00 PM
Scarborough
880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex,
Phone 647-657-9631 905-673-9631
------: MON-THU : ------
2.00 PM to 7.00 PM
FRIDAY WEEKLY OFF
: SAT-SUN :
11.00 AM to 6.00 PM
we are back to Great Punjab
2980 DREW ROAD, UNIT 135
NEXT TO SWEET MASTER
--------: MON - FRI :--------
10 AM TO 7 PM
--------: SAT-SUN :--------
11AM TO 6PM
Bovaird
2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
CONTACT : 647-657-9631 / 905-673-9631
MON - FRI - 12 PM TO 7 PM, SAT - SUN - 11 AM TO 6 PM
MONDAY WEEKLY OFF
૬૪૭-૭૬૧-૧૩૧૭
www.firstflightcanada.com



સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS
Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.
Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# દારૂબંધી માત્ર કાગળ પર : ભાવનગર લઠ્ઠાકાંડમાં 7ના મોત

## મુખ્ય બુટલેગર ગૌતમ સોલંકીની ધરપકડ, ઉચ્ચ અધિકારીઓ સાથે ઇમરજન્સી બેઠક, સખત 'પ્લાન ઓફ એક્શન'ના આદેશ અપાયા

**ભાવનગર**

ભાવનગર જિલ્લામાં ડુપ્લીકેટ દારૂના સેવનના શંકાસ્પદ બનાવને પગલે વહીવટી તંત્ર અને પોલીસ તંત્રમાં દોડધામ મચી ગઈ છે. આવી દારૂનું સેવન કરતા 39 લોકોને અસર થઈ હોવાના અહેવાલ મળ્યા છે. 18 લોકો હાલ સારવાર હેઠળ છે, જ્યારે 7 વ્યક્તિઓના મોત થયા છે.ભાવનગર જિલ્લા કલેક્ટર ડૉ. મનીષ કુમાર બંસલના જણાવ્યા મુજબ, સમગ્ર મામલે તંત્ર દ્વારા ગંભીરતાથી કાર્યવાહી કરવામાં આવી રહી છે. ઘટનાની તપાસ દરમિયાન અત્યાર સુધીમાં 4 બુટલેગરોની અટકાયત કરવામાં આવી છે અને પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.ખાસ કરીને પોલીસ એ દિશામાં તપાસ કરી રહી છે કે, આટલી મોટી સંખ્યામાં દારૂનો સ્ટોક આવ્યો કેવી રીતે? આ ઘટનાને કારણે સમગ્ર રાજ્યમાં હડકંપ મચીગયો છે. ભાવનગર જિલ્લા પોલીસવડા નિતેશ પાંડેય દ્વારા ફરજમાં ઘોર



બેદરકારી અને નિષ્કાળજી દાખવનારા પાંચ પોલીસ કર્મચારીઓને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે.

આ ચકચારી મામલે વરતેજ પોલીસ સ્ટેશનમાં મુખ્ય સૂત્રધાર અને બુટલેગર ગૌતમ સોલંકી સહિત કુલ 21 ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા (BNS) ની વિવિધ ગંભીર કલમો તેમજ ગુજરાત પ્રોહિબિશન એક્ટની જોગવાઈઓ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે હાથ ધરેલી તપાસમાં મુખ્ય આરોપી ગૌતમ સોલંકી અને તેના અન્ય 20 સાગરીતોની સક્રિય સંડોવણી સામે આવી હતી. સરકારે DGP, IB ચીફ અને SMCના ઉચ્ચ અધિકારીઓ સાથે ઇમરજન્સી બેઠક યોજીને સખત 'પ્લાન ઓફ એક્શન' સાથે કામગીરી કરવા નિર્દેશ આપ્યા હતા.

દારૂની તપાસ કરતા ગાંધીનગર લેબમાંથી રિપોર્ટ એવા મળ્યા હતા કે, જપ્ત કરાયેલી બોટલમાં 38.59% મિથેનોલ અને માત્ર 0.94% ઇથેનોલ હોવાનું જાણવા મળ્યું છે. વધુમાં આ કેસમાં પકડાયેલા 13 આરોપીને લઈને પોલીસ અધિકારીઓ કોર્ટમાં પહોચ્યા હતા જ્યાં કોર્ટે તમામ 13ના 10 દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા.

### કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાની પ્રતિક્રિયા

# દારૂબંધીનો અમલ નહીં થાય તો પ્રદેશ કોંગ્રેસ રાજ્યવ્યાપી જનઆંદોલન કરશે

**અમદાવાદ**

ભાવનગરમાં થયેલા લઠ્ઠાકાંડ મુદ્દે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડાએ પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, આ ગાંધીજીનું ગુજરાત છે, જ્યાં દારૂબંધીનો કાયદો અમલમાં છે. પરંતુ હપ્તા લેતી આ સરકારના શાસનમાં દારૂબંધીના કાયદાના રોજેરોજ લીરેલીરા ઉડી રહ્યા છે. અગાઉ પણ ગુજરાતમાં અનેક વખત લઠ્ઠાકાંડ થયા છે અને ઝેરી તથા નકલી શરાબના કારણે અનેક નિર્દોષ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. છતાં સરકાર આ ઘટનાઓમાંથી કોઈ બોધપાઠ લેવા તૈયાર નથી.

ભાવનગરમાં નકલી અને ઝેરી દારૂના કારણે બે લોકોના મોત થયાની ઘટના સામે આવી છે. આ બે લોકોના મોત માટે જવાબદાર કોણ, તેવો સવાલ પણ તેમણે કર્યો હતો.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા દારૂબંધીના કાયદાના કડક અમલ માટે વારંવાર જાહેર કાર્યક્રમો કરવામાં આવ્યા છે. કોંગ્રેસના કાર્યકર્તાઓએ દારૂના અડ્ડાઓ પર જઈને જનતા રેડ કરી છે અને વિધાનસભામાં પણ વારંવાર દારૂબંધી, દારૂના ગેરકાયદે વેપાર અને ડ્રગ્સના મુદ્દા ઉઠાવવામાં આવ્યા છે. સરકાર હપ્તાની લાલચમાં દારૂબંધીના કાયદાનો કડક અમલ નહીં કરે, તો ગુજરાતની નવી યુવા પેઢીને દારૂ અને ડ્રગ્સના નશાથી બચાવવા માટે કોંગ્રેસ પાર્ટી જનઆંદોલનના સ્વરૂપમાં મેદાનમાં ઉતરશે. ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળ પર નહીં, પરંતુ જમીન પર પણ દેખાવી જોઈએ. દારૂબંધીના કાયદાનો કડક અને સંપૂર્ણ અમલ કરાવવાની આ લડાઈ કોંગ્રેસ જનતાની સાથે રહીને અંત સુધી લડશે, તેમ ચાવડાએ જણાવ્યું હતું.

### લઠ્ઠાકાંડ બાદ સરકાર સફાળી જાગી

# દારૂબંધી મુદ્દે રાજ્યવ્યાપી દરોડાના આદેશ ભાવનગર એસપી પાસે ખુલાસો મગાયો

**ભાવનગર**

ભાવનગરના ઘોઘાના ખરકડી ગામમાં દારૂ પાર્ટી બાદ નકલી દારૂ પીવાથી 4 લોકોના મોત નીપજ્યા છે. જ્યારે 18થી વધુ લોકો સારવાર હેઠળ છે. તેવામાં ભાવનગરમાં કથિત લઠ્ઠાકાંડ બાદ સરકાર સફાળી જાગી છે અને દારૂબંધી મુદ્દે રાજ્યવ્યાપી દરોડાના આદેશ કર્યા છે. તેમજ સમગ્ર કેસ મામલે જિલ્લા પોલીસ વડા પાસે ખુલાસો માગવામાં આવ્યો છે. ઘટનાની ગંભીરતાને પગલે પોલીસે બુટલેગરો અને સપ્લાયરો સહિત કુલ 13 લોકોને ઝડપી પાડ્યા છે, ત્યારે રાજ્યમાં હપ્તારાજના કારણે દારૂબંધીના લીરેલીરા ઉડી રહ્યા હોવા મામલે કોંગ્રેસે સરકાર પર આકરા પ્રહાર કર્યા છે.

ભાવનગરમાં કથિત લઠ્ઠાકાંડ મામલે ગાંધીનગરના સ્ટેટ કંટ્રોલ રૂમ દ્વારા ભાવનગર જિલ્લા પોલીસ વડા(SP) પાસે ખુલાસો માગવામાં આવ્યો છે. જેમાં આ ગંભીર બનાવ અંગે ગાંધીનગર સ્ટેટ કંટ્રોલ રૂમ અને ભાવનગર રેન્જ આઈજીને ટેલિફોનિક કે લેખિતમાં જાણ ન કરવાને મામલે સ્પષ્ટતા કરવા જણાવ્યુ છે.

સ્થિતિની ગંભીરતા જોતા ગૃહમંત્રીએ મંગળવારે(18 ઓગસ્ટ) મધરાતે અમદાવાદ બેઠક યોજી ઘટનાની તપાસ SMCને (સ્ટેટ મોનિટરિંગ સેલ) સોંપી છે અને SMCના SP મયુરસિંહ ચાવડાને તાત્કાલિક ભાવનગર રવાના કરાયા હતા. જેઓ ભાવનગર પહોંચી ગયા છે. ભાવનગર SP કચેરીએ રેન્જ આઈજી રાજેન્દ્ર અસારી, જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય અને SMCના SP મયુરસિંહ ચાવડા સહિતના ઉચ્ચ અધિકારીઓએ મિટિંગ યોજી સમગ્ર મામલે તપાસ શરૂ કરી છે.

## 5 પોલીસકર્મી સસ્પેન્ડ, બુટલેગર ગૌતમ સહિત 21 સામે ફરિયાદ

ઝેરી દારૂના સેવનના લીધે હાલ 18થી વધુ લોકો સિવિલ અને ખાનગી હૉસ્પિટલમાં સારવાર હેઠળ છે. તેવામાં પોલીસે સમગ્ર કેસ મામલે 21 શખસો સામે ફરિયાદ નોંધી છે અને SPએ 5 પોલીસકર્મીને સસ્પેન્ડ કર્યા છે. ભાવનગરમાં કથિત લઠ્ઠાકાંડ કેસમાં પોલીસે મુખ્ય બુટલેગર ગૌતમ સોલંકી સહિત 21 લોકો સામે BNS અને પ્રોહિબિશનની વિવિધ કલમ હેઠળ ગુનો નોંધ્યો છે. આ ઉપરાંત, જિલ્લા SPએ નીલમબાગ પોલીસ સ્ટેશનના એક અને વરતેજ પોલીસના 4 મળીને કુલ 5 પોલીસકર્મીને સસ્પેન્ડ કરી દેવાયા છે. પોલીસે ડુપ્લીકેટ દારૂનું વેચાણ કરતાં 4 બુટલેગરોને ડિટેઇન કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. કલેક્ટરે લોકોને અપીલ કરી છે કે રવિવાર અને સોમવારે જે લોકોએ આ ડુપ્લીકેટ દારૂનું સેવન કર્યું હોય તેમણે તાત્કાલિક તબીબી તપાસ કરાવવી અત્યંત મહત્ત્વનું છે.

## નકલી દારૂમાં કેમિકલ મિક્સ કરનાર 'ડોક્ટર'નું પણ મોત

ખરકડી ગામે રહેતા વિજયરાજસિંહ ગોહિલ પોલીસ ભરતીમાં સિલેક્ટ થતાં પોતાના મિત્રો ઉપેન્દ્રસિંહ ગંભીરસિંહ ગોહિલ, હરપાલસિંહ પ્રદીપસિંહ ગોહિલ અને જયદીપસિંહ રાજેન્દ્રસિંહ ગોહિલને પાર્ટી આપી હતી. જયદીપસિંહ સિવાયના ત્રણ મિત્રોએ રોયલ સ્ટેગ દારૂ પીધો હતો. જેમાં 18 ઓગસ્ટના રોજ ઉપેન્દ્રસિંહનું મોત નીપજ્યું હતું. આ આખું રેકેટ આર્થિક લાભ મેળવવા માટે સિન્ડિકેટ રચીને ચલાવવામાં આવતું હતું. વરતેજના નવા પ્લોટ વિસ્તારની આંબલીવાળી શેરીમાં રહેતા બુટલેગર ગૌતમ સોલંકી અને રઈસ વચ્ચે ભાવનગરમાં દારૂ બનાવવાની ડીલ થઈ હતી. કેમિકલનું મિશ્રણ તૈયાર કરવા માટે ઉજ્જૈનથી નરેન્દ્રસિંહ ઉર્ફે ડોક્ટર નામના વ્યક્તિને બોલાવ્યો હતો. કેમિકલ મિક્સ કરનાર નરેન્દ્રસિંહે પોતે પણ આ ઝેરી દારૂ પીધો હતો, જેના કારણે તેની તબિયત લથડતાં તેનું મોત નીપજ્યું હતું.

## FSL રિપોર્ટ આવ્યા પહેલાં લઠ્ઠાકાંડ જાહેર કરવા સામે ઊઠ્યા સવાલો!

ભાવનગરમાં FSL (ફોરેન્સિક) રિપોર્ટ આવ્યા પહેલા જ સમગ્ર કેસને 'લઠ્ઠાકાંડ' દર્શાવવા પાછળ પોલીસની ભૂમિકા સામે અનેક આશંકાઓ સેવાઈ રહી છે. કાયદાકીય નિષ્ણાતોના મતે, જો શહેરમાં બ્રાન્ડેડ બોટલોમાં ડુપ્લિકેટ અને ઝેરી વિદેશી દારૂ વેચાતો હોય, તો તે પ્રોહિબિશન ખાતા અને સ્થાનિક પોલીસની મસમોટી નિષ્ફળતા છતી કરે છે. પ્રેસ કોન્ફરન્સ દરમિયાન SMCના SP દ્વારા સમગ્ર ઘટનાને વારંવાર 'લઠ્ઠાકાંડ' તરીકે જ વર્ણવવામાં આવી હતી. અધિકારીના આ વલણ બાદ હવે લોકો પણ આ ઘટનાને નકલી વિદેશી દારૂના બદલે 'લઠ્ઠાકાંડ' હોવાનું માની રહ્યા હોય તેવું જોવા મળી રહ્યું છે. પરંતુ કાયદાકીય દ્રષ્ટિએ આટલી ઉતાવળે આ શબ્દપ્રયોગ કરવા પાછળ પોલીસ તંત્રની કોઈ મોટી ચાલ તો નથી ને? તેવા ગંભીર સવાલો ઊભા થયા છે.

### કરુણાંતિકા — વાડી વિસ્તારમાં લગભગ 11 જેટલા યુવકો જુગાર રમી રહ્યા ત્યારે ઘટના ઘટી

# ઉખલામાં જુગાર રમતી વખતે પોલીસ ત્રાટકતા ભાગો ભાગોની બૂમથી નાસભાગ : કૂવામાં પડતા 3 યુવકના મોત

**ભાવનગર**

ભાવનગરના ઉખલા ગામના વાડી વિસ્તારમાં મોડી રાત્રે અત્યંત કરુણ ઘટના બની હતી. વાડી વિસ્તારમાં 11 જેટલા યુવકો જુગાર રમી રહ્યા હતા ત્યારે અચાનક કોઈ કારણોસર 'ભાગો-ભાગો'ની બૂમો પડતાં નાસભાગ મચી હતી. પોલીસ આવી હોવા અથવા અન્ય કોઈ ભયના કારણે થયેલી આ ભાગદોડ દરમિયાન 3 યુવકો કૂવામાં ખાબકતાં તેમના મોત નીપજ્યાં હતા. ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી.

મળતી માહિતી મુજબ, મોડી રાત્રે ઉખલા ગામના વાડી વિસ્તારમાં 11 જેટલા યુવકો ભેગા થઈ જુગાર રમી રહ્યા હતા. આ દરમિયાન અચાનક ભાગદોડ શરૂ થતાં યુવકો જીવ બચાવવા દોડ્યા હતા. આ નાસભાગમાં રાહુલ ચૌહાણ, નિલેશ ડાભી અને અજીતસિંહ કૂવામાં પડી ગયા હતા અને ત્રણેયના મોત નીપજ્યાં હતા. ઘટનાની જાણ થતાં મૃતકોના પરિવારજનો તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા. પરિવારજનોના આક્રંદથી હોસ્પિટલ પરિસરમાં ગમગીની છવાઈ ગઈ હતી. વરતેજ પોલીસના જણાવ્યા અનુસાર, ઉખલા ગામે મોડી રાત્રે વાડી વિસ્તારમાં કેટલાક લોકો એકઠા થયા હતા. સવારે વાડી વિસ્તારમાં મૃતદેહ પડ્યો હોવાની માહિતી મળતાં પોલીસ ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. તપાસ દરમિયાન પોલીસને 3 યુવકોના મૃતદેહ મળી આવ્યા હતા. પોલીસે મૃતદેહોને કબજામાં લઈ વધુ તપાસ હાથ ધરી છે. દરમિયાન જુગાર રમતી વખતે પોલીસ દ્વારા રેડ પાડવામાં આવી હોવાના આક્ષેપો પણ થયા હતા.

## પાલિતાણાના શેત્રુંજય પર્વતના રસ્તે હવે સિંહોની નજર રખાશે

**પાલિતાણા**

વિશ્વપ્રસિદ્ધ યાત્રાધામ અને જૈન તીર્થ પાલિતાણામાં આવેલા શેત્રુંજય પર્વત પર છેલ્લા થોડા સમયથી એશિયાઈ સિંહોની અવરજવર જોવા મળે છે ત્યારે હવે ગુજરાત સરકાર ત્યાં યાત્રાળુઓની સુરક્ષા માટે ડ્રોન અને વૉચ-ટાવર સહિતની સુવિધા ઊભી કરશે. યાત્રાળુઓની સુરક્ષા માટે ગાંધીનગરમાં ગુજરાતના વન અને પર્યાવરણપ્રધાન અર્જુન મોઢવાડિયાની અધ્યક્ષતામાં રાજ્ય કક્ષાના પ્રધાન પ્રવીણ માળીની ઉપસ્થિતિમાં આણંદજી કલ્યાણજી પેઢીના જૈન આગેવાનો સાથે મંગળવારે બેઠક યોજાઈ હતી. આ બેઠક વિશે અર્જુન મોઢવાડિયાએ કહ્યું હતું કે 'પાલિતાણાના શેત્રુંજય પર્વત પર યાત્રાળુઓની સુરક્ષા માટે ડ્રોન દ્વારા નિરીક્ષણ, ૪ વૉચ-ટાવર, ૪ સેન્ટર કમ કેબિન તેમ જ સતત ટ્રૅકિંગ-સ્કેનિંગ દ્વારા સિંહોની અવરજવર પર નજર રાખવાની વ્યવસ્થા કરવામાં આવશે.

# સ્વદેશ

FRIDAY, 21 AUGUST 2026






## વિક્રાંત મેસી શ્રી શ્રી રવિશંકરની ભૂમિકામાં

બેંગલુરુ : વિક્રાંત મેસીએ તાજેતરમાં એક કાર્યક્રમ દરમિયાન પોતાની આગામી ફિલ્મ ‘વ્હાઇટ’ વિશે વાત કરી હતી. ફિલ્મમાં તે શ્રી શ્રી રવિશંકરની ભૂમિકા ભજવવાનો છે. આ ફિલ્મ માટે તેણે રવિશંકરના જીવનના એક એવા અધ્યાય વિશે જાણ્યુ, જેના વિશે તે અગાઉ અજાણ હતો. વિક્રાંતના જણાવ્યા અનુસાર, ફિલ્મના નિર્માતા મહાવીર જૈને ફિલ્મ હજુ વિકાસના તબક્કામાં હતી ત્યારે તેને આ પ્રોજેક્ટ સાથે પરિચિત કરાવ્યો હતો. સ્ક્રિપ્ટ વાંચ્યા બાદ તે ખાસ કરીને લેટિન અમેરિકામાં રવિશંકરના પ્રભાવથી પ્રભાવિત થયો હતો.

## ‘મારી દીકરીને જાણીજોઇને ટાર્ગેટ કરાઈ’: શત્રુઘ્ન સિંહા



મુંબઈ : દિલ્હીમાં વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શનનું સમર્થન કર્યા બાદ અભિનેત્રી સોનાક્ષી સિંહાને સોશિયલ મીડિયા પર ભારે ટ્રોલિંગનો સામનો કરવો પડ્યો હતો. હવે આ સમગ્ર વિવાદ પર તેના પિતા, જાણીતા અભિનેતા અને તૃણમૂલ કોંગ્રેસના નેતા શત્રુઘ્ન સિંહા પોતાની દીકરીના ખુલ્લા સમર્થનમાં આવ્યા છે. મીડિયા સાથેની વાતચીતમાં તેમણે ટ્રોલર્સ પર આકરા પ્રહારો કર્યા હતા અને ભાજપના આઈટી સેલ પર પૈસા આપીને દીકરીને ટ્રોલ કરાવવાનો ગંભીર આરોપ મૂક્યો હતો. સાથોસાથ, તેમણે સોનાક્ષીના રાજકારણમાં પ્રવેશ અંગે પણ મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું, “હું કહી શકતો નથી. પહેલાં હું તેને પૂછતો હતો. હું ફક્ત એટલું કહી શકું છું કે તે એક કાબિલ પિતાની સૌથી કાબિલ દીકરી છે.”

## શૂટિંગ દરમિયાન કાર્તિક આર્યન ગંભીર રીતે ઈજાગ્રસ્ત



મુંબઈ : બોલિવૂડ એક્ટર કાર્તિક આર્યન જાણીતા ડિરેક્ટર કબીર ખાનની આગામી અનટાઈટલ્ડ સ્પોર્ટ્સ ડ્રામા ફિલ્મના શૂટિંગ દરમિયાન ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો છે. મુંબઈમાં ફિલ્મના શૂટિંગના અંતિમ તબક્કા દરમિયાન તેના ઘૂંટણમાં ગંભીર ઈજા થઈ છે, જેના પગલે તેને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે અને ટૂંક સમયમાં તેના ઘૂંટણની સર્જરી કરવામાં આવશે. ફિલ્મનું શૂટિંગ પૂર્ણતાના આરે હતું અને છેલ્લા 2 દિવસ માટે મહત્ત્વપૂર્ણ એક્શન દૃશ્યો શૂટ કરવાના બાકી રાખવામાં આવ્યા હતા. કાર્તિક આ ખાસ સીન માટે એક્શન કોચ સાથે સઘન ટ્રેનિંગ લઈ રહ્યો હતો. જોકે, એક્શન સીનના શૂટિંગ દરમિયાન અચાનક તેના ઘૂંટણમાં ગંભીર ઈજા પહોંચી હતી. કબીર ખાનની સ્પોર્ટ્સ ડ્રામા ફિલ્મ ઉપરાંત કાર્તિક આર્યન પાસે અન્ય મોટા પ્રોજેક્ટ્સ પણ લાઈનઅપમાં છે: કરણ જોહરની ‘નાગઝિલા’ અને કેપ્ટન ઈન્ડિયામાં નજરે પડશે.

# અદિતી રાવ હૈદરી : સ્ત્રી વગર સિનેમા અને લાઇફ બન્ને અધૂરાં છે



ભારતીય ફિલ્મોમાં મહિલાઓની સશક્ત ભૂમિકા પ્રમાણમાં ઓછી જોવા મળે છે. જોકે કેટલીક ફિલ્મો એવી બની છે જેમાં નાયિકાનું પાત્ર અને કથા કેન્દ્રસ્થાને હોય, જેમ કે ‘બંદિની’, ‘મધર ઈન્ડિયા’, ‘પાકીઝા’, ‘આંધી’, ‘ઔરત’, ‘ભૂમિકા’, ‘ક્વીન’ અને ‘કહાની’.

‘આપણી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં જે પરિવર્તન આવી રહ્યું છે તે આપોઆપ નથી થઈ રહ્યું. કોઈ પણ મહિલા કલાકારે માત્ર પૈસા માટે નહીં, પણ પોતાની લાંબા ગાળાની કારકિર્દીને ધ્યાનમાં રાખીને ફિલ્મોની પસંદગી કરવી જોઈએ.’

અભિનેત્રી અદિતિ રાવ હૈદરીને જોકે આનંદ છે કે હાલના તબક્કે ભારતીય સિનેમામાં હિરોઈનો માટે સશક્ત અને મહત્વના પાત્રો લખવાની પરંપરા શરૂ થઈ છે. અદિતિ કહે છે, ‘હું સ્પષ્ટપણે માનુ છું કે નારી વગર જીવન શક્ય નથી અને મહિલા વિના કોઈ ફિલ્મની વાર્તા પણ પૂરી થઈ શકતી નથી. આપણી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં જે પરિવર્તન આવી રહ્યું છે તે આપોઆપ નથી થઈ રહ્યું. કોઈ પણ મહિલા કલાકારે માત્ર મોટા પૈસા માટે નહીં, પણ પોતાની લાંબા ગાળાની કારકિર્દીને ધ્યાનમાં રાખીને ફિલ્મોની પસંદગી કરવી જોઈએ.’

પોતાની વિચારધારા વિશે વાત કરતા તે કહે છે, ‘મારા માટે સિનેમા અને કલા સદાય સર્વોપરી રહેશે. કોઈ પણ કલાકાર પોતાની આંતરિક પ્રતિભા અને માનવીય સંવેદનાના સન્માન સાથે ઉત્તમ સામાજિક સંદેશ આપતી વાર્તા પસંદ કરે અને રાહ જુએ, તો તેને ચોક્કસ સારું કામ મળે જ છે. બસ, પોતાના સિદ્ધાંતો પ્રત્યે પ્રામાણિક રહેવું જરૂરી છે.’

અદિતિ આગળ ઉમેરે છે, ‘બોલિવુડ સહિત અન્ય પ્રાદેશિક ફિલ્મોમાં હજુ પણ નારીકેન્દ્રી ફિલ્મો બનાવવામાં ખચકાટ અનુભવાય છે. ફિલ્મસર્જકો આજના આધુનિક યુગમાં પણ લોકપ્રિય હીરો સાથેની ફિલ્મો બનાવવામાં જ પોતાની સલામતી માને છે, કારણ કે તેમને દ્વિધા હોય છે કે દર્શકો મહિલાપ્રધાન ફિલ્મોને સ્વીકારશે કે કેમ. મારા મતે આજે ભારતની દીકરીઓ આંતરરાષ્ટ્રીય સ્તરે કોર્પોરેટ ક્ષેત્રે, રમતગમતમાં, સાયન્સ-ટેકનોલોજીમાં અને લશ્કરમાં અસાધારણ સફળતા મેળવીને દેશનું ગૌરવ વધારી રહી છે. આવા સંજોગોમાં ફિલ્મ ક્ષેત્રમાં પણ મહિલાઓનું સન્માન વધે તે આવકારદાયક છે. ફિલ્મસર્જકોએ પરિવાર અને સમાજના વિકાસમાં નારીના યોગદાનને ધ્યાનમાં રાખીને યાદગાર ફિલ્મોનું સર્જન કરવું જોઈએ. હીરોઈનોને ફિલ્મોમાં હીરોની સમાંતર પાત્ર આપવું જોઈએ, એમને માત્ર મનોરંજનનું સાધન ન બનાવવી જોઈએ.’

અદિતિનું સમગ્ર ધ્યાન અત્યારે તો ઘણી બધી ફિલ્મો કરવાને બદલે ઓછી પરંતુ ઉત્તમ વાર્તા ધરાવતી ફિલ્મોમાં યાદગાર ભૂમિકાઓ ભજવવા પર છે. ‘હું એવાં પાત્રો કરવા ઈચ્છું છું જેને દર્શકો વર્ષો સુધી યાદ રાખે. સંજય લીલા ભણસાલીની સિરીઝ ‘હીરામંડી’ (૨૦૨૪) પછી પણ મારે સારી વાર્તા માટે રાહ જોવી પડી છે.



# તાપસી પન્નુ ગાંધારીમાં આંખે પાટા બાંધી એક્શન દૃશ્યો કરશે

મુંબઈ : તાપસી પન્નુ તેની આગામી એક્શન થ્રીલર ‘ગાંધારી’માં આંખે પાટા બાંધીને એકશન સિકવન્સ કરશે. મૂળ મહાભારતના પાત્ર ગાંધારી પરથી પ્રેરિત આ ફિલ્મમાં આધુનિક માતાની વેરપિપાસા તાપસી પન્નુના પાત્ર દ્વારા વ્યક્ત કરવામાં આવશે. નિર્માત્રી કનિકા ધિલ્લોન અને એક્ટ્રેસ તાપસી પન્નુની જોડીની આ છટ્ઠી ફિલ્મ છે. તાપસીએ જણાવ્યું હતું કે મેં નવ વર્ષ અગાઉ છેલ્લી એક્શન ફિલ્મ કરી હતી. હું હવે જાસૂસની ભૂમિકા બાદ વધારે મજબૂત ભૂમિકાની શોધમાં હતી. તાપસી મજબૂત ભૂમિકાઓ શોધી પોતાની કેરિયરને પાટે ચઢાવવાની કોશીશ કરતી રહે છે. જોકે, તાપસીની સમસ્યા એ છે કે મોટાભાગની ફિલ્મોમાં તેની એક્ટિંગ વખણાય છે પરંતુ તેને ટિકિટબારી પર ધારી સફળતા મળતી નથી. આથી તેના પર એક ફલોપ એક્ટ્રેસનું લેબલ લાગી ગયું છે. જોકે, આમ છતાં તાપસી પ્રયોગાત્મક ફિલ્મો કરવાનું ચાલુ રાખી રહી છે. કનિકા ધિલ્લોને જણાવ્યું હતું કે માતાના પ્રેમ અને તેની હિંસકતાની વાત આ થ્રીલરમાં રજૂ કરવામાં આવશે.

# એકધારા કામની વચ્ચે ક્રિયેટિવ વિરામ લેવો જરૂરી



વિઆરિયાના ગ્રાન્ડે આજે દુનિયાની સૌથી પોપ્યુલર સિંગર-પર્ફોર્મર્સ પૈકીની એક ગણાય છે. થોડા વખત પહેલાં જ એણે ‘ઈટર્નલ સનશાઈન’ ટૂર પૂર્ણ કરી. આ ગ્રેમી અવોર્ડ વિનર સિંગરે નક્કી કર્યું છે કે હવે એ પબ્લિકની નજરથી થોડો સમય ઓજલ રહેશે. એ સ્ટીફન સોન્ડહેમની પ્રસિદ્ધ મ્યુઝીકલ ‘સન્ડે ઈન ધી પાર્ક વિથ જ્યોર્જ’ની આગામી વેસ્ટ એન્ડ રિવાઈવલમાંથી પાછી હટી ગઈ છે. આજકાલ ઈન્ટરનેટ પર તેનું અંગત જીવન અને સ્વાસ્થ્ય વિશે ખૂબ ચર્ચાઓ થઈ રહી છે તેનું કારણ આ જ.

ગ્રાન્ડેએ આપેલી જાણકારી અનુસાર, એની ટૂર ૧લી સપ્ટેમ્બરે પૂર્ણ થશે. પછી તે લાઈવ પરફોર્મન્સમાંથી બ્રેક લેશે. તેણે આ ટૂરના અનુભવને મહત્ત્વનો ગણાવ્યો, પણ એને સતત લોકોની નજરોનો પણ સામનો કરવો પડયો. છેલ્લા એક વર્ષ દરમ્યાન ગ્રાન્ડેના શારીરિક દેખાવ બાબતે ચર્ચા થતી રહી છે. ‘પેટલ’ ગીત માટે તેનો નવો મ્યુઝિક વીડિયો રિલીઝ થયા પછી અનેક ચાહકોએ તેના દુબળા શરીર વિશે ચિંતા વ્યક્ત કરી હતી. જુલાઈમાં રજૂ થયેલું આરિયાનાના આલ્બમ ‘પેટલ’માં લોકપ્રિયતા સાથેના તેના કોમ્પ્લિકેટેડ સંબંધની ઝલક મળે છે.

તાજેતરના વરસોમાં ગ્રાન્ડેની કરીઅર અત્યંત વ્યસ્ત રહી છે. ૨૦૨૪માં પોતાના સાતમા સ્ટુડિયો એલ્બમ ‘ઈટર્નલ સનશાઈન’ રિલીઝ કરવા ઉપરાંત, તેણે ‘વિકેડ’ ફિલ્મોની સિરીઝ કરીને હોલિવુડમાં પણ એક મોટુ પગલુ ભર્યું. ‘વિકેડ’ ફિલ્મના પહેલા ભાગમાં ગ્લિન્ડાના પાત્ર માટે તેને બેસ્ટ સપોટગ અભિનેત્રી માટે તેને ઓસ્કર નામાંકન પણ મળ્યું. ૨૦૨૫માં રજૂ થયેલી ‘વિકેડ: ફોર ગુડ’માં પણ એનું કામ વખણાયું. સ્ટેજ અને થિયેટરના કામોથી દૂર રહેવા છતાં ગ્રાન્ડેની અભિનય સફર તો ચાલી જ રહી છે. એ હવે હોલિવુડના દિગ્ગજ કલાકારો રોબર્ટ ડી નીરો અને બેન સ્ટિલર સાથે ૨૫ નવેમ્બરના રોજ રજૂ થનારી ‘ફોકર-ઈન-લો’માં દેખાશે.








હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા ક્લેવર

નિહાળો નીત નવા રૂપરંગમાં !!

માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!

રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!

www.swadesh.news

સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો


info@swadesh.news


## આર્થિક નુકસાની ભોગવતી દુનિયાએ 'ઇકોલોજિકલ સંકટ'ને ટાળવું પડશે

# હોર્મુઝમાં ફસાયેલા જહાજો જ સુપર સ્પ્રેડર બનવાનો ખતરો

**પ્રાંસગિક**
**ધવલ શુક્લ**

ઈરાન-અમેરિકા અને ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલાં સંઘર્ષને કારણે છેલ્લાં અનેક મહિનાથી હોર્મુઝની ખાડીમાંથી જહાજોની થતી અવર જવર અટકી પડી છે. હોર્મુઝ પર નિયંત્રણ ઈચ્છતા ટ્રમ્પ સામે ઈરાને પણ આ વેળા બરાબર ઝીંક ઝીલી છે. તેથી લાંબા સમયથી ખાડી બંધ રહેતા ક્રૂડ, ગેસ સહિતની ચીજવસ્તુઓની હેરફેરને માઠી અસર પડતાં અનેક દેશોમાં મોંઘવારી વધવા સાથે બજેટ ખોરવાયા છે. હવે આ ખાડીમાં લાંબા સમયથી અટવાયેલા જહાજો એક મોટુ જોખમને દુનિયામાં લાવી શકે છે.



ખાડી બંધ રહેવાને કારણે પર્શિયન ગલ્ફમાં લાંબા સમયથી ૧,૫૦૦થી વધુ કોમર્શિયલ જહાજો અટકી પડ્યા છે. આ જહાજોમાં અનેક કર્મચારીઓ પણ છે. જેઓ હવે બિમારીનો ભોગ બની શકે છે. જ્યારે જહાજો લાંબા સમય સુધી સમુદ્રમાં એક જ જગ્યાએ ઊભા રહે છે, ત્યારે તેમના નીચેના ભાગ પર દરિયાઈ જીવો, શેવાળ, પરોપજીવીઓ અને અન્ય સૂક્ષ્મજીવો ચોંટવા લાગે છે. તેને બાયોફાઉલિંગ કહેવામાં આવે છે. જાણકારોના મતે હવે ભય જ એ છે કે, હોર્મુઝની ખાડી ખુલ્યા પછી જ્યારે આ જહાજો અલગ-અલગ દેશોના બંદરો તરફ રવાના થશે, ત્યારે તેમની સાથે આ જીવો પણ હજારો કિલોમીટર દૂર સુધી પહોંચી શકે છે. તેના દ્વારા વ્યાપક બિમારી અથવા તો અજ્ઞાત બિમારીઓ ફેલાવાનો ભય ઉભો થાય તેવી શક્યતા વધુ છે. સમુદ્રમાં રહેતા મોટાભાગના જીવો તેમની સ્થાનિક ઈકોસિસ્ટમનો ભાગ હોય છે. પરંતુ જો કોઈ બાહ્ય પ્રજાતિ કોઈ નવા દરિયાઈ ક્ષેત્રમાં પહોંચી જાય, તો ત્યાં તેનો કુદરતી શિકારી ન હોવાને કારણે તે ઝડપથી ફેલાઈ શકે છે.

આનાથી સ્થાનિક માછલીઓ, દરિયાઈ વનસ્પતિ અને અન્ય જીવો માટે જોખમ ઊભું થઈ શકે છે. આ ઉપરાંત તેની અસર માત્ર સમુદ્ર પૂરતી સીમિત નહીં રહે. મત્સ્યપાલન, જળચર ઉછેર, દરિયાકાંઠાના ઉદ્યોગો અને તેની સાથે જોડાયેલી અર્થવ્યવસ્થા પણ ચપેટમાં લઈ શકે છે. હોર્મુઝ ખાડી બંધ રહેવાને કારણે સર્જાયેલી સ્થિતિમાં વૈજ્ઞાનિકો લાંબા સમય સુધી ખાડીમાં ઊભેલા જહાજોને સંભવિત 'સુપર-સ્પ્રેડર' માની રહ્યા છે.

પર્શિયન ખાડીનું ગરમ દરિયાઈ વાતાવરણ બાયોફાઉલિંગ માટે અનુકૂળ માનવામાં આવે છે. એટલે કે, જહાજો જેટલા લાંબા સમય સુધી અહીં ઊભા રહેશે, તેમની સપાટી પર દરિયાઈ જીવો અને વનસ્પતિઓ જમા થવાની શક્યતા વધશે. પર્શિયન ખાડીમાં પહેલેથી જ ૫૦થી વધુ બિન-સ્થાનિક દરિયાઈ પ્રજાતિઓ હાજર હોવાનું કહેવાય છે. આવા સંજોગોમાં અહીં લાંબા સમયથી અટવાયેલા જહાજો જ્યારે વિશ્વના અન્ય ભાગોમાં જશે ત્યારે તેમની સાથે નવા દરિયાઈ જીવો પહોંચવાનું જોખમ વધી શકે છે. વિશ્વમાં દરિયાઈ વેપારના એવા ઘણા માર્ગો છે, જેને 'ચોક પોઈન્ટ' કહેવામાં આવે છે. આ માર્ગો અવરોધાતાં જહાજોની અવરજવર ખરાબ રીતે પ્રભાવિત થાય છે.

મોટાભાગના ચોક પોઈન્ટ માટે વૈકલ્પિક માર્ગો ઉપલબ્ધ છે, પરંતુ કેટલાક એવા દરિયાઈ માર્ગો છે, જ્યાં વિકલ્પો અત્યંત મર્યાદિત અથવા વ્યવહારુ રીતે ઉપલબ્ધ નથી. હોર્મુઝની ખાડી પણ આ અત્યંત મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગોમાં સ્થાન ધરાવે છે. આ ઉપરાંત ઓરેસુંડ, બોસ્ફોરસ-ડાર્ડેનેલ્સ અને બોહાઈ જેવા માર્ગો પણ વૈશ્વિક દરિયાઈ વેપાર માટે વ્યૂહાત્મક મહત્વ ધરાવે છે. ઈતિહાસમાં દરિયાઈ માર્ગો લાંબા સમય સુધી ખોટકાઈ જવાના ભૂતકાળમાં પણ ઘણા કિસ્સા બન્યા છે. સુએઝ નહેરમાં ૨૦૨૧નો અકસ્માત અને પનામા નહેરમાં દુષ્કાળને કારણે સર્જાયેલી પરિસ્થિતિઓને કારણે દરિયાઈ પરિવહનમાં કોઈ એક મહત્વપૂર્ણ માર્ગનો અવરોધ કેટલી મોટી સમસ્યા બની શકે છે તે દુનિયાએ જોયું છે. પરંતુ હોર્મુઝના કિસ્સામાં જહાજોનું લાંબા સમય સુધી એક જ વિસ્તારમાં સ્થિર ઊભા રહેવું હવે મોટી સમસ્યા નોતરી શકે છે.

સંશોધન મુજબ, હોર્મુઝમાંથી નીકળ્યા પછી તરત જ જહાજો દ્વારા ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડ સુધી આ ખતરો પહોંચવાની શક્યતા ઓછી હોઈ શકે છે. પરંતુ સમય જતાં ઘણા જહાજો આ દેશોના બંદરો સુધી પહોંચી શકે છે. બંને દેશોમાં દરિયાઈ જૈવ-સુરક્ષાને લઈને કડક નિયમો છે. ત્યાં શંકાસ્પદ જહાજોની તપાસ કરવામાં આવે છે અને જરૂર પડ્યે તેમની બાહ્ય સપાટી, પ્રોપેલર અને અન્ય ભાગોની સફાઈ કરવામાં આવે છે. તેમ છતાં, મોટી સંખ્યામાં જહાજોની એકસાથે અવરજવર શરૂ થવા પર આ પડકાર ઘણો મોટો બની શકે છે. નિષ્ણાતોનું કહેવું છે કે હોર્મુઝ વિસ્તારમાંથી નીકળતા પહેલા જહાજોની તપાસ જરૂરી છે. તેમની બાહ્ય સપાટી પર જમા થયેલા જીવો અને જૈવિક સામગ્રીની ઓળખ કરી શકાય છે. જરૂર પડ્યે સમુદ્રમાં આગળ વધતા પહેલા જહાજની અંડરવોટર સફાઈ પણ થવી જોઈએ. જો કે સફાઈ દરમિયાન સાવચેતી અત્યંત જરૂરી રહેશે. હોર્મુઝની ખાડી વિશ્વના સૌથી મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગો પૈકીનો એક છે. અહીં લાંબા સમયથી લાગેલા પ્રતિબંધો વૈશ્વિક વેપાર અને તેલ-ગેસના પુરવઠા માટે પહેલેથી જ ચિંતાનો વિષય છે. હવે તેની સાથે દરિયાઈ જૈવ-સુરક્ષાનો ખતરો જોડાતાં પડકાર વધુ જટિલ બન્યો છે.

આંતરરાષ્ટ્રીય વેપાર ઠપ થવાને કારણે વિશ્વના ૧૦% કન્ટેનર અને ૨૫% રીફર્ડ જહાજો મહિનાઓ સુધી સમુદ્રમાં ઊભા રહ્યા હતા. વર્ષ ૧૯૭૦ની તેલ કટોકટી પણ આવું જ ઉદાહરણ છે જ્યારે વિશ્વભરમાં ૪૬૬ તેલ ટેન્કરો ઊભા કરી દેવામાં આવ્યા હતા. દક્ષિણ ચીન સાગરમાં દર વર્ષે માછીમારી પર લાગતા પ્રતિબંધોને કારણે હજારો બોટ એક જ જગ્યાએ ઊભી રહે છે, જેનાથી આ જૈવિક સંક્રમણ પેદા થાય છે. ઈન્ટરનેશનલ મરીન ઓર્ગેનાઈઝેશનની સલાહ છે કે ૩૦ દિવસથી વધુ સમય માટે નિષ્ક્રિય ઊભેલા જહાજોને મુસાફરી શરૂ કરતા પહેલા બાયોફાઉલિંગ મેનેજમેન્ટની તાત્કાલિક જરૂરિયાત હોય છે. જો કે આ જહાજો દરિયાઈ જીવોના વિકાસ અને પ્રજનનની મુખ્ય ઋતુમાં લગભગ ચાર મહિનાથી અટવાયેલા છે. આ સિવાય IMOનો અંદાજ છે કે શિપિંગ ઉદ્યોગના કુલ ઈંધણનો લગભગ ૧૦ ટકા હિસ્સો માત્ર બાયોફાઉલિંગને કારણે પેદા થતા ઘર્ષણને ઘટાડવામાં ખર્ચાઈ જાય છે. સંશોધન મુજબ આધુનિક શિપિંગને હંમેશાં દરિયાઈ આક્રમક પ્રજાતિઓના ફેલાવા માટેનું મુખ્ય કારણ માનવામાં આવે છે. જહાજોના આટલા લાંબા રોકાણનું આ પ્રમાણ ઈતિહાસમાં અભૂતપૂર્વ છે. તાજેતરના દાયકાઓમાં ખાડી ક્ષેત્રમાંથી બાયોફાઉલિંગ દ્વારા ફેલાયેલી આક્રમક પ્રજાતિઓએ એટલાન્ટિક અને પ્રશાંત મહાસાગરોમાં સ્થાનિક પ્રજાતિઓને વિસ્થાપિત કરીને બંદરોના માળખાને ભારે નુકસાન પહોંચાડ્યું છે. ઈકોલોજિકલ અસરનું એક ઉદાહરણ 'એશિયન ગ્રીન મસલ' છે, જેને ખૂબ જ આક્રમક માનવામાં આવે છે. જાણકારોના મતે જો આ જહાજોની યોગ્ય ચકાસણી અને સાફસફાઈ નહીં કરવામાં આવે તો આગામી સમયમાં તે દુનિયાભરમાં અને દરિયાઈ દુનિયામાં પણ મહામારી ફેલાવી શકે છે. કોઈ પણ જહાજ અહીંયાથી રવાના થાય તે પહેલાં તેમના પાણી અને તળિયાના ભાગનું 'પર્યાવરણીય ડીએનએ' પરીક્ષણ કરવામાં આવે તે અત્યંત જરૂરી છે.

**પર્શિયન ગલ્ફમાં લાંબા સમયથી 1500થી વધુ કોમર્શિયલ જહાજો અટકી પડ્યા છે. તેની નીચેના ભાગ પર દરિયાઈ જીવો ચોંટી ગયા હોય શકે. હવે આ જહાજો સાથે તે જીવો પણ અલગ-અલગ દેશો સુધી જાય તો અજ્ઞાત બિમારીનો ભય વધી જશે**

# શ્રાવણ માસમાં શિવ તાંડવ સ્તોત્રમ ગાન, અર્થ, લાભો



ભગવાન શિવને શ્રીલંકા લઈ જવા માટે રાવણે કૈલાસ પર્વતને ઉપાડવાનો પ્રયાસ કર્યો હતો. ભગવાન શિવે તેનો અંગૂઠો દબાવ્યો અને રાવણની આંગળીઓને કચડી નાખી. રાવણે શિવના ક્રોધથી બચવા માટે એક સ્તોત્ર ગાયું જે શિવ તાંડવ સ્તોત્રમ તરીકે ઓળખાય છે

રાવણ દ્વારા શિવ તાંડવ સ્તોત્રમ

जटाटवीगलज्जलप्रवाहपावितस्थले<br>
गलेडवलम्ब्य लम्बितां भुजडगतुडगमालिकाम् ।<br>
डमड्डमड्डमन्निनादवड्डमर्वयं<br>
चकार चण्डताण्डवं तनोतु नः शिवः शिवम् ॥

ભગવાન શિવને નમસ્કાર, જેમના વાળ ગાઢ જંગલ જેવા છે, જેનું ગળું શુદ્ધથી ભીનું છે, ગંગાનું વહેતુ પાણી, શિવના ગળામાં આરામ ફરમાવતા સાપ જેવા લાંબા હોય છે માળા દમદ-દમદ-દમદ- ડ્રમનો અવાજ છે જે જુસ્સાનું વર્ણન કરે છે. નિર્ભય ભગવાન શિવનું નૃત્ય.

ભગવાન શિવનું કેવું અદ્ભુત વર્ણન ! આવા વર્ણનો સામાન્ય રીતે તે દ્વારા લખવામાં આવે છે, જેઓ પ્રેમ અથવા ભક્તિમાં ડૂબેલો છે. શું તમે વિચાર્યું છે કે આ સુંદરનું સંગીતકાર કોણ છે.

શિવ તાંડવ સ્તોત્રમ છે? તે રાજા રાવણ હતો! તેઓ ભગવાન શિવના સૌથી પ્રખર ભક્તોમાંના એક હતા. શિવ તાંડવ સ્તોત્રમ લખવામાં આવ્યું હતું સદીઓ પહેલા રાવણ દ્વારા. મહાન ભારતીય મહાકાવ્ય રામાયણમાં રાવણ માટે કુખ્યાત હતો. ભગવાન રામની પત્ની સીતાનું અપહરણ. મોટાભાગના લોકો રાવણની ઘમંડી, અહંકારી બાજુ જાણે છે. પરંતુ માત્ર ભગવાન શિવ પ્રત્યેની તેમની ભક્તિ વિશે થોડા લોકો જાણે છે.

### શિવ તાંડવ સ્તોત્રમ ગીત કોણે લખ્યું છે ?

શિવ તાંડવ સ્તોત્રમ એ ભગવાન શિવની સ્તુતિમાં રાવણ દ્વારા લખાયેલ અને ગવાયેલું સ્તોત્ર છે. આ શિવ તાંડવ સ્તોત્રમ ભગવાન શિવના કોસ્મિક નૃત્યનું પ્રતિનિધિત્વ કરે છે જે તમામ નકારાત્મકતાને દૂર કરે છે. ઊર્જા સ્ત્રોતમાં ૧૫ શ્લોકો છે અને દરેક શ્લોક નિર્ભય શિવ અને તેમના વિશે વર્ણવે છે. મહાન વિગતવાર શાશ્વત સુંદરતા.

### રાવણે શિવ તાંડવ સ્તોત્રમ કેમ લખ્યું ?

ભારતમાં દરેક પ્રભાવશાળી દૈવી ઊર્જાના અનેક સ્વરૂપો અને નામો છે. અનેક ગુણો વચ્ચે ભગવાન શિવનું, સૌથી વધુ લોકપ્રિય છે જ્યાં શિવને ભોલેનાથ તરીકે સંબોધવામાં આવે છે, તેનો અર્થ એક છે. જે નિર્દોષ અને ખુશ કરવા માટે સરળ છે.

તેને અને પછી પ્રાપ્ત કરો વરદાન રાવણ, જે એક મહાન પૂજારી, વહીવટકર્તા, યોદ્ધા અને ભગવાન શિવનો ભક્ત હતો. રાક્ષસોના રાક્ષસ તરીકે ઓળખાય છે. તે પોતાની જાતને અને તેની શક્તિઓને ખૂબ પ્રેમ કરતો હતો.

શિવ તાંડવ સ્તોત્રમની કથા એ દિવસે શરૂ થાય છે જ્યારે રાવણે કૈલાસને ઉપાડવાનો પ્રયાસ કર્યો હતો. ભગવાન શિવને શ્રીલંકા લઈ જવા માટે તેના હાથમાં પર્વત. પરિણામે ભગવાન શિવે તેનો અંગૂઠો દબાવ્યો અને પ્રક્રિયા દરમિયાન, રાવણની આંગળીઓને કચડી નાખી. રાવણ રડયો પીડામાં ભગવાન શિવના ક્રોધથી બચવા માટે રાવણે એક સ્તોત્ર ગાયું જે બન્યું. લોકપ્રિય શિવ તાંડવ સ્તોત્રમ તરીકે ઓળખાય છે.

એવું કહેવાય છે કે પ્રભુને પ્રસન્ન કરવા માટે સંગીત એ સૌથી શક્તિશાળી સાધન છે. ભગવાન શિવ મગ્ન હતા. રાવણના સંગીતમાં અને અત્યંત પ્રસન્ન થયા. જ્યારે ભગવાન શિવે રાવણને કહ્યું વરદાન માટે પૂછો, રાવણે વિનંતી કરી કે ભગવાન તેને સૌથી શક્તિશાળી સાધન અને પ્રદાન કરે. આમ, અવિનાશી બની ગયું.

### શિવતાંડવ સ્તોત્રમના ફાયદા શું છે ?

શિવ તાંડવ સ્તોત્રમના અસંખ્ય ફાયદા છે. શિવનો જાપ કરવો અથવા સાંભળવો. તાંડવ સ્તોત્રમ વ્યક્તિને અપાર શક્તિ સુંદરતા અને માનસિક શક્તિ આપે છે. કહેવાય છે જે સ્તોત્રમનો જાપ કરવાથી બધી નકારાત્મક શક્તિઓ દૂર થાય છે અને વાતાવરણ પવિત્ર બને છે.

### સ્તોત્રમનો જાપ ક્યારે અને કેવી રીતે કરવો જોઈએ

શિવ તાંડવ સ્તોત્રમનો કોઈ ચોક્કસ સમય નથી અને કોઈ પણ વ્યક્તિ કોઈ પણ સમયે તેનો જાપ કરી શકે છે. જો કે આ સમયે જાપ કરવાના કેટલાક વિશેષ ફાયદા છે.

**ગ્રહણ દરમિયાન :** એવું કહેવાય છે કે જ્યારે તમે ઓમ નમ:શિવાય અથવા શિવ તાંડવનો જાપ કરો છો ગ્રહણના સમયે સ્તોત્રમ કરવાથી ગ્રહોની તમામ અશુભ અસર ઓછી થાય છે. દરમિયાન ગ્રહણ જપ, ધ્યાન અથવા પ્રાર્થના અન્ય કરતાં સૌ ગણી વધુ અસરકારક છે.

**પરોઢ અને સાંજના સમયે :** એવું કહેવાય છે કે બ્રહ્મ મુહૂર્ત દરમિયાન તમે જે પણ પ્રવૃત્તિ કરો છો, તેની અસર અનેક ગણી વધારે છે. તે વપરાશમાં લેવાયેલી ઊર્જાની માત્રા ઘટાડે છે અને બમણી કરે છે. ઉત્પાદકતા સાંજના સમયે, દરેક ઘરમાં દીવા પ્રગટાવવામાં આવે છે. અને ઘણામાં પ્રાર્થના કરવામાં આવે છે ઘરો કેટલાક તો હકારાત્મક સ્પંદનો ભીંજાવા માટે સત્સંગ કરે છે.

**પ્રદોષ વ્રત :** પ્રદોષ કાલ એ મહિનાનો સમય છે જે ૧૩માં દિવસે આવે છે અને તે પણ ત્રયોદશી તિથિ તરીકે ઓળખાય છે. આ તિથિ પખવાડિયે આવે છે. કહેવાય છે કે શિવ તાંડવનો જાપ કરવો. દરેક ત્રયોદશી તિથિ પર સ્તોત્રમ કરવાથી પાપોને બાળવામાં મદદ મળે છે. નોંધ કરો કે પ્રદોષ કાલ પ્રમાણે બદલાય છે વિવિધ સ્થળોએ.

### શિવ તાંડવ સ્તોત્રમ કેવી રીતે શીખવું

આ મંત્રનો યોગ્ય રીતે જાપ કરવો મહત્ત્વપૂર્ણ છે. આ દિવસોમાં ઘણા ફક્ત મંત્રનો પાઠ કરે છે. અર્થ અને સાચો ઉચ્ચાર સમજ્યા વિના ઉતાવળમાં. શિવ તાંડવ સ્તોત્રમ શીખવા માટે, અર્થ સમજવા માટે તમારે પહેલા તેને ૫-૬ વાર સાંભળવું જોઈએ. અને ઉચ્ચાર સાંભળ્યા પછી એક સાથે સ્તોત્રમ વગાડવાનું અને પ્રેક્ટિસ કરવાનું ચાલુ રાખો. તે ગાતી વખતે સ્તોત્રમ શીખવાની ભલામણ કરવામાં આવે છે. કારણકે તે તમને ઝડપથી યાદ રાખવામાં મદદ કરશે.


MOTEL for SALE

NIRAJ PANCHOLI, REALTOR®
Mechanical Engineer (Ahmedabad, India)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011
Selling Businesses, Co□□□□ercial & Residential Properties Since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



MOTEL KING: Specializing in Selling Motels, Proven Records of SOLD over 50 Motels & Hotels in ONTARIO
Licensed to work in ALBERTA as well – Property visit can be scheduled during my trip to Alberta

90+ Room Franchise Hotel – Indoor Corridor, Fully Renovated and Upgraded in WINDSOR – Asking $7,200,000
Close to Hwy 401 and USA Border, Easy Operation, 3.5 Acres of Co□□□□ercial Lot – potential for future development
Exclusive Listing: Buyer must have a 40% - 50% down payment. For more info NDA and Buyer Rep Agreement to sign

43 Room Motel + Restaurant (241 Pizza) + 2 Apt on 6 Acre Co□□□□ercial Lot in Cochrane, ON – Asking $3,900,000
Both businesses are money making and run through the employees – Absentee Owner since 2019. Great NOI and EBITA

17 Room Motel in Huntsville - $2.3M
Absentee Owner since last 4 years
Great income and NOI
Renovated Rooms, Located in the downtown,
Everything is at a walking distance

54 Room Hotel & Restaurant - $4.9M
Located in 1000 Islands/Gananoque
Year round profitable operation. Well maintained property. Clsoe to Hwy 401, Casino and 1000 Island Crusie Line. Excellent NOI / EBITA – Great investment. About 40% Down require.

21 Room Motel & Restaurant in Gravenhurst
Asking $1,499,000
All rooms are occupied by the long-term people paying monthly. 3 Acres of lot, Municipality services. Selling AS IS
Ideal for builder or contractor

4 Small Motels for Sale in Northern Ontario – About 1-2 hours from Sudbury & North Bay
12 to 18 Rooms – Asking $875,000 to $1,300,000. About 15% to 25% down payment require.
Call for more info. Buyer to sign NDA first.

Motels and Hotels in ALBERTA: Small Motels and Franchise Hotels are available
Call for more info. Buyer to sign NDA for reviewing the financials on any property

Motel Jobs AND Working Partner Opporunity (min $200,000 to invest)
Ontario & Alberta
Front Desk, Housekeeping, General work
Must speak good English for front desk
(must be on WP, PR or Citizen)
Acco□□□□odation + Competitive Salary

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1, ONTARIO Office: 905-366-8100
Brilliant Realty , 1135 64 Ave SE #202, Calgary, T2H 2J7, ALBERTA – Direct Contact: 647-866-2790

### "સબ સે આગે હોંગે હિન્દુસ્તાની "ના નારા સાથે ગુજરાતી વેટરનરી ડૉક્ટરોએ ઉજવ્યો સ્વાતંત્ર્ય દિન

# ગુજરાતી વેટરનરી ડોક્ટરોની પિકનિક : હાર્ટલેક પાર્કમાં સ્નેહમિલન

### રાષ્ટ્રગીતના ગાન બાદ શાયરાના શૈલીમાં મહાનુભાવોનું સ્વાગત : માતૃભૂમિ પ્રત્યેનું પ્રેમ અને ગૌરવ વ્યક્ત કરાયું








**બ્રામ્પટન**

16 ઓગસ્ટ રવિવારના રોજ ગુજરાતથી કેનેડા આવેલા વેટરનરી ડોક્ટરોએ સહકુટુંબ મળીને હાર્ટલેક પાર્કના બર્ચવ્યૂ પોઈન્ટ ઉપર એકત્રિત થઈને પિકનિકની મજા માણી હતી.

સૌપ્રથમ કેનેડિયન અને ભારતીય તિરંગા રાષ્ટ્રધ્વજને લહેરાવી ધ્વજવંદન સાથે રાષ્ટ્રગીતનું ગાન કરી બંને રાષ્ટ્રધ્વજને સલામી આપવામાં આવી હતી. ડો. મેરજાએ પ્રારંભિક ઉદબોધનમાં જણાવ્યું કે, જેમ માતાપિતા આપણને જન્મ આપે છે, ગુરુદેવ જ્ઞાન આપે છે તેમજ માતૃભૂમિ દેશ આપણને ઓળખ આપે છે.

ત્યાર પછી દિવંગત ડોક્ટર અંજારિયા અને ડોક્ટર કે. એન. વ્યાસને શ્રદ્ધાંજલિ આપી ગુજરાતથી ઉપસ્થિત પ્રોફે. એમ. એન. બ્રહ્મભટ્ટ, પ્રોફે. એમ. ટી. પંચાલ, પ્રોફે. જે. એન. મિસ્ત્રી, પ્રોફે. પરેશ પંડ્યાનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ડો. મેરજાએ નવગુજ ફેમિલીની રૂપરેખા આપતા જણાવ્યું હતું કે, ૨૦૦૭માં ફક્ત ૪૦ મેમ્બર્સથી પ્રથમ પિકનિક યોજવામાં આવી હતી. જે બાદ આ સિલસિલો ચાલુ રહેતા આજે ૨૦મી પિકનિક યોજાઈ રહી છે અને ૧૩૦ મેમ્બર્સ ઉપસ્થિત છે. ગુજરાતથી પધારેલા સિનિયર વેટરનરીઅન્સ ડો. મનસુખ ગઢીયા, ડો. જયેશ ગોહિલનું સ્વાગત ડો. મેરજાએ એમની ખાસ શાયરી "તમારા અહીં આજ પગલાં થવાના.. ફૂલોની એ નીચી નજર થઈ ગઈ છે" બોલીને કર્યું હતું.

ત્યારબાદ ન્યૂ જનરેશન Veterinariansની જ્વલંત કારકિર્દી બિરદાવવામાં આવી હતી. મુખ્યત્વે ડો. જય પખાવાલાને "ફર્સ્ટ એન્ડ ફાસ્ટેસ્ટ સ્પેશિયાલિસ્ટ ઈન ઈન્ટરનલ મેડિસિન" ફ્રોમ મેનહટન એનિબલ મેડિકલ સેન્ટર ખાતેથી ઉત્તીર્ણ કરવા બદલ અભિનંદન આપવામાં આવ્યા હતા. તથા ડો. ઋષિ દેવેન્દ્ર પટેલને ફ્લોરિડામાં રેસિડેન્ટ રેડિયોલોજી, ડો. પાર્થ કરશન બરેલીયાને ન્યૂયોર્કમાં રોટેટિંગ ઈન્ટર્નશિપ, ડો. નિમિત્ત વિપુલ પટેલને ન્યૂજર્સીમાં રોટેટિંગ ઈન્ટર્નશિપ, ડો. મિત વાઘેલાને લાઈસન્સિંગ એક્ઝામ ઉત્તીર્ણ કરવા બદલ, ક્રિશ દેવેન્દ્ર પટેલને OVC Guelphમાં એડમિશન મેળવવા બદલ બધાએ અભિનંદન પાઠવ્યા હતા. જ્યોત પટેલને વોશિંગટન સ્ટેટ યુનિવર્સિટી વેટરનરી કોલેજમાં એડમિશન મેળવવા બદલ બધાએ તેમના પિતા વાસુદેવ પટેલ ઉપસ્થિત હોવાથી તેમને અભિનંદન પાઠવ્યા હતા. ત્યારબાદ નવા આવેલા યુવાન ડો. તન્વી ભાવસાર, ડો. હર્ષ ઠાકરને સિનિયર ડોક્ટરોના માર્ગદર્શન હેઠળ જ્વલંત કારકિર્દી બનાવવા શૂભેચ્છા પાઠવાઈ હતી.

પિકનિકમાં સૌથી જુનિયર સભ્ય "માસ્ટર અથર્વ" (7 Monthsનું અભિવાદન કરીને બધાએ ડો. અરુણા અને ડો. જય પખાવાલાને પુત્ર જન્મની વધામણી આપી હતી. ડો. અતુલ પખાવાલાએ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે કેનેડામાં પથરાયેલા વેટરનરી કુટુંબો, ગુજરાતથી પધારેલ પ્રોફેસરો, અન્ય વેટરનરી મિત્રોને આમંત્રિત કરી કરનારાઓએ વ્યવસ્થા કરવાની જહેમત ઉઠાવી હતી. કુદરતના ખોળે મ્યુઝિકલ ચેર, અંતાક્ષરી, ગરબાની રમઝટ, સાથે સાથે જૂના સંસ્મરણોની યાદોની વાતોએ પિકનિકના આનંદમાં ઉમેરો કર્યો હતો. પિકનિકમાં સર્વેએ સેન્ડવીચ, પકોડા, ચા, કટલેસનો નાસ્તો, તરબૂચની મજા અને ડિનરમાં ડોઆબાનો કેટરિંગ ટ્રકના ગરમાગરમ પંજાબી ફૂડનો આસ્વાદ માણ્યો હતો. પ્રોફે. ડો. પંચાલે કેનેડામાં ગુજરાતી વેટરનરી કુટુંબોની પ્રગતિને બિરદાવી હતી.

# ટોરોન્ટોમાં બાઇક લેન હટાવવાનો માર્ગ મોકળો અપીલ કોર્ટે નીચલી કોર્ટનો ચુકાદો ઉલટાવ્યો

### સરકારના નિર્ણયને કોર્ટનું સમર્થન; મેયર ઓલિવિયા ચાઉ અને સ્થાનિક નેતાઓમાં અસંતોષ

**ટોરોન્ટો**

ઓન્ટેરિયો કોર્ટ ઓફ અપીલે નીચલી કોર્ટના એ ચુકાદાને રદ કર્યો છે, જેમાં ડાઉનટાઉન ટોરોન્ટોની મહત્વપૂર્ણ બાઈક લેન તોડી પાડવાની ફોર્ડ સરકારની યોજનાઓ પર રોક લગાવવામાં આવી હતી. આ અદાલતી નિર્ણય બાદ હવે યોંગ સ્ટ્રીટ, યુનિવર્સિટી એવન્યુ અને બ્લૂર સ્ટ્રીટના વિવિધ ભાગો પરથી બાઈક લેન દૂર કરવાનો માર્ગ બિલકુલ સાફ થઈ ગયો છે.

કોર્ટના નિર્ણય બાદ તુરંત જારી કરેલા એક નિવેદનમાં પરિવહન મંત્રી પ્રબમીત સરકારિયાએ આ ચૂકાદાને "સામાન્ય સમજ માટેનો નિર્ણય" ગણાવ્યો હતો. તેમણે ઉમેર્યું કે આ ચુકાદો યોગ્ય રીતે ચૂંટાયેલી વિધાનસભાઓ અને અદાલતો વચ્ચે ભૂમિકાઓના યોગ્ય વિભાજનનો આદર કરે છે. અપીલ કોર્ટે નીચલી કોર્ટ દ્વારા કાયદાકીય કાર્યોમાં કરવામાં આવેલા પ્રવેશ સામે સ્પષ્ટ વાંધો ઉઠાવ્યો હતો.

બીજી તરફ, લોંગફિલ્ડે આ કાનૂની લડાઈને માત્ર સાયકલસવારો પૂરતી મર્યાદિત ન ગણાવતા કહ્યું કે, બ્લૂર વેસ્ટ પરની બાઈક લેનને ટોરોન્ટો શહેર પરિષદ દ્વારા બહુવિધ વાર મંજૂરી આપવામાં આવી છે. આ લડાઈ માત્ર બાઈક લેનની નથી, પરંતુ સ્થાનિક લોકશાહી અને શહેરના અધિકારોનો આદર કરવાની પણ છે. દરમિયાન, બ્રેડ બ્રેડફોર્ડે 'X' પર પોસ્ટ કરીને જણાવ્યું કે અદાલતે બ્લૂરની બાઈક લેન અંગેના તેમના વિચારોની પુષ્ટિ કરી છે. તેમણે ક્વીન્સ પાર્કને સંદેશ આપતા કહ્યું કે સરકારે પોતાનો પક્ષ સાબિત કરી દીધો છે અને હવે રહેવાસીઓ સાથે મળીને શહેરને આ કામ કરવા દેવાનો સમય આવી ગયો છે.

તો બીજી તરફ, મેયર ઓલિવિયા ચાઉએ બ્રેડફોર્ડની પોસ્ટનો સીધો પ્રત્યુત્તર આપતા નિરાશા વ્યક્ત કરી હતી.

# ફ્યુઅલ ટેક્સ રાહત લંબાવવા માંગણી પોઇલીવરે વડાપ્રધાન કાર્નેને પત્ર લખ્યો

### કરિયાણા-ઇંધણના વધતા ભાવ વચ્ચે કન્ઝર્વેટિવ પક્ષે સરકારને ઘેરી

**ઓટાવા**

કન્ઝર્વેટિવ નેતા પિયર પોઈલીવરે વડાપ્રધાન માર્ક કાર્નેને કેનેડાના ઈંધણ એક્સાઈઝ ટેક્સ પર આપવામાં આવેલો વિરામ લંબાવવા માટે પોતાનું આહ્વાન ફરી દોહરાવ્યું છે. ઉલ્લેખનીય છે કે, ઓટાવાએ ગત એપ્રિલ મહિનામાં રિટેલ ગેસ વેચાણ પરથી અસ્થાયી રૂપે આ કર હટાવ્યો હતો, જેની મુદત આગામી લેબર ડે (7 સપ્ટેમ્બર)ના રોજ પૂર્ણ થઈ રહી છે. દરમિયાન રવિવારે વડાપ્રધાન કાર્નેને પાઠવેલા એક પત્રમાં પોઈલીવરે ભારપૂર્વક દલીલ કરી હતી કે, આ ટેક્સ સ્થગિતતાને ઓછામાં ઓછા 'કેનેડા ડે 2027' સુધી લંબાવવી જોઈએ.

પોઈલીવરે જણાવ્યું હતું કે, દેશમાં ગેસના ભાવ ફરી એકવાર આસમાને પહોંચી રહ્યા છે અને કરિયાણાના ભાવમાં ફુગાવો સતત ઊંચો જળવાઈ રહ્યો છે.

પોતાના પક્ષને સમર્થન આપતા તેમણે 'ઓર્ગેનાઈઝેશન ફોર ઈકોનોમિક કો-ઓપરેશન એન્ડ ડેવલપમેન્ટ' (OECD)ના તાજેતરના અહેવાલનો હવાલો આપ્યો હતો, જે દર્શાવે છે કે, તમામ G7 દેશોની સરખામણીએ કેનેડામાં ખાદ્યપદાર્થોના ભાવમાં સૌથી વધુ અને ઝડપી વધારો નોંધાયો છે.

# ઈરાની શાસનના ભૂતપૂર્વ નાયબ ગૃહમંત્રી સમાનીની કેનેડામાંથી હકાલપટ્ટી

### અપીલ ફગાવતા ફેડરલ કોર્ટે કહ્યું 'માનવાધિકારનું ઉલ્લંઘન કરનારાઓને આશ્રય ન આપી શકાય : કેનેડામાં રહેતા 37 વરિષ્ઠ અધિકારીઓની ઓળખ

**ઓટાવા**

અદાલતમાં છેલ્લી ઘડીની અપીલ ફગાવી દેવાયા બાદ કેનેડા સરકારે ઈરાની શાસનના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ નાયબ ગૃહમંત્રી સૈયદ સલમાન સમાનીને દેશમાંથી હાંકી કાઢ્યા છે. કેનેડા બોર્ડર સર્વિસીસ એજન્સીએ આ કાર્યવાહીની સત્તાવાર પુષ્ટિ કરી છે. ઈરાનની દમનકારી સરકારના ઉચ્ચ કક્ષાના અધિકારીઓ પર કેનેડા પ્રવેશ પર પ્રતિબંધ મૂકતી ૨૦૨૨ની ખાસ નીતિ હેઠળ દેશનિકાલ કરાયેલા સમાની બીજા મોટા શાસન અધિકારી છે.

સીબીએસએના જણાવ્યા અનુસાર સમાની ૨૦૦૭થી ૨૦૨૧ સુધી ઈરાનના ઈસ્લામિક રિપબ્લિકમાં સક્રિય રાજકારણી રહ્યા હતા અને ઓક્ટોબર ૨૦૨૧માં કેનેડા આવ્યા હતા. ૨૦૨૪માં ઈમિગ્રેશન અને રેફ્યુજી બોર્ડે તેમના દેશનિકાલનો આદેશ આપ્યો હતો, જેની સામે તેમણે અપીલ કરી હતી. ફેડરલ કોર્ટના ન્યાયાધીશ સેબેસ્ટિયન ગ્રામોન્ડે અપીલ ફગાવતા નોંધ્યું હતું કે, સમાનીએ પોતે કબૂલ્યું હતું કે, તેમની પાસે સરકારી નિર્ણયો પર મોટો પ્રભાવ હતો. સરકારી પ્રવક્તા તરીકે તેમણે ૨૦૧૯ના 'બ્લડી નવેમ્બર' પ્રોટેસ્ટ દરમિયાન સરકાર દ્વારા વિરોધ પ્રદર્શનકારીઓ પર કરાયેલા ઘાતક દમન અને હત્યાઓનો જાહેરમાં બચાવ કર્યો હતો.

સમાનીએ દાવો કર્યો હતો કે, ઈરાન પરત ફરવાથી તેમના જીવને જોખમ છે, પરંતુ કોર્ટે સ્પષ્ટ કર્યું કે માનવાધિકારોના વ્યવસ્થિત ઉલ્લંઘન માટે જવાબદાર વ્યક્તિઓને દેશમાંથી દૂર કરવામાં જ કેનેડાનું હિત છે. વધુમાં CBSA એ ખુલાસો કર્યો છે કે તેમણે કેનેડામાં રહેતા શંકાસ્પદ ૧૮૧ ઈરાની અધિકારીઓ સામે તપાસ હાથ ધરી છે, જેમાંથી અત્યાર સુધીમાં ૩૭ વરિષ્ઠ અધિકારીઓની ઓળખ કરી લેવામાં આવી છે.

# ડ્રગ્સના 1649 કેસ, પણ સજા માત્ર 76ને જ

## ડ્રગ્સ માફિયાઓ સજાથી બચી ગયા, નબળી કાયદાકીય તપાસ અને ખામીયુક્ત ચાર્જશીટનો માફિયાઓને ફાયદો

**અમદાવાદ**

દરિયાઈ અને રોડ માર્ગે ગુજરાતમાં કરોડો રૂપિયાનું ડ્રગ્સ ઘુસાડવામાં આવી રહ્યું છે અને રાજ્ય ડ્રગ્સ માફિયાઓ માટે સેફ લેન્ડિંગ ઝોન બની ગયું છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયના આંકડા અનુસાર, છેલ્લા 3 વર્ષમાં રાજ્યમાંથી 65,549 કિલો ડ્રગ્સ, 45,564 નશીલી ટેબ્લેટ્સ અને 4,841 લિટર પ્રવાહી ડ્રગ્સ ઝડપાયું છે. આ ઉપરાંત છેલ્લા 2 વર્ષમાં 121 કિલો હાઈ-ક્વોલિટી કોકેઈન પણ પકડાયું છે.

ગુજરાતમાં ડ્રગ્સનો કાળો કારોબાર ચાલતો હોવા છતાં કાયદાકીય કાર્યવાહી નામે મોટા સવાલો ઊભા થઈ રહ્યા છે. છેલ્લા 3 વર્ષમાં ડ્રગ્સ સંબંધિત કુલ 1649 કેસો પોલીસ ચોપડે નોંધાયા હતા. આટલા વિશાળ નેટવર્ક અને હજારો કિલો નશાનો જથ્થો પકડાયો હોવા છતાં માત્ર ગણતરીના ડ્રગ્સ માફિયાઓ જ કોર્ટમાં દોષિત ઠરી શક્યા છે. પોલીસ ડ્રગ્સનો જથ્થો પકડીને વાહવાહી મેળવે છે, પરંતુ કોર્ટમાં ગુનેગારોને સજા અપાવવામાં તંત્ર સદંતર નિષ્ફળ સાબિત થઈ રહ્યું છે. નશાના સોદાગરો કોર્ટમાંથી વટભેર નિર્દોષ છૂટી જાય છે અથવા તો જામીન મેળવી લે છે, તેની પાછળ પોલીસની નબળી અને ઢીલી તપાસ જવાબદાર છે. સ્થાનિક પોલીસની બિનઅનુભવી તપાસ, કોર્ટમાં રજૂ કરવામાં આવતી ચાર્જશીટના કાયદાકીય છીંડા અને આધુનિક પુરાવા એકત્ર કરવાની પદ્ધતિનો અભાવ ડ્રગ્સ માફિયાઓ માટે છટકબારી બને છે. ડિજિટલ સોર્સિંગ, ફોરેન્સિક પુરાવા કે વૈજ્ઞાનિક પદ્ધતિથી ચેઈન-ઓફ-કસ્ટડી જાળવવામાં નબળાઈના કારણે મોંઘા વકીલો કેસને નબળો પાડી ગણતરીના મહિનાઓમાં જામીન અપાવી દે છે. પોલીસ ચોપડે ચડેલા આંકડાઓ સિવાય પણ નિષ્ણાતોનું માનવું છે કે જો હજારો કિલો ડ્રગ્સ પકડાતું હોય, તો પોલીસની નજર ચૂકવીને પાછલા બારણે કેટલો જથ્થો વેચાતો હશે તેની માત્ર કલ્પના જ કરી શકાય. આજે ગુજરાતની યુવા પેઢી આ સ્લો-પોઈઝનનો શિકાર બનીને બરબાદ થઈ રહી છે.

ક્લાસીફાઈડ
Classified

STUDENTS PART TIME OR FULL TIME REQUIRED
For Warehouse Associate
For Further Information And Applications Direct Interested Candidates To Contact Us At
Tradetechnocrats@Gmail.Com

## સુરતમાં રેગિંગ કેસ : એક સસ્પેન્ડ

સુરત : સુરતની સરકારી મેડિકલ કોલેજના માઈક્રોબાયોલોજી વિભાગના પ્રથમ વર્ષના રેસિડેન્ટ ડૉ. હર્ષ પંડ્યા રેગિંગની ગંભીર ઘટનાને રોકવામાં તેમજ પોતાની શિસ્તબદ્ધ ક્ષમતા અને ફરજ બજાવવામાં ગંભીર નિષ્કાળજી દાખવવા બદલ માઈક્રોબાયોલોજી વિભાગના વર્ગ-૧ના પ્રાધ્યાપક ડૉ. સુમૈયા મુલ્લાને તત્કાલ અસરથી ૯૦ દિવસ માટે સેવામાંથી ફરજમોકૂફ(સસ્પેન્ડ) કરવામાં આવ્યા છે.

# ભાજપમાં 'આયાતી'નો જંગ : નીતિન પટેલે ત્રણને વધાવ્યા, ગુપ્તાને અવગણ્યો

**ગાંધીનગર**

ભાજપ હાઈકમાન્ડે જાહેર કરેલી નવી રાષ્ટ્રીય ટીમમાં ગુજરાતના 4 નેતાઓને સ્થાન આપતાં રાજ્યનું રાજકીય કદ વધ્યું છે. પરંતુ, આ જાહેરાતની શાહી હજુ સુકાઈ નથી ત્યાં જ પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે સોશિયલ મીડિયા પોસ્ટ કરીને નવો રાજકીય વિવાદ છેડ્યો છે. નીતિન પટેલે નવી ટીમમાં નવનિયુક્ત પદાધિકારીઓને શુભેચ્છાઓ પાઠવી હતી, પરંતુ તાજેતરમાં જ કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલા નેતાને અભિનંદન પાઠવવાનું ટાળ્યું હતું. આ ઘટના બાદ ભાજપના આંતરિક વર્તુળોમાં 'મૂળ ભાજપી' વિરુદ્ધ 'આયાતી' નેતાઓની લડાઈ સપાટી પર આવી ગઈ છે.

પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વર્ષોથી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) અને ભાજપ સંગઠન સાથે એકનિષ્ઠ રહીને કામ કરનારા જગદીશ પટેલ, વર્ષાબેન દોશી અને હેમાંગ જોશીને વિશેષ રૂપે નામજોગ અભિનંદન આપ્યા હતા. જોકે, આ શુભેચ્છા યાદીમાં રાષ્ટ્રીય મંત્રી જેવા મહત્ત્વના પદ પર સ્થાન મેળવનારા મૂળ કોંગ્રેસી અને તાજેતરમાં જ ભાજપમાં જોડાયેલા રોહન ગુપ્તાના નામનો ઉલ્લેખ સુદ્ધાં કર્યો નહોતો. રાજકીય વિશ્લેષકોના જણાવ્યા અનુસાર, નીતિન પટેલનું આ મૌન કોઈ આકસ્મિક ભૂલ નથી પરંતુ એક સુનિયોજિત રાજકીય પ્રતિક્રિયા છે.

# સમૃદ્ધ ગુજરાતમાં ગરીબી છુપાવવા રમત, 33000 અંત્યોદય કાર્ડ રદ, 7 લાખથી વધુ પરિવાર લાચાર

» ગુજરાતમાં 31.89 લાખ પરિવારોએ અંત્યોદય કાર્ડના આધારે દર મહિને 45 કિલો અનાજ મેળવ્યું

**અમદાવાદ**

ગુજરાત સરકાર દ્વારા સમૃદ્ધ અને વિકસિત રાજ્યના મોટા-મોટા દાવાઓ કરવામાં આવી રહ્યા છે, પરંતુ જમીનની હકીકત કંઈક અલગ જ ચિત્ર બતાવે છે. સરકારી ચોપડે ગરીબી ઓછી દર્શાવવા અને પોતાની સિદ્ધિઓનો ભ્રામક દેખાડો કરવા માટે ગરીબોના હક પર તરાપ મારવામાં આવી રહી છે. રાજ્યના અન્ન પુરવઠા વિભાગે છેલ્લા પાંચ વર્ષમાં કુલ મળીને 33 હજાર અંત્યોદય રેશનકાર્ડ રદ કરી દીધા છે. કડવી વાસ્તવિકતા એ છે કે આજે પણ રાજ્યના 7 લાખથી વધુ પરિવારો બે ટંકનું ભોજન મેળવવા માટે ભારે સંઘર્ષ કરી રહ્યા છે અને મફત અનાજ લેવા માટે લાઈનોમાં ઊભા રહેવા મજબૂર બન્યા છે.

અંત્યોદય કાર્ડ સમાજના એવા અત્યંત વંચિત અને ગરીબ વર્ગને આપવામાં આવે છે જેમના માટે દૈનિક જીવન જીવવું પણ એક મોટો સંઘર્ષ છે. આ કાર્ડ મેળવનારાઓમાં ઝૂંપડપટ્ટીમાં દયનીય સ્થિતિમાં રહેતા પરિવારો, ગ્રામીણ વિસ્તારના નાના કારીગરો, રોજમદારો, જમીન વિહોણા ભૂમિહીન ખેતમજૂરો, નિરાધારો, વિધવાઓ અને ત્યક્તા મહિલાઓનો સમાવેશ થાય છે. આવા નબળા વર્ગ પાસેથી જ આજીવિકાનું સાધન સમાન રેશનકાર્ડ છીનવી લેવામાં આવી રહ્યા છે.

કેન્દ્ર સરકારના એક રિપોર્ટ અનુસાર, અત્યાર સુધીમાં ગુજરાતમાં 31.89 લાખ પરિવારોએ અંત્યોદય કાર્ડના આધારે દર મહિને 45 કિલો મફત અનાજ મેળવ્યું હતું.

# કેનેડા મોકલવાના બહાને યુવક સાથે 6 લાખની છેતરપિંડી, વિઝા એજન્ટ સામે ફરિયાદ થઈ

## 6 લાખ રોકડા લીધા બાદ બહાના બતાવ્યા, 20 લાખમાં નક્કી થઈ હતી ડીલ

**અમદાવાદ**

અમદાવાદના વસ્ત્રાલમાં રહેતા યુવકને કેનેડા જવાની ઈચ્છા ભારે પડી હોવાની ઘટના સામે આવી છે. એક પરિચિત દ્વારા તેણે સાયન્સ સિટી રોડ પર ગુરુ ઈન્ટરનેશનલ નામથી વિઝા કન્સલ્ટન્સી ચલાવતા એજન્ટ નિતેશ રાવલના સંપર્કમાં આવ્યા હતા. નિતેશે કેનેડાના વિઝા અને અન્ય તમામ પ્રક્રિયા સરળતાથી કરી આપવાનો દાવો કરીને આ યુવકને પોતાની જાળમાં ફસાવ્યો હતો.

બંને પક્ષો વચ્ચે ચિલોડા રોડ પર થયેલી પ્રાથમિક મુલાકાતમાં કેનેડા જવા માટે કુલ 20 લાખ રૂપિયાનો ખર્ચ નક્કી કરવામાં આવ્યો હતો. આ ડીલ મુજબ પ્રક્રિયા શરૂ કરવા માટે એડવાન્સ પેટે 6 લાખ રૂપિયા ચૂકવવાનું નક્કી થયું હતું. એજન્ટની વાતો પર વિશ્વાસ મૂકીને વર્ષ 2024માં કાર્તિક અને તેનો પરિવાર સોલા રોડ પર કારગીલ પેટ્રોલ પંપ પાસે ગ્રેસ બિઝનેસ પાર્ક ખાતે આવેલી નિતેશની ઓફિસે પહોંચ્યા હતા. ત્યાં તેણે 6 લાખ રૂપિયા રોકડા આપ્યા હતા, જેની સામે એજન્ટે પહોંચ પણ આપી હતી અને ટૂંક સમયમાં કામ શરૂ થવાની ખાતરી આપી હતી.

રોકડ રકમ આપ્યા બાદ લાંબો સમય વીતી જવા છતાં કેનેડાની ફાઈલ અંગે કોઈ જ કાર્યવાહી આગળ ન વધતા કાર્તિકે એજન્ટની વારંવાર પૂછપરછ કરવાનું ચાલુ રાખ્યું હતું. જોકે, નિતેશ રાવલ દ્વારા પ્રક્રિયા ચાલુ હોવાના માત્ર બહાના બતાવીને સમય પસાર કરવામાં આવતો હતો. વારંવારની ઉઘરાણી છતાં યુવકને ન તો કેનેડા મોકલવામાં આવ્યો કે ન તો તેના 6 લાખ રૂપિયા પરત કરવામાં આવ્યા હતા.

# અમદાવાદ મેટ્રોપોલિટન કોર્ટ પરિસરમાં યુવકે પોતાને આગ લગાવતા દોડધામ

**અમદાવાદ**

અમદાવાદમાં રહેતી ફાલ્ગુની પરાગભાઈ શાહે વર્ષ ૨૦૨૪માં તેમના પતિ પરાગ શાહ સામે મેટ્રોકોર્ટમાં ભરણપોષણની અરજી દાખલ કરી હતી. કેસની સુનાવણી બાદ અદાલતે પતિને ભરણપોષણ ચૂકવવાનો આદેશ કર્યો હતો. જોકે, પરાગ શાહ દ્વારા નિર્ધારિત રકમની ચુકવણી ન થતાં કોર્ટે તેની સામે રિકવરી વોરંટ ઈશ્યૂ કર્યું હતું. આ કેસની વધુ સુનાવણી માટે પરાગ શાહ આજે કોર્ટ નંબર-૧૯માં હાજર રહ્યો હતો. સુનાવણી દરમિયાન પતિ-પત્ની વચ્ચે ઉગ્ર બોલાચાલી થતાં પરાગ શાહ ઉશ્કેરાઈ ગયો હતો. બાદમાં તે કોર્ટ રૂમની બહાર નીકળી કોર્ટ પરિસરમાં જ આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો.

કોર્ટ પરિસરમાં પરાગ શાહે પોતાની પાસે રહેલો જવલનશીલ પદાર્થ પોતાના શરીર પર છાંટી દીવાસળી ચાંપી દીધી હતી. જોતજોતામાં આગ ભભૂકી ઊઠતાં કોર્ટ પરિસરમાં દોડધામ અને ભયનો માહોલ -સર્જાયો હતો. ઘટનાસ્થળે હાજર વકીલો અને નાગરિકોએ તાત્કાલિક આગ બુઝાવવાના પ્રયાસો હાથ ધરી આગ પર કાબૂ મેળવ્યો હતો. ત્યારબાદ ઈજાગ્રસ્ત પરાગ શાહને હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. હોસ્પિટલ સૂત્રોના જણાવ્યા મુજબ તેની તબિયત હાલ સુધારા પર હોવાનું -જાણવા મળ્યું છે.

# ગુજરાતમાં મચ્છરજન્ય રોગોમાં મેલેરિયામાં 45% અને ડેન્ગ્યુમાં 39%નો ઘટાડો

**અમદાવાદ**


વર્ષ 2026ના અત્યાર સુધીના આંકડા મુજબ, ગત વર્ષની સરખામણીમાં રાજ્યમાં મેલેરિયાના કેસોમાં 45.0%, ડેન્ગ્યુમાં 39.1% અને ચિકનગુનિયામાં 48.1%નો ઘટાડો નોંધાયો છે. મેલેરિયાના કેસ 1,407થી ઘટીને 774, ડેન્ગ્યુના કેસ 1,293થી 788 અને ચિકનગુનિયાના કેસ 154થી ઘટીને 80 થયા હોવાનું રાજ્ય સરકારે જણાવ્યું હતું. વિશ્વ મચ્છર દિવસ નિમિત્તે ગુજરાત સરકારના આરોગ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર, વર્ષ 2025ના સપ્તાહ-33 સુધીમાં 1 કરોડ 9 લાખથી વધુ રક્ત નમૂનાઓનું પરિક્ષણ કરવામાં આવ્યું હતું, જેમાં મેલેરિયાના 1,407 કેસ નોંધાયા હતા. જ્યારે વર્ષ 2026માં આ જ સમયગાળા દરમિયાન 1 કરોડ 11 લાખથી વધુ રક્ત નમૂનાઓના પરિક્ષણ બાદ મેલેરિયાના કેસોની સંખ્યા ઘટીને 774 થઈ છે.

# બ્રેસ્ટ કેન્સરના કેસ બે વર્ષમાં 12% વધ્યા

## ગુજરાતમાં 74 વર્ષની વયજૂથ ધરાવતી દર 12માંથી 1 મહિલાને કેન્સર થવાનું જોખમ

**અમદાવાદ**

અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં છેલ્લા 10 વર્ષમાં બ્રેસ્ટ કેન્સરના 17,682થી વધુ કેસો નોંધાઈ ચૂક્યા છે. આ પૈકી સૌથી વધુ 32% કેસ 41થી 50 વર્ષની વયજૂથની મહિલાઓમાં જોવા મળ્યા છે. વધુ ચિંતાજનક બાબત એ છે કે છેલ્લા બે વર્ષમાં જ બ્રેસ્ટ કેન્સરના કેસોમાં 11.50%નો વધારો નોંધાયો છે. ગ્લોબોકેનના અહેવાલ મુજબ સમગ્ર વિશ્વમાં દર વર્ષે કેન્સરના અંદાજે 1.99 કરોડથી વધુ નવા કેસ નોંધાય છે, જેની સામે ભારતમાં વાર્ષિક અંદાજે 14.13 લાખ નવા કેસ સામે આવે છે. રાષ્ટ્રીય કેન્સર રજિસ્ટ્રી પ્રોગ્રામના અંદાજ મુજબ



ગુજરાતમાં વર્ષ 2024 સુધીમાં કેન્સરના કુલ કેસોની સંખ્યા વધીને 77,205 સુધી પહોંચી હતી. ગુજરાતમાં મહિલાઓમાં થતા તમામ પ્રકારના કેન્સરમાં સ્તન કેન્સર 31.20% સાથે મોખરે છે. અમદાવાદના 'પોપ્યુલેશન બેઝ્ડ કેન્સર રજિસ્ટ્રી'ના ડેટા મુજબ 0થી 74 વર્ષની વયજૂથ ધરાવતી દર 12માંથી 1 મહિલાને કેન્સર થવાનું જોખમ રહેલું છે.

'ધી ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યુટ'ના અહેવાલ અનુસાર, વર્ષ 2025માં સ્તન કેન્સરના 1541 નવા કેસો નોંધાયા હતા. જેમાં 41થી 50 વર્ષની વયજૂથના 469 કેસ અને 51થી 60 વર્ષની વયજૂથની મહિલાઓના 436 કેસ સામે આવ્યા છે. વર્ષ 2025 દરમિયાન સિવિલ હોસ્પિટલ ખાતે નોંધાયેલા કુલ 26,812 કેન્સરના દર્દીઓમાંથી 17,665 દર્દીઓ ગુજરાતના હતા, જ્યારે 9147 દર્દીઓ મધ્યપ્રદેશ, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશ જેવા દેશના અન્ય રાજ્યોમાંથી સારવાર અર્થે આવ્યા હતાં.

# શિવલિંગ પર વિશેષ અભિષેકથી શાંત કરો ગ્રહો

**શ્રાવણ માસ અને 12 રાશિના ઉપાયો**

સામાન્ય પૂજા-અર્ચના ઉપરાંત જો તમે તમારી રાશિ મુજબ શિવજીની સેવા કરશો તો વિશેષ કૃપા પ્રાપ્ત થશે.

**મેષ** : આ રાશિનો સ્વામી મંગળ છે. આ જાતકોએ શ્રાવણ માસમાં શિવલિંગ પર જળમાં લાલ ચંદન કે ગુલાલ ઉમેરીને અભિષેક કરવો જોઈએ.

**ઉપાય** : શિવલિંગ પર આંકડાનાં ફૂલ અર્પણ કરવા અને ૐ નમઃ શિવાય મંત્રની માળા કરવી.

**લાભ** : ક્રોધ પર નિયંત્રણ આવશે અને કાર્યક્ષેત્રે સફળતા મળશે.

**વૃષભ** : વૃષભ રાશિનો સ્વામી શુક્ર છે. આ રાશિના લોકોએ મહાદેવનો કાચા દૂધ, દહીં અને સાકર (સાકરવાળું દૂધ)થી અભિષેક કરવો જોઈએ.

**ઉપાય** : પૂજા દરમિયાન શિવજીને સફેદ કમળ કે બેલાનાં ફૂલ ચઢાવવાં.

**લાભ** : આર્થિક સમસ્યાઓ દૂર થશે અને ઘરમાં સુખ-સમૃદ્ધિ આવશે.

**મિથુન** : આ રાશિનો સ્વામી બુધ છે. શ્રાવણ મહિનામાં આ રાશિના જાતકોએ શિવલિંગ પર લીલાં શાકભાજી, દૂર્વા અને ભાંગ અર્પણ કરવી જોઈએ.

**ઉપાય** : શિવજીને શેરડીના રસથી અભિષેક કરવો અને પંચાક્ષરી મંત્રનો જાપ કરવો.

**લાભ** : બુદ્ધિ અને વાણીમાં પ્રભાવ વધશે, રોગ-બીમારીમાંથી રાહત મળશે.

**કર્ક** : કર્ક રાશિનો સ્વામી ચંદ્ર છે, જે શિવજીના મસ્તક પર વિરાજમાન છે. આ રાશિના લોકો માટે શ્રાવણ માસ ખૂબ જ શુભ રહે છે.

**ઉપાય** : શિવલિંગ પર કાચું દૂધ, ગંગાજળ અને અક્ષત (ચોખા) અર્પણ કરવાં. ૐ સોમેશ્વરાય નમઃ મંત્રનો જાપ કરવો.

**લાભ** : માનસિક શાંતિ મળશે અને તણાવ દૂર થશે.

**સિંહ** : સિંહ રાશિનો સ્વામી સૂર્યદેવ છે. આ રાશિના જાતકોએ શ્રાવણ માસ દરમિયાન મહાદેવનો મધ અને ગોળ મિશ્રિત જળથી અભિષેક કરવો.

**ઉપાય** : શિવજીને કરેણનાં લાલ ફૂલ અને બીલીપત્ર ચઢાવવાં. મહામૃત્યુંજય મંત્રનો જાપ કરવો.

**લાભ** : સમાજમાં માન-સન્માન વધશે અને લીડરશિપ ક્ષમતા મજબૂત થશે.

**કન્યા** : બુધ કન્યા રાશિનો સ્વામી છે. આ રાશિના ભક્તોએ શ્રાવણમાં ભગવાન શિવને લીલી દૂર્વા, ભાંગ અને શમીનાં પાન અર્પણ કરવાં જોઈએ.



બુધ કન્યા રાશિનો સ્વામી છે, તેથી શિવજીને દૂર્વા એ શમીનાં પાન અર્પણ કરવા

**ઉપાય** : પંચામૃતથી શિવલિંગનો અભિષેક કરવો અને વિષ્ણુસહસ્ત્રનામ કે શિવ ચાલીસાના પાઠ કરવા.

**લાભ** : વેપાર અને નોકરીમાં આવી રહેલી અડચણો દૂર થશે.

**તુલા** : તુલા રાશિનો સ્વામી શુક્ર છે. આ રાશિના લોકોએ શ્રાવણ માસમાં ભગવાન શંકરનો ગાયના ઘી અને અત્તર(પરફ્યૂમ)થી અભિષેક કરવો જોઈએ.

**ઉપાય** : શિવજીને સફેદ ચંદનનું તિલક કરવું અને મિસરીનો ભોગ ધરાવવો.

**લાભ** : દાંપત્યજીવનમાં મધુરતા આવશે અને ભૌતિક સુખ-સુવિધાઓ વધશે.

**વૃશ્ચિક** : આ રાશિનો સ્વામી મંગળ છે. આ રાશિના જાતકોએ શ્રાવણ માસમાં પંચામૃત અથવા શુદ્ધ જળમાં લાલ ગુલાબ ઉમેરી શિવજીને જળ ચઢાવવું.

**ઉપાય** : શિવલિંગ પર બીલીપત્ર પર રામ નામ લખીને અર્પણ કરવું.

**લાભ** : શત્રુઓ પર વિજય મળશે અને જૂના રોગોમાંથી મુક્તિ મળશે.

**ધન** : ધન રાશિનો સ્વામી બૃહસ્પતિ (ગુરુ) છે. આ રાશિના જાતકોએ મહાદેવનો હળદરવાળા દૂધ અથવા કેસરવાળા જળથી અભિષેક કરવો.

**ઉપાય** : શિવજીને પીળાં ફૂલ અને ચણાની દાળ અર્પણ કરવી.

**લાભ** : ભાગ્યોદય થશે, જ્ઞાનમાં વધારો થશે અને ઉચ્ચ શિક્ષણમાં સફળતા મળશે.

**મકર** : શનિદેવ મકર રાશિના સ્વામી છે, જે શિવજીના પરમ ભક્ત છે. આ રાશિના જાતકોએ શ્રાવણમાં કાળા તલ, ગંગાજળ અને સરસવના તેલથી શિવજીની પૂજા કરવી.

**ઉપાય** : શિવલિંગ પર શમીનાં પત્ર અર્પણ કરવાં અને ૐ નમઃ શિવાયનો નિરંતર જાપ કરવો.

**લાભ** : શનિની સાડાસાતી કે ઢૈયાની અશુભ અસરો હળવી થશે.

**કુંભ** : આ રાશિનો સ્વામી પણ શનિ છે. કુંભ રાશિના ભક્તોએ શ્રાવણ માસમાં નાળિયેરનું પાણી અથવા કાળા તલ મિશ્રિત જળથી શિવજીનો અભિષેક કરવો.

**ઉપાય** : શિવજીને નીલકમળ કે આંકડાનાં ફૂલ ચઢાવવાં અને ગરીબોને અન્નદાન કરવું.

**લાભ** : જીવનમાં સ્થિરતા આવશે અને અટકેલાં કાર્યો પૂર્ણ થશે.

**મીન** : મીન રાશિનો સ્વામી ગુરુ છે, તેથી આ જાતકોએ આ પવિત્ર માસમાં શિવલિંગ પર કેસર, હળદર અને ગંગાજળ મિશ્રિત કરીને અભિષેક કરવો જોઈએ.

**ઉપાય** : શિવજીને પીળા કમળનાં ફૂલ અથવા પીળી મીઠાઈનો ભોગ ધરાવવો.

**લાભ** : આધ્યાત્મિક ઉન્નતિ થશે અને પરિવારમાં આનંદ-ઉલ્લાસનું વાતાવરણ રહેશે.

**આટલું ધ્યાન રાખવું** : કોઈ પણ રાશિના જાતકે પૂજા કરતી વખતે શિવલિંગ પર ક્યારેય તુલસીનાં પાન, હળદર (સીધી રીતે) કે કેતકીનું ફૂલ અર્પણ ન કરવું. તાજાં બીલીપત્ર અને સ્વચ્છ જળનો ઉપયોગ કરવો.

**નવગ્રહ શાંતિ માટેના વિશેષ ઉપાયો**

જ્યોતિષશાસ્ત્રમાં શિવજીને નવગ્રહોના સ્વામી માનવામાં આવે છે. કુંડળીમાં ગ્રહોની અશુભ સ્થિતિ, મહાદશા કે ગ્રહ દોષના કારણે જીવનમાં અનેક અડચણો આવે છે. પવિત્ર શ્રાવણ માસ ગ્રહશાંતિ માટે સૌથી ઉત્તમ સમય ગણાય છે. ભોળાનાથની આરાધના દ્વારા કુંડળીના તમામ નવગ્રહોને સાનુકૂળ બનાવી શકાય છે.

**સૂર્ય ગ્રહ** : કુંડળીમાં સૂર્ય નબળો હોય તો આત્મવિશ્વાસની કમી અને પિતા સાથે અણબનાવ રહે છે.

**ઉપાય** : શ્રાવણ માસમાં શિવલિંગ પર કેસર અથવા લાલ ચંદન મિશ્રિત જળ ચઢાવવું અને કરેણનાં લાલ ફૂલ અર્પણ કરવાં.

**મંત્ર** : ૐ નમઃ શિવાય સાથે આદિત્યહૃદય સ્તોત્રનો પાઠ કરવો.

**ચંદ્ર ગ્રહ** : ચંદ્ર માનસિક સ્થિતિનો કારક છે. ચંદ્ર દોષ હોય તો તણાવ અને અનિદ્રા રહે છે.

**ઉપાય** : શિવજીને કાચું દૂધ, અક્ષત અને ગંગાજળથી અભિષેક કરવો. મહાદેવના મસ્તક પર ચંદ્ર વિરાજમાન હોવાથી આ ઉપાયથી ચંદ્ર દોષ તરત શાંત થાય છે.

**મંગળ ગ્રહ** : મંગળ દોષના કારણે લગ્નમાં વિલંબ, રક્ત સંબંધી સમસ્યા અને ક્રોધ વધે છે.

**ઉપાય** : શ્રાવણમાં શિવલિંગ પર મધ, લાલ ગુલાલ કે ગિલોય/ગુલાબજળ અર્પણ કરવું અને બીલીપત્ર ચઢાવવાં.

**બુધ ગ્રહ** : બુધ નબળો હોવાથી બુદ્ધિ, વ્યાપાર અને વાણી પર માઠી અસર પડે છે.

**ઉપાય** : શ્રાવણ માસ દરમિયાન મહાદેવને લીલી દૂર્વા (ધરો), ભાંગ અને મોસંબી/શેરડીનો રસ અર્પણ કરવો.

**ગુરુ ગ્રહ** : ગુરુ દોષથી જ્ઞાન, ભાગ્ય અને વિવાહસુખમાં બાધા આવે છે.

**ઉપાય** : શિવલિંગ પર હળદર, ચણાની દાળ અને પીળાં ફૂલ અર્પણ કરવાં. દૂધમાં કેસર ઉમેરીને અભિષેક કરવો.

**શુક્ર ગ્રહ** : શુક્ર નબળો હોય તો ભૌતિક સુખ-સુવિધાઓ અને દાંપત્યજીવનમાં મુશ્કેલીઓ આવે છે.

**ઉપાય** : શ્રાવણમાં શિવજીનો ગાયના શુદ્ધ ઘી, દહીં અથવા અત્તર વડે અભિષેક કરવો અને સફેદ ચંદન ચઢાવવું.

**શનિ ગ્રહ** : શનિની સાડાસાતી કે ઢૈયા દરમિયાન શારીરિક અને આર્થિક કષ્ટ પડે છે.

**ઉપાય** : શ્રાવણના દર શનિવારે તથા સોમવારે શિવલિંગ પર કાળા તલ, શમીનાં પાન અને સરસવનું તેલ અર્પણ કરવું.

**રાહુ અને કેતુ ગ્રહ** : કુંડળીમાં કાલસર્પ દોષ કે રાહુ-કેતુની પીડા હોય તો અણધાર્યાં સંકટો આવે છે.

**ઉપાય** : રાહુ શાંતિ માટે : શિવલિંગ પર દૂર્વા અને કુશ(ઘાસ)નું જળ ચઢાવવું.

**કેતુ શાંતિ માટે** : શિવજીને રાખ (ભસ્મ) અને નાળિયેરનું પાણી અર્પણ કરવું.

# શિવ અભિષેક માટે કયા કયા દ્રવ્યોનો ઉપયોગ કરવો

મહાદેવને જલધારાપ્રિય માનવામાં આવે છે. એટલે કે શિવલિંગ પર વિવિધ દ્રવ્યોનો અભિષેક કરવાથી તેઓ ખૂબ પ્રસન્ન થાય છે.

શિવપુરાણ અનુસાર શ્રાવણ માસ દરમિયાન જુદાં જુદાં દ્રવ્યો વડે કરવામાં આવતો રુદ્રાભિષેક ભક્તની વિવિધ મનોકામનાઓ પૂર્ણ કરે છે અને જીવનમાં સુખ-શાંતિ લાવે છે. શ્રાવણમાં કરાતા દ્રવ્યાભિષેક અને તેનાથી મળતાં ફળ વિશે જાણીએ.

**જળ અને ગંગાજળનો અભિષેક**

શુદ્ધ જળ અથવા ગંગાજળથી શિવલિંગનો અભિષેક કરવો એ સૌથી સરળ અને ઉત્તમ માનવામાં આવે છે.

**લાભ** : મનને અદ્ભુત શાંતિ મળે છે, તણાવ દૂર થાય છે અને વ્યક્તિને તમામ પાપોમાંથી મુક્તિ મળી પુણ્ય પ્રાપ્ત થાય છે.

**કાચું દૂધ**

ગાયના કાચા દૂધથી શિવજીનો અભિષેક કરવાનો મહિમા અનંત છે.

**લાભ** : દૂધનો અભિષેક કરવાથી ઉત્તમ આરોગ્ય પ્રાપ્ત થાય છે, ગંભીર બીમારીઓમાંથી રાહત મળે છે અને વંશવૃદ્ધિ (સંતાનસુખ) થાય છે.

**પંચામૃત**

શ્રાવણમાં પંચામૃત(દૂધ, દહીં, ઘી, મધ અને સાકર)થી રુદ્રાભિષેક કરવો અત્યંત શુભગણાય છે.

**લાભ** : જીવનમાંથી તમામ પ્રકારના ગ્રહદોષ દૂર થાય છે અને ધન, સંપત્તિ તથા માન-સન્માનમાં સતત -વધારો થાય છે.

**ગાયનું શુદ્ધ ઘી**

મહાદેવને ગાયના ઘીથી અભિષેક કરવાથી વિશેષ શક્તિ અને ઊર્જાનો સંચાર થાય છે.

**લાભ** : આનાથી શારીરિક નબળાઈ દૂર થાય છે, રોગપ્રતિકારક શક્તિ વધે છે અને કુટુંબમાં પ્રેમ તથા સુખ-શાંતિ જળવાઈ રહે છે.

**શેરડીનો રસ**

શ્રાવણ માસમાં શેરડીના રસથી શિવલિંગનો અભિષેક કરવાનું ખાસ મહત્ત્વ છે.

**લાભ** : આર્થિક તંગી અને દેવામાંથી મુક્તિ મળે છે. પરમાં લક્ષ્મીનો કાયમી વાસ થાય છે ને વૈભવ વધે છે.

**અત્તર અને સુગંધિત દ્રવ્ય**

જળમાં અત્તર કે સુગંધિત દ્રવ્યો ઉમેરીને અભિષેક કરવાથી ભૌતિક સુખ વધે છે.

**લાભ** : વિચારશુદ્ધિ થાય છે, જીવનમાંથી નકારાત્મક ઊર્જા દૂર થાય છે અને ભૌતિક સુખ-સુવિધાઓની પ્રાપ્તિ થાય છે.

**મધ અને સાકરનું જળ**

મધ અને સાકરના મીઠા જળથી અભિષેક કરવાથી વાણી અને સ્વભાવમાં મધુરતા આવે છે.

**લાભ** : નોકરી અને વ્યાપારમાં પ્રગતિ થાય છે, વાણી દોષ દૂર થાય છે અને અટકેલાં કાર્યો ઝડપથી પૂર્ણ થાય છે.

**ધ્યાનમાં રાખો** :અભિષેક કરતી વખતે હંમેશાં ૐ નમઃ શિવાય અથવા મહામૃત્યુંજય મંત્રનો સળંગ જાપ કરતા રહેવું જોઈએ. અભિષેક બાદ શિવલિંગ પર બીલીપત્ર અર્પણ કરવાથી પૂજાનું સંપૂર્ણ ફળ પ્રાપ્ત થાય છે.

# નવી દિલ્હીમાં પાકિસ્તાન હાઈ કમિશન બહાર બુલડોઝર ફેરવાયું

## ‘ટીટ ફોર ટેટ’થી ઇસ્લામાબાદને જવાબ, કચેરીની બહાર મૂકાયેલા ટ્રાફિક બોલાર્ડ તથા અન્ય સ્ટ્રક્ચર્સને મશીનો દ્વારા તોડી પડાયા

**નવી દિલ્હી**

પાકિસ્તાન હાઈ કમિશનની બહાર સુરક્ષા બેરિકેડ્સ દૂર કરવાની કાર્યવાહી આ વધતા તણાવ વચ્ચે આવી છે. અગાઉ, ઈસ્લામાબાદમાં ભારતીય હાઈ કમિશનની બહાર સુરક્ષા ઘેરો દૂર કરવામાં આવ્યો હતો.

ભારતે નવી દિલ્હી સ્થિત પાકિસ્તાન હાઈ કમિશનની બહાર રહેલી વધારાની બાહ્ય સુરક્ષા વ્યવસ્થા અને બેરિકેડ્સ બુલડોઝરની મદદથી હટાવી દીધા છે.આ કાર્યવાહી ઈસ્લામાબાદમાં પાકિસ્તાન દ્વારા ભારતીય હાઇ કમિશનની બહારથી સુરક્ષા બેરિકેડ્સ હટાવવાના માત્ર ત્રણ દિવસ બાદ જ કરવામાં આવી છે.રાજદ્વારી કચેરીની બહાર ફૂટપાથ અને રસ્તા પર મુકવામાં



આવેલા ટ્રાફિક બોલાર્ડ તથા અન્ય સ્ટ્રક્ચર્સને મશીનો દ્વારા તોડી પડાયા છે.આ પગલાને પાકિસ્તાનના ઉશ્કેરણીજનક કૃત્યના સીધા અને જડબાતોડ જવાબ તરીકે જોવામાં આવી રહ્યું છે.

બંને પડોશી દેશો વચ્ચે લાંબા સમયથી સંબંધોમાં ખટાશ છે, પરંતુ તાજેતરની ઘટનાઓએ આગમાં ઘી હોમવાનું કામ કર્યું છે.ગયા વર્ષે પહેલગામમાં થયેલા નિર્દયી આતંકવાદી હુમલામાં ૨૬ નિર્દોષ લોકો માર્યા ગયા હતા, જેના પછી તણાવ ચરમસીમાએ પહોંચ્યો હતો.આ આતંકી હુમલાના જવાબમાં ભારતે કડક સૈન્ય કાર્યવાહી કરતા ‘ઓપરેશન સિંદૂર’ શરૂ કર્યું હતું.આ ઓપરેશન હેઠળ પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK)માં રહેલા આતંકવાદી માળખાઓ અને કેમ્પોને નિશાન બનાવીને ધ્વસ્ત કરવામાં આવ્યા હતા.ભારે નુકસાન બાદ પાકિસ્તાનની અપીલથી ૧૦ મેના રોજ બંને દેશો વચ્ચે યુદ્ધવિરામ લાગુ થતાં લશ્કરી તણાવમાં આંશિક ઘટાડો નોંધાયો હતો.

આ રાજદ્વારી વિવાદ વચ્ચે જમ્મુ-કાશ્મીરમાં અમેરિકાના વધતા હકારાત્મક વલણથી પાકિસ્તાનની ચિંતામાં ભારે વધારો થયો છે.ભારતમાં અમેરિકાના રાજદૂત અને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના દક્ષિણ અને મધ્ય એશિયા માટેના વિશેષ દૂત સેર્ગીયો ગોર (Sergio Gor) એ તાજેતરમાં શ્રીનગરની મુલાકાત લીધી હતી.તેમણે જમ્મુ અને કાશ્મીરને ભારતનો “એક અત્યંત મહત્વપૂર્ણ ભાગ” ગણાવ્યો અને ત્યાંની સુંદરતાની ખુલ્લા મને પ્રશંસા કરી.સર્જીયો ગોરે કેન્દ્ર સરકાર અને સ્થાનિક પ્રશાસન દ્વારા લેવાયેલા સુરક્ષા પગલાંની પણ સરાહના કરી હતી અને અમેરિકાની ટ્રાવેલ એડવાઇઝરી (પ્રવાસ સલાહકાર)ની સમીક્ષા કરી તેમાં છૂટછાટ આપવાનો સંકેત આપ્યો હતો.

# કેરળના કોઝિકોડમાં કથિત કોર્પોરેટ ફ્રોડ કેસમાં ઈડી દ્વારા મોટી કાર્યવાહી, ૭ સ્થળે પાડ્યા દરોડા

## સીએમઆરએલએ 15 વર્ષ દરમિયાન લગભગ 182 કરોડના કથિત ખોટા રોકડ ખર્ચ દર્શાવ્યા હતા

**ચેન્નઈ**

કેરળના કોઝિકોડમાં કથિત કોર્પોરેટ ફ્રોડ અને લાંચના કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ મોટી કાર્યવાહી કરી છે. ઈડીની કોચી ઝોનની ટીમે મંગળવારે પીએમએલએ હેઠળ કોઝિકોડમાં ૭ સ્થળોએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. આ તપાસ કોચીન મિનરલ્સ એન્ડ રૂટાઈલ લિમિટેડ સાથે જોડાયેલી કથિત નાણાકીય ગેરરીતિઓ અને લાંચની ચુકવણીના આરોપોને લઈને ચાલી રહી છે.

ઈડીએ આ કેસમાં તપાસ સિરિયસ ફ્રોડ ઈન્વેસ્ટિગેશન ઓફિસની તપાસના આધારે શરૂ કરી હતી. SFIOએ 3 એપ્રિલ 2025ના રોજ કથિત કોર્પોરેટ ફ્રોડ મામલે પ્રોસિક્યુશન ફરિયાદ દાખલ કરી હતી. તપાસમાં આરોપ છે કે સીએમઆરએલએ આશરે 15 વર્ષ દરમિયાન લગભગ 182 કરોડના કથિત ખોટા રોકડ ખર્ચ દર્શાવ્યા હતા અને આ નાણાંનો ઉપયોગ વિવિધ લોકોને લાંચ આપવા માટે કરવામાં આવ્યો હતો.

સીએમઆરએલ તરફથી વીણાની કંપની એક્સાલૉજિક સોલ્યુશન્સ પ્રાઈવેટ લિમિટેડને IT કન્સલ્ટન્સી સર્વિસના નામે આશરે 2.78 કરોડ ચૂકવવામાં આવ્યા હતા. જોકે, એજન્સીનો આરોપ છે કે કંપનીએ તેના બદલામાં વાસ્તવિક સેવાઓ પૂરી પાડી નહોતી. આ ઉપરાંત સીએમઆરએલના MD એસ.એન. શશિધરન કાર્થા સાથે જોડાયેલી કંપનીએ પણ એક્સાલોજિકને આશરે 50 લાખની લોન આપી હોવાનો ઈડીનો દાવો છે. ઈડીએ 27 મે 2026ના રોજ પણ વીણા અને સીએમઆરએલના પ્રમોટરો સાથે જોડાયેલા સ્થળોએ સર્ચ કર્યું હતું.

# ઘૂસણખોરીનો દાવો ખોટો પણ ચીન બોર્ડર પર સમસ્યા તો છે : કિરણ રિજ્જુ

**નવી દિલ્હી**

અરુણાચલ પ્રદેશના સાંસદ કિરેન રિજિજૂએ ભારત-ચીન સરહદ (LAC) ને લઈને એક મહત્વનું નિવેદન આપ્યું છે. અરુણાચલ પ્રદેશમાં ભારત-ચીન બોર્ડર પર સરહદ રેખાંકિત ન હોવાને કારણે સમસ્યા ચોક્કસ છે. જોકે, તેમણે ચીની સેના દ્વારા અરુણાચલ પ્રદેશમાં 60 કિલોમીટર અંદર સુધી ઘૂસણખોરી કરવાના અહેવાલોને તથ્યહીન ગણાવીને ફગાવી દીધા છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આવી અફવાઓથી ભારતીય સેનાનું મનોબળ તૂટે છે, પરંતુ સરહદી વિસ્તારોમાં ચાઈનીઝ આર્મીની વધેલી ગતિવિધિઓને ગંભીરતાથી લેવી જરૂરી છે. અરુણાચલ પ્રદેશમાં બંને દેશો વચ્ચે ખૂબ જ લાંબી સીમા છે. પરંતુ જમીન પર બોર્ડર પિલર કે સ્પષ્ટ રેખાંકન નથી.

# તેલંગણામાં ધોરણ-10ના 2 વિદ્યાર્થીએ પૈસાની લૂંટ કરવા પ્રિન્સિપાલની ચપ્પુ મારી હત્યા કરી

## વિદ્યાર્થીઓએ બંનેએ ગુનાને અંજામ આપતા પહેલાં જ ચાકુ, મોજાં અને માસ્ક ખરીદ્યાં હતાં

**બેંગ્લોર**

તેલંગાણાના નલગોંડા જિલ્લામાં શાળાના પ્રિન્સિપાલ રૂપા રેડ્ડીની થયેલી સનસનાટીભરી હત્યાનો પોલીસે ભેદ ઉકેલી નાખ્યો છે. તપાસમાં સામે આવ્યું છે કે શાળામાં 10મા ધોરણમાં ભણતા 16 વર્ષના 2 સગીર વિદ્યાર્થીઓએ પૈસાની લૂંટના ઈરાદે તેમના ઘરમાં ઘૂસીને હત્યા કરી હતી. બંનેએ પ્રિન્સિપાલ પર ચાકુ વડે 27 વખત હુમલો કર્યો હતો. હુમલા પહેલાં રૂપા રેડ્ડીના ફોન પર થયેલી છેલ્લી



વાતચીતમાં તેમણે ‘બાબૂ’ શબ્દનો ઉપયોગ કર્યો હતો. તેઓ પોતાના વિદ્યાર્થીઓને પ્રેમથી ‘બાબૂ’ કહીને બોલાવતા હોવાથી આ શબ્દ પોલીસ માટે મહત્વનો સુરાગ બન્યો હતો અને તપાસનો દોર શાળા તરફ વળ્યો હતો.

કેસ ઉકેલવા પોલીસે 5 વિશેષ ટીમો બનાવી હતી. CCTV, ફોરેન્સિક પુરાવા, ટેકનિકલ ડેટાના આધારે 80થી વધુ લોકોની પૂછપરછ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન પોલીસે લૂંટ અને હત્યાનું કાવતરું ઘડનારા 16 વર્ષના બંને સગીર વિદ્યાર્થીઓને અટકાયતમાં લીધા હતા. તપાસ અધિકારીઓના જણાવ્યા મુજબ, બંનેએ ગુનાને અંજામ આપતા પહેલાં જ ચાકુ, મોજાં અને માસ્ક ખરીદ્યાં હતાં અને લૂંટના ઈરાદે પ્રિન્સિપાલના ઘરે પહોંચ્યા હતા. પ્રિન્સિપાલે બંનેને રોકવાનો પ્રયાસ કરતાં વિદ્યાર્થીઓએ તેમના પર ચાકુથી હુમલો કર્યો હતો અને રોકડ લઈને ફરાર થઈ ગયા હતા.

# હોમવર્ક નહીં કરતાં શિક્ષકે 6 વર્ષના બાળકને થપ્પડ મારી, વિદ્યાર્થીનું મોત

**વિશાખાપટ્ટનમ**

આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમમાં 6 વર્ષના બાળકના મોતનો મામલો સામે આવ્યો છે. બાળક કિન્ડરગાર્ટનનો વિદ્યાર્થી હતો. એવો આરોપ છે કે એક શિક્ષકે તેને હોમવર્ક પૂર્ણ ન કરવા બદલ ઠપકો આપ્યો હતો અને થપ્પડ મારી હતી. ત્યારબાદ બાળક અચાનક બેભાન થઈને જમીન પર પડી ગયો હતો. બાળકને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો.

આ ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે. ફૂટેજમાં બાળક અન્ય વિદ્યાર્થીઓ સાથે લાઈનમાં ઉભેલું દેખાય છે અને થોડું ગભરાયેલું પણ લાગે છે. એક સમયે શિક્ષક પોતાનો ગણવેશ ગોઠવતો જોવા મળે છે. થોડીવાર પછી બાળક રડવાનું શરૂ કરે છે અને શિક્ષક તેને થપ્પડ મારે છે. થપ્પડ માર્યા પછી બાળક શિક્ષક તરફ ઢળી પડે છે, જેને કારણે શાળામાં અંધાધૂંધી ફેલાઈ ગઈ હતી. પરિવારનો આરોપ છે કે બાળકની તબિયત બગડી ગઈ હતી અને શિક્ષક દ્વારા માર મારવાને કારણે તેનું મોત થયું છે. તેમણે બાળકના મોત માટે જવાબદાર લોકો સામે કાર્યવાહી કરવાની માંગ કરી છે. મોતનું ચોક્કસ કારણ હજી સુધી સ્પષ્ટ થયું નથી.

# પ્રદૂષણ ઘટાડવા 2027થી નવા પેટ્રોલ-ડીઝલ-CNG માલ વાહક વાહનોનું રજીસ્ટ્રેશન બંધ

**નવી દિલ્હી**

દિલ્હી-NCRમાં વધતા વાયુ પ્રદૂષણને નિયંત્રિત કરવા માટે વાયુ ગુણવત્તા વ્યવસ્થાપન આયોગએ મહત્વનો નિર્ણય લીધો છે. આયોગની 29મી પૂર્ણ બેઠકમાં નિર્દેશ ક્રમાંક 102ને મંજૂરી આપવામાં આવી હતી. તેના હેઠળ પ્રદૂષણ ફેલાવતા પેટ્રોલ, ડીઝલ અને CNGથી ચાલતા N1 શ્રેણીના હળવા માલવાહક વાહનોના નવા રજિસ્ટ્રેશન પર તબક્કાવાર પ્રતિબંધ મૂકવામાં આવશે. આયોગના જણાવ્યા મુજબ દિલ્હી-NCRમાં સૂક્ષ્મ કણો PM2.5ના પ્રદૂષણમાં વાહનોનો મહત્વનો ફાળો છે. દિલ્હીમાં 1 જાન્યુઆરી 2027થી નવા પેટ્રોલ, ડીઝલ અને CNGથી ચાલતા N1 શ્રેણીના હળવા માલવાહક વાહનોના રજિસ્ટ્રેશન પર પ્રતિબંધ લાગુ થશે.

# ગલ્ફ દેશોમાં ગુમાંગ વેચતાં કરોડો મળવાની આશાએ BBA વિદ્યાર્થી દ્વારા કિશોરની હત્યા

**ભોપાલ**

મધ્યપ્રદેશના ભોપાલમાં ઈન્સ્ટાગ્રામ પર વાયરલ ખોટી રીલ અને અંધશ્રદ્ધાના કારણે 16 વર્ષના કિશોરની હત્યા થઈ. રીલમાં ગલ્ફ દેશોમાં માનવ અંડકોષ વેચવાથી 1 કરોડથી 1.5 કરોડ રૂપિયા મળતા હોવાનો દાવો હતો. તેનાથી પ્રભાવિત 20 વર્ષીય બીબીએ વિદ્યાર્થી ઝોહેબ ખાને પોતે ડોક્ટર હોવાનો ઢોંગ કરી 4 સાથીદારોને કરોડોની લાલચ આપી કાવતરું ઘડ્યું હતું. કિશોર ઈકબાલ મેદાન અને મોતી મસ્જિદ પાસે પેન-કીચેન વેચતો હતો. 6 ઓગસ્ટે ઝઘડામાં મદદના બહાને તેને ખાતલાપુરાના ધોબી ઘાટ લઈ જવાયો. ઝોહેબે ઓનલાઈન ખરીદેલા એપ્રોન-સ્ટેથોસ્કોપ પહેરી વીડિયો કોલથી હત્યાની સૂચના આપી. કિશોરને છરી મારી હત્યા કરી બ્લેડથી અંગો અલગ કરાયા. 10 ઓગસ્ટે લોઅર લેકમાંથી મૃતદેહ મળ્યો અને 15 ઓગસ્ટે હાથના ટેટૂથી ઓળખ થઈ. અંગો 2 દિવસ બરફમાં રાખી ગ્રાહક શોધાયો, પરંતુ ગ્રાહક ન મળતાં અને સાચવવાની તબીબી જાણકારીના અભાવે અપર-લોઅર લેકમાં ફેંકાયા. પોલીસે ઝોહેબ સહિત સાથીદારોને પકડ્યા. પોલીસ મુજબ આ સંગઠિત અંગ તસ્કરી નહીં, પરંતુ અફવાનું પરિણામ છે. પુરાવા માટે ડાઈવર્સની મદદ લેવાઈ હતી.

# 1984માં રમખાણ કેસમાં આજીવન સજા ભોગવી રહેલા સજ્જન કુમારનું 84 વર્ષે નિધન

**નવી દિલ્હી**

કોંગ્રેસના પૂર્વ નેતા અને ત્રણ વખત સાંસદ રહેલા સજ્જન કુમારનું 84 વર્ષની વયે નિધન થયું છે. 1984ના શીખ વિરોધી રમખાણોમાં જસવંત સિંહ અને પુત્ર તરુન્દીપ સિંહની હત્યા કેસમાં ભીડને ઉશ્કેરવા બદલ દોષિત ઠેરવાતા દિલ્હી હાઈકોર્ટે 17 ડિસેમ્બર 2018ના રોજ આજીવન કેદની સજા આપી હતી, જેને સુપ્રીમ કોર્ટે યથાવત રાખી હતી. 27 એપ્રિલ 2022ના રોજ એક કેસમાં જામીન મળ્યા છતાં બીજા કેસમાં દોષિત હોવાથી તેઓ છેલ્લા 7 વર્ષથી તિહાડ જેલમાં બંધ હતા. હોસ્પિટલના સૂત્રો મુજબ તેમને સફદરજંગ હોસ્પિટલમાં મૃત અવસ્થામાં લવાયા હતા. એપ્રિલ 2026માં બીમાર પત્નીને મળવા જામીન માંગતા સુપ્રીમ કોર્ટે ઈનકાર કર્યો હતો.

# મણિપુરમાં એનઆરસી અપડેટ કરવાની માંગ સાથે વિરોધ, 3 દિવસ શાળા-કોલેજો બંધ રાખવા આદેશ

## હડતાળની જાહેરાતના બીજા દિવસે અનેક જગ્યાએ રેલીઓ નીકળી, નેતાઓના પૂતળા સળગાવ્યા

**ઇમ્ફાલ**

રાજ્યમાં વર્તમાન કાયદા વ્યવસ્થાની સ્થિતિને ધ્યાને રાખતા તમામ શૈક્ષણિક સંસ્થાઓને આગામી ત્રણ દિવસ સુધી બંધ રાખવાનો આદેશ આપ્યો હોવાનું જાણવા મળ્યું છે. 20 ઓગસ્ટથી ત્રણ દિવસ સુધી રાજ્યની દરેક શાળાઓ, કોલેજો અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓને બંધ રાખવામાં આવશે. સૂત્રો દ્વારા મળતી જાણકારી પ્રમાણે રાજ્યમાં વસ્તીગણતરી પહેલા રાષ્ટ્રીય નાગરિક રજિસ્ટરને અપડેટ કરવાની માંગ સાથે આંદોલન ચાલી રહ્યું છે.



આ માંગણી સાતે કેમ્પેઈન ફોર જસ્ટ એન્ડ ફેયર ડિલિમિટેશને 48 કલાક સુધા હડતાળની જાહેરાત કરી છે. હડતાળની જાહેરાતના બીજા દિવસે અનેક જગ્યાએ રેલીઓ નીકળી અને કેટલાક રાજનેતાઓના પૂતળા પણ સળગાવવામાં આવ્યાં હતાં. મૂળ માંગણી કરવામાં આવે તો, પ્રદર્શનકારીઓની માંગણી માત્ર એટલી જ છે કે, રાજ્યમાં વસ્તીગણતરી કરવામાં આવે તે પહેલા રાષ્ટ્રીય નાગરિક રજિસ્ટરને અપડેટ કરવામાં આવે! સૂત્રોના જણાવ્યાં પ્રમાણે JFD પોતાના આંદોલનને વધારે તેજ કરવા માટે આજે તમામ સરકારી ઓફિસનો બહિષ્કાર કરવાની જાહેરાત કરી હતી. વસ્તી ગણતરી પહેલા મણિપુરમાં NRC અપડેટ કરવાની માંગ પાછળના મુખ્ય મુદ્દાઓ નાગરિકતા, કથિત ગેરકાયદેસર સ્થળાંતર અને વસ્તીના આંકડાઓ છે.

# મહારાષ્ટ્રમાં હવે ઓટો-ટેક્સી ડ્રાઈવરો માટે મરાઠી ફરજિયાત, નહીં આવડે તો પરમિટ રદ થશે

**મુંબઈ**

મહારાષ્ટ્ર સરકારે ઓટો-રિક્ષા, ટેક્સી અને ઓલા-ઉબેર જેવી કેબ સેવા ચલાવતા ડ્રાઈવરો માટે મરાઠી ભાષાનું પૂરતું કાર્યકારી જ્ઞાન ફરજિયાત બનાવ્યું છે. રાજ્યના પરિવહન વિભાગે મોટર વાહન અધિનિયમના સુધારેલા નિયમો હેઠળ આ નિર્ણયનો અમલ શરૂ કર્યો છે. મરાઠી બોલવામાં અસમર્થ જણાતા ડ્રાઈવર સામે લાયસન્સ, ડ્રાઈવિંગ બેજ અથવા પરમિટ રદ કરવા સુધીની કાર્યવાહી થઈ શકે છે. નિયમનો ભંગ કરનારા ડ્રાઈવરોની ભાષાકીય ક્ષમતા પણ પરિવહન વિભાગ દ્વારા ચકાસવામાં આવશે. મરાઠી ન આવડતા ડ્રાઈવરોને શરૂઆતમાં ભાષા શીખવા માટે 1 મહિનાનો સમય આપવામાં આવશે. મરાઠી શીખવામાં નિષ્ફળ રહેનારા ડ્રાઈવરનો ડ્રાઈવિંગ બેજ 3 મહિના માટે સસ્પેન્ડ કરાશે.

# રામ મંદિર પ્રસાદના નામે નકલી મીઠાઈ વેચાઈ, એમેઝોનને 1 લાખનો દંડ કરાયો

## દંડ 15 દિવસમાં ભરવા પણ નિર્દેશ આપવામાં આવ્યો

**નવી દિલ્હી**

સેન્ટ્રલ કન્ઝ્યુમર પ્રોટેક્શન ઓથોરિટીએ એમેઝોન સેલર સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડ પર 1 લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. દંડ 15 દિવસમાં ભરવા પણ નિર્દેશ આપવામાં આવ્યો છે. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટની સત્તાવાર પરવાનગી લીધા વિના એમેઝોનના માધ્યમથી 'શ્રી રામ મંદિર અયોધ્યા પ્રસાદ'ના નામે સામાન્ય મીઠાઈઓ વેચવામાં આવતી હોવાના મામલે આ કાર્યવાહી કરવામાં આવી છે. આ મામલો જાન્યુઆરી 2024માં રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ દરમિયાન સામે આવ્યો હતો. પ્લેટફોર્મ પર 'બિહાર બ્રધર્સ' બ્રાન્ડ હેઠળ ઘીના લાડુ, ખોયા લાડુ, બુંદીના લાડુ અને પેડા જેવી સામાન્ય મીઠાઈઓનું વેચાણ કરવામાં આવતું હતું. આ ઉત્પાદનો પર ધાર્મિક છબીઓ સાથે 'શ્રી રામ જન્મભૂમિ મંદિર અયોધ્યાના આશીર્વાદ' જેવા દાવા કરવામાં આવ્યા હતા. CCPAના જણાવ્યા અનુસાર, ટ્રસ્ટની પરવાનગી વિના આવા દાવા કરવા ભ્રામક વેપાર પ્રથા છે અને તેનાથી લાખો ભક્તોની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચી હતી.

# જેન-ઝીને આકર્ષવા મોદી સરકારનો પ્લાન, હવે કેન્દ્રીય મંત્રી રોજ યુનિવર્સિટીની મુલાકાત લેશે

## શિક્ષણ સુધારાના આંદોલન વચ્ચે યુવાનો સાથે સીધો સંવાદ વધારવા સરકારનો પ્રયાસ

**નવી દિલ્હી**

શિક્ષણમાં સુધારાની માગ સાથે યુવાનો આંદોલન કરી રહ્યા છે ત્યારે મોદી સરકારે જેન-ઝીને પોતાની સાથે જોડવા માટે દેશવ્યાપી અભિયાનની તૈયારી કરી છે. અહેવાલો અનુસાર, સરકાર 'વન ડે, વન યુનિવર્સિટી' નામનું અભિયાન શરૂ કરી રહી છે, જેના હેઠળ કેન્દ્રીય મંત્રીઓ દરરોજ 1 યુનિવર્સિટીની મુલાકાત લેશે અને વિદ્યાર્થીઓ સાથે સીધો સંવાદ કરીને તેમની ચિંતાઓ અને અપેક્ષાઓ સમજવાનો પ્રયાસ કરશે. આ માટે તમામ કેન્દ્રીય મંત્રીઓને નવી જવાબદારી સોંપવામાં આવી હોવાના અહેવાલો છે. આ અભિયાનનો મુખ્ય હેતુ સરકાર અને જેન-ઝી વચ્ચેનો સંપર્ક તથા સંવાદ વધારવાનો છે.

મંત્રીઓ યુનિવર્સિટીઓમાં જઈને દેશને અસર કરતા વિવિધ મુદ્દાઓ પર યુવાનોના અભિપ્રાય મેળવશે અને તેમની સાથે ચર્ચા કરશે. આ ઉપરાંત સરકાર દ્વારા યુવાનો અને વિદ્યાર્થીઓ માટે ચલાવવામાં આવતી વિવિધ યોજનાઓની માહિતી પણ તેમના સુધી પહોંચાડવામાં આવશે.


શિક્ષણમાં સુધારાની માગ સાથે દિલ્હીના જંતર-મંતર પર હજારો યુવાનો લાંબા સમય સુધી આંદોલન કરી ચૂક્યા છે. ત્યાર બાદ સરકાર તરફથી જેન-ઝીને જોડવાના પ્રયાસો વધ્યા હોવાનું માનવામાં આવે છે. અગાઉ વડાપ્રધાન મોદીએ ઈન્સ્ટાગ્રામ પર રીલ પણ શેર કરી હતી અને હવે કેન્દ્રીય મંત્રીઓને યુવાનો વચ્ચે મોકલવાની તૈયારી છે.

# ઓપન સ્કૂલના ડેપ્યુટી ડાયરેક્ટરના ઘરે EOUના દરોડા, રૂ. 3.43 કરોડની બેનામી સંપત્તિ મળી

## ગુપ્ત માહિતી-ઊંડી ચકાસણી બાદ EOUની ટીમે કોર્ટ પાસેથી સર્ચ વોરંટ મેળવ્યું હતું

બિહાર બોર્ડ ઓફ ઓપન સ્કૂલિંગ એન્ડ એક્ઝામિનેશન્સ (BBOSE) ના ડેપ્યુટી ડાયરેક્ટર અજય કુમાર સિંહના ઠેકાણાઓ પર EOUની ટીમે સપાટો બોલાવ્યો છે. પટના અને બેગુસરાય સહિતના ત્રણ અલગ-અલગ સ્થળો પર ચાલી રહેલા આ દરોડા દરમિયાન કરોડો રૂપિયાની EOU દ્વારા અપ્રમાણસર સંપત્તિનો પર્દાફાશ થયો છે, જેણે શિક્ષણ જગતમાં ભારે ચકચાર મચાવી દીધી છે. વિશ્વસનીય સૂત્રો દ્વારા મળેલી ગુપ્ત માહિતી અને તેની ઊંડી ચકાસણી બાદ, EOU ની ટીમે વિશેષ કોર્ટ પાસેથી સર્ચ વોરંટ મેળવ્યું હતું. ત્યારબાદ નાયબ પોલીસ અધિક્ષક કક્ષાના અધિકારીઓ હેઠળ આ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. પ્રાથમિક તપાસ અને દસ્તાવેજોની ચકાસણીમાં સામે આવ્યું છે કે





ડેપ્યુટી ડિરેક્ટર અજય કુમાર સિંહે તેમની કાયદેસરની અને જાણીતી આવક કરતા અનેક ગણી વધુ સંપત્તિ વસૂલી છે. સત્તાવાર આંકડા મુજબ, તેમની અપ્રમાણસર સંપત્તિ અંદાજે 3,43,78,300 જેટલી છે, જે તેમની કુલ જાણીતી આવક કરતાં આશરે 90.04 ટકા વધુ છે.

**રાષ્ટ્રીય ગીત વિવાદ પર અમિત શાહના પ્રહાર**

# કોંગ્રેસે વંદે માતરમના ટુકડા કર્યા બે છંદ ગાવાનો નિર્ણય રાષ્ટ્રવિરોધી

**નવી દિલ્હી**

'વંદે માતરમ' વિવાદ પર ચાલી રહેલા રાજકીય વિવાદ વચ્ચે, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા છે. ગુરુવારે મીડિયા સાથે વાત કરતા, અમિત શાહે એવી ટિપ્પણી કરી કે, કોંગ્રેસે ગઈકાલે રાષ્ટ્રવિરોધી નિર્ણય લીધો હતો. 'વંદે માતરમ' ના ફક્ત બે છંદ ગાવાનું પગલું રાષ્ટ્રવિરોધી છે. શાહે કહ્યું કે કોંગ્રેસે મુસ્લિમ સમુદાયને ખુશ કરવા માટે 1937 માં દેશના ભાગલાનો પાયો નાખ્યો હતો, જેના કારણે 'દ્વિ-રાષ્ટ્ર સિદ્ધાંત' મજબૂત બન્યો, જેના કારણે દેશનું વિભાજન થયું અને પાકિસ્તાનનું નિર્માણ થયું. શાહે ભારપૂર્વક જણાવ્યું કે, મોદી સરકારે કોંગ્રેસ દ્વારા કરવામાં આવેલી તે ઐતિહાસિક ભૂલને સુધારી છે. ગૃહમંત્રી અમિત શાહે વધુમાં જણાવ્યું હતું કે, મોદી સરકારે ભૂતકાળની ભૂલ સુધારીને અને આખું ગીત ગવાય તેની ખાતરી કરીને રાષ્ટ્રીય એકતાને મજબૂત બનાવી છે. "અમે તમામ સરકારી કાર્યક્રમોમાં આખું ગીત ગાવાના નિર્ણયને કાનૂની સમર્થન પણ આપ્યું છે.

# JPSC વિવાદમાં હાઈકોર્ટનો સ્ટે, 2950 નિમણૂકોને રાહત, વિદ્યાર્થીઓનું આંદોલન એળે?

**રાંચી**

રાંચીમાં JPSCની 11મીથી 13મી પરીક્ષા અને તેના આધારે થયેલી 2,950 નિમણૂકો રદ કરવાના હેમંત સોરેન સરકારના નિર્ણય પર ઝારખંડ હાઈકોર્ટે સ્ટે મૂકતા નવનિયુક્ત ઉમેદવારોને રાહત મળી છે. આ પરીક્ષામાં ગેરરીતિ સામે વિદ્યાર્થીઓએ લાંબા સમય સુધી રસ્તા પર ઉતરી, ભૂખ હડતાળ કરી પારદર્શક ભરતીની માંગ કરી હતી, જેથી સરકારે તપાસ, ફાસ્ટ ટ્રેક કોર્ટની વિનંતી, JPSC-JSSCમાં મોનીટરીંગ સેલ અને સુધારા સમિતિ જાહેર કરી હતી. નવનિયુક્તોની દલીલ છે કે વ્યક્તિગત પુરાવા વિના તમામને દોષિત ન ગણાય. હાઈકોર્ટનો આદેશ અંતિમ નથી, તપાસ બાકી છે. હવે પડકાર 2,950ના હિત અને હજારોના મેરિટ વચ્ચે સંતુલનનો છે.

# નાલસારમાં CJIનો વિરોધ અને વિવાદ BCIના મનન મિશ્રાના રાજીનામાની માગ

**નવી દિલ્હી**

બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના પ્રમુખ મનન કુમાર મિશ્રા સામે કોકરોચ જનતા પાર્ટી અને ઓલ ઈન્ડિયા યંગ એડવોકેટ્સ એસોસિએશન દ્વારા વિરોધ પ્રદર્શનનું એલાન કરીને તેમના રાજીનામાની માંગ કરવામાં આવી છે. સીજેપીના નેતાઓ દ્વારા પણ આ પ્રદર્શનને સમર્થન આપવામાં આવ્યું છે. નાલસાર યુનિવર્સિટીના કેટલાક વિદ્યાર્થીઓએ દીક્ષાંત સમારોહમાં ભારતના ચીફ જસ્ટિસ સૂર્યકાંતને ચીફ ગેસ્ટ તરીકે આમંત્રિત કરવાના પ્રસ્તાવનો પત્ર લખીને વિરોધ કર્યો હતો. આ વિવાદ બાદ BCI ચેરમેન મનન કુમાર મિશ્રાએ આ વર્ષે નાલસાર યુનિવર્સિટીમાંથી ગ્રેજ્યુએટ થનારા કોઈપણ વિદ્યાર્થીને એડવોકેટ તરીકે રજિસ્ટર ન કરવાનો આદેશ આપી દીધો હતો. તેમણે જણાવ્યું હતું કે કાઉન્સિલ આ ઝુંબેશ પાછળ જવાબદાર લોકોની તપાસ કરી રહી છે. વિવાદ વધતાં મનન કુમાર મિશ્રાએ દિલગીરી વ્યક્ત કરતા કહ્યું કે, 'જો મારા કોઈ શબ્દ કે પત્રથી કાનૂની શિક્ષણ મેળવી રહેલા વિદ્યાર્થીઓની લાગણી દુભાઈ હોય તો હું તેના માટે પ્રામાણિકપણે ખેદ વ્યક્ત કરું છું અને માફી માંગુ છું. દિલગીરી વ્યક્ત કરવી એ અહંકારનો વિષય નથી, આપણા વિદ્યાર્થીઓની ચિંતાઓ અને ભાવનાઓ આપણા માટે મહત્ત્વ ધરાવે છે તેનો સ્વીકાર છે.'

# ઘરનું ભાડું ભરવાના પૈસા નથી! આર્થિક સંકડામણના કારણે શહઝાદ પૂનાવાલાનું રાજીનામું

**કોલકાતા**

ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા શહઝાદ પૂનાવાલાએ પક્ષના તમામ હોદ્દા અને પ્રાથમિક સભ્યપદ પરથી રાજીનામું આપી દીધું છે. તેમણે પોતાના આ અચાનક લીધેલા નિર્ણય પાછળ આર્થિક મુશ્કેલીઓ અને અંગત સંજોગોને મુખ્ય કારણ ગણાવ્યા છે. રાજીનામા બાદ એક ઈન્ટરવ્યૂમાં શહઝાદ પૂનાવાલાએ સ્પષ્ટતા કરી હતી કે ભાજપ સહિતની કોઈ પણ રાજકીય પાર્ટી પોતાના પ્રવક્તાઓ કે કાર્યકરોને પગાર આપતી નથી. તેમણે જણાવ્યું કે, 'મારે પણ ઘરનું ભાડું ચૂકવવું પડે છે અને મકાનમાલિક ભાજપમાં હોવાના નામે ભાડું માફ કરતો નથી. રાજકીય પક્ષો પોતાના કાર્યકરોનું ગુજરાન ચલાવતા નથી, તેથી મારે મારી રોજીરોટી માટે અલગ રસ્તો પસંદ કરવો જરૂરી બન્યો હતો.'

# હોકી વર્લ્ડ કપમાં પાક.ને ૫-૩થી હરાવી ભારત બીજા રાઉન્ડમાં પ્રવેશ્યું


## કેપ્ટન હરમનપ્રીત અને અભિષેકના બે-બે ગોલ, હાર સાથે પાક. વર્લ્ડ કપમાંથી બહાર, કુલ ૫ ગોલ સાથે હરમનપ્રીતસિંહ ટુર્નામેન્ટનો ટોપ ગોલ સ્કોરર

**એમ્સ્ટલવીન**

હોકી વર્લ્ડ કપ ૨૦૨૬ના હાઈ-વોલ્ટેજ મુકાબલામાં ભારતે કટ્ટર હરીફ પાકિસ્તાનને ૫-૩ થી હરાવીને ટુર્નામેન્ટના બીજા રાઉન્ડમાં શાનદાર પ્રવેશ કરી લીધો છે. એમ્સ્ટલવીનના વેગનર સ્ટેડિયમ ખાતે રમાયેલા પૂલ-ઢ ના આ મુકાબલામાં ભારતીય ટીમે શરૂઆતથી જ પાકિસ્તાન પર ભારે દબાણ જાળવી રાખ્યું હતું. કેપ્ટન હરમનપ્રીત સિંહ અને અભિષેકના બે-બે ગોલની મદદથી ભારતે મેચ પર પોતાની પકડ મજબૂત કરી હતી, જ્યારે હાર્દિક સિંહે પણ એક ગોલ ફટકાર્યો હતો. પાકિસ્તાન તરફથી હન્નાન શાહિદે બે અને સુફિયાન ખાને એક ગોલ નોંધાવ્યો હતો. આ હાર







સાથે જ પાકિસ્તાનની વર્લ્ડ કપની સફનો અંત આવી ગયો છે. ભારત અને પાકિસ્તાન વચ્ચેના મુકાબલાની શરૂઆતથી જ ભારતીય ટીમે અત્યંત આક્રમક વલણ અપનાવ્યું હતું. મેચની ચોથી મિનિટે ભારતને પેનલ્ટી કોર્નર મળ્યો અને તેની બરાબર એક મિનિટ બાદ કેપ્ટન હરમનપ્રીત સિંહે શાનદાર ગોલ કરીને ટીમને ૧-૦ ની સરસાઈ અપાવી હતી. ત્યારબાદ નવમી મિનિટે પાકિસ્તાનના મુહમ્મદ હમ્માદુદ્દીનને ગ્રીન કાર્ડ મળતાં ભારતે તેનો પૂરો ફયદો ઉઠાવ્યો હતો. ૧૦મી મિનિટે અભિષેકે વધુ એક શાનદાર ગોલ ફટકારીને ભારતની લીડ ૨-૦ કરી દીધી હતી. ભારતે પ્રથમ ક્વાર્ટરના અંત સુધી પાકિસ્તાનને ગોલ કરવાની કોઈ જ તક આપી ન હતી.

# ભારતની મહિલા હોકી ટીમે ડ્રો સાથે ઈંગ્લેન્ડને ટુર્નામેન્ટમાંથી બહાર કર્યું

## ભારતની મહિલા હોકી ટીમ બીજા રાઉન્ડમાં પ્રવેશી સેમિ. ફાઇનલની આશા જીવંત રાખી

**એમ્સ્ટલવીન**

FIH વિમેન્સ હોકી વર્લ્ડ કપમાં પૂલ-ડીના પોતાના અંતિમ લીગ મુકાબલામાં ભારતીય મહિલા હોકી ટીમે શાનદાર પ્રદર્શન કરતાં ઈંગ્લેન્ડ સામેની મેચ ૦-૦થી ગોલરહિત ડ્રો રાખી હતી. આ ડ્રો સાથે જ ભારતીય ટીમે ટૂર્નામેન્ટમાં અજેય રહેતાં બીજા રાઉન્ડમાં પ્રવેશ કરી લીધો છે અને સેમિફાઈનલની આશાઓ જીવંત રાખી છે. બીજી તરફ, ભારતે મજબૂત ટક્કર આપતાં ઈંગ્લેન્ડનું અભિયાન ગ્રૂપ સ્ટેજમાં જ સમાપ્ત કરી દીધું હતું. ચીન સામે ૨-૨થી ડ્રો અને સાઉથ આફ્રિકા સામે ૬-૧થી મોટી જીત બાદ આ ડ્રો સાથે ભારતીય ટીમ પોતાના ગ્રૂપમાંથી આગેકૂચ કરવામાં સફળ રહી છે. મેચના પ્રથમ ક્વાર્ટરમાં ભારતીય ટીમે આક્રમક રમત દાખવીને ગોલ કરવાના ઉત્તમ તક ઉભી કરી હતી. ઈશિકાએ ઈંગ્લેન્ડના ડિફેન્સને ભેદીને સચોટ શોટ લગાવ્યો હતો, જેને વિપક્ષી ગોલકીપરે નિષ્ફળ બનાવ્યો હતો. ત્યારબાદ ભારતને પેનલ્ટી કોર્નર મળ્યો હતો, જેમાં નવનીત કૌરે કરેલા ગોલને અમ્પાયરે અમાન્ય જાહેર કર્યો હતો. પ્રથમ બે ક્વાર્ટરમાં ઈંગ્લેન્ડને એક ગ્રીન અને એક યલો કાર્ડનો સામનો કરવો પડયો હતો. બીજા ક્વાર્ટરની આખરી ક્ષણોમાં ઈંગ્લેન્ડને તક મળી હતી, પરંતુ ભારતીય ડિફેન્ડર જ્યોતિએ તેમના આક્રમણને તોડી પાડયું હતું, જેથી પ્રથમ હાફ ગોલરહિત રહ્યો હતો.

ઈંગ્લેન્ડ સામેની મેચમાં ભારતીય મહિલા હોકી ટીમે આક્રમક રમત દાખવી સતત દબાણ બનાવ્યું હતું અને કુલ ૧૨ પેનલ્ટી કોર્નર મેળવ્યા હતા.



# ૬૦૦મી ટેસ્ટમાં ભારતે શ્રીલંકાને ૧૬૫ રનથી કચડી WTCની આશા જીવંત રાખી

ગાલે : શ્રીલંકા સામે રમાયેલી ગૉલ ટેસ્ટમાં ભારતીય ક્રિકેટ ટીમે ૧૬૫ રનથી શાનદાર જીત નોંધાવીને વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ૨૦૨૫-૨૭ની પોઈન્ટ ટેબલમાં જબરદસ્ત વાપસી કરી છે. આ ઐતિહાસિક જીત સાથે ભારતે ૧૨ પોઈન્ટ મેળવીને કુલ ૬૪ પોઈન્ટ સાથે પાંચમા સ્થાનેથી ઉપર તરફ મોટી છલાંગ લગાવી છે. મેચ અગાઉ ૪૮.૧૫ ટકાની સરખામણીએ હવે ભારતની જીતની ટકાવારી વધીને સીધી ૫૩.૩૩ ટકા થઈ ગઈ છે. આ વિજય સાથે જ ભારતે બે મેચની ટેસ્ટ શ્રોણીમાં ૧-૦ની મહત્વપૂર્ણ લીડ મેળવી લીધી છે. હવે શ્રેણીનો બીજો અને નિર્ણાયક મુકાબલો આગામી ૨૩ ઓગસ્ટથી કોલંબો ખાતે રમાશે. ભારતની આ જીતમાં પહેલી અને બીજી ઈનિંગમાં મળીને કુલ ૧૦ વિકેટ લેનાર સ્પીનર માનવ સુથાર અને ૧૬૭/૪૪ રનની ઈનિંગ રમનાર દેવદત્ત પડિક્કલનો રોલ મુખ્ય રહ્યો હતો. પડિક્કલને તેની શાનદાર ઈનિંગ બદલ પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરાયો હતો. અગાઉ શ્રીલંકાએ પાંચમા દિવસે ૪ વિકેટ પર ૮૪ રનથી ઈનિંગને આગળ વધારતા ૭૭.૪ ઓવરમાં ૨૦૬ના સ્કોર પર ઓલઆઉટ થઈ ગયું હતું.

## માનવ સુથારે વિદેશમાં ૧૦ વિકેટ ઝડપનાર સૌથી યુવા ભારતીય બોલર બનવાનો રેકોર્ડ નોંધાવ્યો



શ્રીલંકા સામે ગૉલ ટેસ્ટમાં ભારતના લેફ્ટ આર્મ સ્પિનર માનવ સુથારે મોટો કીર્તિમાન નોંધાવ્યો છે. પોતાની કારકિર્દીની માત્ર બીજી જ ટેસ્ટ રમી રહેલા સુથારે મેચમાં કુલ ૧૦ વિકેટ ઝડપીને નવો ઈતિહાસ રચ્યો છે. ડેબ્યૂ બાદ સૌથી ઓછા મેચમાં ૧૦ વિકેટ લેનાર તે ચોથો ભારતીય બોલર બની ગયો છે. અગાઉ નરેન્દ્ર હિરવાણીએ ડેબ્યૂ ટેસ્ટમાં, જ્યારે લક્ષ્મણ શિવરામકૃષ્ણન, શ્રીનિવાસ વેંકટરાઘવન અને અક્ષર પટેલે પોતાની બીજી ટેસ્ટમાં આ સિદ્ધિ મેળવી હતી.

# ખેલ પારિતોષિક ૨૦૨૫ જાહેર ૧૭ ખેલાડીઓને અર્જુન એવોર્ડ

**નવી દિલ્હી**

યુવા મામલા અને ખેલ મંત્રાલયે મંગળવારે રાષ્ટ્રીય ખેલ પુરસ્કાર ૨૦૨૫ની જાહેરાત કરી હતી. ૧૭ ખેલાડીઓને અર્જુન એવોર્ડથી સન્માનિત કરવાની જાહેરાત કરાઈ છે. આ વર્ષે મેજર ધ્યાનચંદ ખેલ રત્ન એવોર્ડ માટે કોઈ ખેલાડીની પસંદગી કરાઈ નથી. આ વખતના અર્જુન એવોર્ડ વિજેતા ખેલાડીઓની યાદીમાં સૌથી ચોંકાવનારી વાત એ છે કે તેમાં કોઈ પણ ક્રિકેટર સામેલ નથી. યાદીમાં ટોચના સ્થાને કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૬માં ભારતના હીરો રહેલા તેજસ્વિન શંકર અને બોક્સર નરેન્દ્ર બેરવાલ છે. બેડમિન્ટન ખેલાડી પુલેલા ગોપીચંદને પણ પસંદ કરાયા છે. ચેસ ખેલાડી વિદિત ગુજરાતી અને દિવ્યા દેશમુખની પણ એવોર્ડ માટે પસંદગી કરાઈ છે. તે ઉપરાંત આઇ અરુમૈનાયગમને લાઈફટાઈમ અર્જુન એવોર્ડ પ્રદાન કરાયો છે. આ યાદીમાં માત્ર એક જ ખેલાડીનું નામ સામેલ છે. અર્જુન એવોર્ડ ઉપરાંત પાંચ પ્રશિક્ષકોને દ્રોણાચાર્ય એવોર્ડથી સન્માનિત કરવા માટે નામાંકિત કરાયા છે, જેમાં બે લાઈફટાઈમ છે. રમતમાં ઉત્કૃષ્ટ કોચ માટે દ્રોણાચાર્ય એવોર્ડ તેવા કોચિસને અપાય છે જેઓ સતત ઉત્કૃષ્ટ અને પ્રસંશનીય કાર્ય કરે છે.

# ડિવિલિયર્સે વિરાટને સચિનથી મહાન કહેતાં વિવાદ છેડાયો

**નવી દિલ્હી**

ભારતીય ક્રિકેટના બે મહાન બેટ્સમેન સચિન તેંડુલકર અને વિરાટ કોહલી વચ્ચેની તુલના હંમેશાં ચર્ચાનો વિષય રહી છે. હવે દક્ષિણ આફ્રિકાના પૂર્વ કેપ્ટન એબી ડિવિલિયર્સે બંને દિગ્ગજોની સરખામણી કરતા એક એવું નિવેદન આપ્યું છે, જેણે નવી ચર્ચા અને વિવાદને જન્મ આપ્યો છે. ડિવિલિયર્સના મતે વિદેશી પરિસ્થિતિઓમાં કોહલી સચિન કરતા વધુ મજબૂત અને ચડિયાતો છે. પોતાની યુટયુબ ચેનલ પર વાત કરતા ડિવિલિયર્સે સચિન અને વિરાટની બેટિંગ ટેકનિક અને વિદેશી પીચો પર તેમના પ્રદર્શનનું ઝીણવટભર્યું વિશ્લેષણ કર્યુ હતું.

# પંત ટેસ્ટમાં ૧૦૦ સિક્સર મારનાર પ્રથમ ભારતીય અને એશિયન ક્રિકેટર

**ગાલે** : ઋષભ પંતે મંગળવારે ભારત વિરુદ્ધ શ્રીલંકા પ્રથમ ટેસ્ટ મેચના ચોથા દિવસે શાનદાર અર્ધશતકીય ઈનિંગ રમી હતી. તેણે ૬૯ બોલમાં ૬૬ રન બનાવ્યા.



પંતે છગ્ગો ફટકારીને ૨૦મી ટેસ્ટ અડધી સદી પૂરી કરી અને ઈતિહાસ રચ્યો હતો. તેની ટેસ્ટ કેરિયરની તે ૧૦૦મી સિક્સર હતી. તે ટેસ્ટ ક્રિકેટમાં ૧૦૦ સિક્સર ફટકારનાર પ્રથમ ભારતીય અને પ્રથમ એશિયન પ્લેયર બની ગયો છે. પહેલા આ કમાલ ઈંગ્લેન્ડના ભૂતપૂર્વ ઓલરાઉન્ડર બેન સ્ટોક્સ (૧૩૮ છગ્ગા), ન્યુઝીલેન્ડના ભૂતપૂર્વ ક્રિકેટર મેક્કુલમ (૧૦૭) અને ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ વિકેટકીપર ગિલક્રિસ્ટ (૧૦૦) એ કર્યો હતો.

# સિનસિનાટી ઓપનમાં મોટો ઉલટફેર, સબાલેન્કા અને ઝવેરેવ બહાર

## સારા બેઝલેકે વર્લ્ડ નંબર-૧ સબાલેન્કાને હરાવી અપસેટ સર્જ્યો

**ન્યૂયોર્ક**

સિનસિનાટી ઓપન ટેનિસ ટૂર્નામેન્ટમાં મોટો અપસેટ સર્જાયો હતો. મહિલા સિંગલ્સમાં વર્લ્ડ નંબર-૧ અને ખિતાબની પ્રબળ દાવેદાર આર્યના સબાલેન્કા તેમજ પુરુષ વિભાગમાં સ્ટાર ખેલાડી એલેક્ઝાન્ડર ઝવેરેવનો આઘાતજનક પરાજય થયો છે. ટૂર્નામેન્ટના અંતિમ આઠ પૂર્વે જ આ બંને દિગ્ગજો હારીને બહાર ફેંકાતા ટેનિસ જગતમાં આશ્ચર્ય ફેલાયું છે. વર્લ્ડ નંબર-૧ સબાલેન્કાને ચેક રિપબ્લિકની માત્ર ૨૦ વર્ષીય અને ૩૫મો રેન્ક ધરાવતી સારા બેઝલેકે ૭-૬ (૭), ૬-૪ થી સીધા સેટમાં હરાવીને મોટો ઉલટફેર કર્યો હતો. બીજી તરફ, પુરુષ સિંગલ્સમાં દિગ્ગજ એલેક્ઝાન્ડર ઝવેરેવને અમેરિકન ખેલાડી ટોમી પૉલ સામે હારનો સામનો કરવો પડયો હતો. પૉલે શાનદાર રમત દાખવીને ઝવેરેવને હરાવ્યો અને પોતાની કારકિર્દીની ૫૦મી ટૂર-લેવલ ક્વાર્ટર ફઈનલમાં પ્રવેશ કર્યો છે. પ્રથમ સેટમાં સબાલેન્કા ૨-૦ થી આગળ હતી, પરંતુ મેચ ટાઈબ્રેકમાં ગઈ જ્યાં બેઝલેકે ૯-૭ થી શાનદાર જીત મેળવી. બીજા સેટમાં પણ સબાલેન્કા ૪-૧ થી મજબૂત સ્થિતિમાં હોવા છતાં યુવા બેઝલેકે સતત ગેમ જીતીને મેચ પોતાના નામે કરી લીધી હતી. આ જીત સાથે બેઝલેકે



પ્રથમ વખત કોઈ ટોપ રેન્ક ખેલાડીને હરાવવાની સિદ્ધિ મેળવી છે. હવે ક્વાર્ટર ફઈનલમાં તેનો સામનો ૨૦૧૯ની ચેમ્પિયન અમેરિકન ખેલાડી મેડિસન કીઝ સામે થશે. વિશ્વની ટોચની ટેનિસ સ્ટાર અરીના સબાલેન્કાને તાજેતરની મહત્વપૂર્ણ ટૂર્નામેન્ટોના નિર્ણાયક તબક્કે આંચકાજનક હારનો સામનો કરવો પડયો છે. દબાણ હેઠળ સર્વિસમાં અનફેર્સ્ડ એરર્સ અને નિર્ણાયક ક્ષણોમાં લય ગુમાવવાને કારણે તે ક્વાર્ટર ફઈનલ અને સેમિફઈનલ જેવા મહત્વના મુકાબલાઓમાં હારીને ટાઈટલ જીતવાથી વંચિત રહી છે.

# કેન્યામાં સફારી હેલિકોપ્ટર ક્રેશ થતાં ઈક્વાડોરના ગુપ્તચર વડા અને તેમની પત્ની સહિત 7ના મોત

## ઉડાન ભર્યા બાદ સવારે 9:13 વાગ્યે યાંત્રિક ખામી સર્જાતા હેલિકોપ્ટર તૂટી પડ્યું

**નૈરોબી**

નૈરોબીથી અત્યંત દુઃખદ સમાચાર સામે આવ્યા છે. કેન્યાના પ્રખ્યાત સામ્બુરુ કાઉન્ટી વિસ્તારમાં એક સફારી હેલિકોપ્ટર તૂટી પડ્યું હતું. આ ભયાનક અકસ્માતમાં હેલિકોપ્ટરમાં સવાર તમામ 7 લોકોના ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યા હતાં. મૃતકોમાં ઈક્વાડોરની ગુપ્તચર એજન્સીના વડા મિશેલ સેન્સી કોન્ટુગી અને તેમની પત્નીનો સમાવેશ થાય છે. આ સાથે



આ દુર્ઘટનામાં અન્ય 5 અમેરિકન નાગરિકોના પણ મોત થયા હતા. હેલિકોપ્ટર લોઈસાબા વાઈલ્ડલાઈફ રિઝર્વમાંથી ઉડાન ભરીને પ્રવાસીઓને લઈ જઈ રહ્યું હતું ત્યારે સવારે આશરે 9:13 વાગ્યે અચાનક યાંત્રિક ખામી સર્જાતા હેલિકોપ્ટર નીચે ખાબક્યું હતું અને જમીન સાથે અથડાતા જ તેમાં ભીષણ આગ લાગી ગઈ હતી. ધડાકા સાથે હેલિકોપ્ટરના ટુકડા ટુકડા થઈ ગયા હતા. સ્થળ પરથી મળેલી તસવીરોમાં સળગતો કાટમાળ અને ભયાનક દ્રશ્યો જોવા મળી રહ્યા છે. કેન્યા સિવિલ એવિએશન ઓથોરિટી દ્વારા આ દુર્ઘટનાની પુષ્ટિ કરવામાં આવી છે.

# ફ્લોરિડામાં મૂળ ભારતીય પિયા ડાંડિયાએ ડેમોક્રેટિક પ્રાઈમરી ચૂંટણીમાં જીત મેળવી

**વોશિંગ્ટન**

ભારતીય મૂળના અમેરિકન મહિલા અને એક સ્કૂલના ભૂતપૂર્વ આચાર્ય પિયા ડાંડિયાએ ફ્લોરિડાના 22મા કોંગ્રેસનલ ડિસ્ટ્રિક્ટમાંથી ડેમોક્રેટિક પાર્ટીની પ્રાઈમરી ચૂંટણીમાં જીત મેળવી હતી. આ સાથે નવેમ્બરમાં યોજાનારી ચૂંટણીમાં તેમનો સામનો રિપબ્લિકન પાર્ટીના ઉમેદવાર અને ભૂતપૂર્વ મરીન સૈનિક કેસી અસ્કર સામે થશે.

ડાંડિયાને પ્રાઈમરી ચૂંટણીમાં 68.6 ટકા મત મળ્યા, જ્યારે તેમના હરિફ અને વકીલ કાયસિયા અર્લીને 31.4 ટકા મત મળ્યા હતા. ડાંડિયાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર એક મેસેજમાં કહ્યું હતું કે "એફએલ-22, આ અભિયાનમાં વિશ્વાસ કરવા બદલ આભાર. મેં મારા વિદ્યાર્થીઓ, મારા પુત્ર અને આ જિલ્લામાં ઉછરતા દરેક બાળક માટે ચૂંટણી લડવાનું નક્કી કર્યું છે જે સારા ભવિષ્યના હકદાર છે." તેમણે કહ્યું હતું કે આપણે સાથે મળીને ખર્ચ ઘટાડવા, ભ્રષ્ટાચારનો અંત લાવવા અને વોશિંગ્ટનને ફરીથી લોકો માટે કામ કરનારુ બનાવવાના આંદોલનને વધારીશું." ડેમોક્રેટિક નેશનલ કમિટી એ પણ ડાંડિયાને પ્રાઈમરીમાં જીત બદલ અભિનંદન આપ્યા હતા.

# મિર્ઝા ફખરૂલ ઈસ્લામ આલમગીરની જીત, 255 મત સાથે બન્યા રાષ્ટ્રપતિ

**ઢાકા**

બાંગ્લાદેશમાં 35 વર્ષ બાદ સ્પર્ધાત્મક રાષ્ટ્રપતિ ચૂંટણી યોજાઈ હતી. ગુરુવારે યોજાયેલા મતદાન બાદ મિર્ઝા ફખરૂલ ઈસ્લામ આલમગીરને દેશના નવા અને 23મા રાષ્ટ્રપતિ તરીકે વિજેતા જાહેર કરવામાં આવ્યા છે. તેમને કુલ 255 મત મળ્યા હતા, જ્યારે 11 પક્ષોના ગઠબંધનના ઉમેદવાર ઓલી અહમદને 88 મત મળ્યા હતા.

રાષ્ટ્રપતિ ચૂંટણી માટે ગુરુવારે બપોરે 2 વાગ્યાથી મતદાન શરૂ થયું હતું. સાંસદોએ બેલેટ પેપર દ્વારા પોતાના મત આપ્યા હતા. સાંજે 5 વાગ્યે મતદાન પૂર્ણ થયા બાદ મુખ્ય ચૂંટણી કમિશનર એએમએમ નાસિર ઉદ્દીને મિર્ઝા ફખરૂલ ઈસ્લામ આલમગીરને વિજેતા જાહેર કર્યા હતા. ચૂંટણીમાં મિર્ઝા ફખરૂલ ઈસ્લામ આલમગીરને 255 મત મળ્યા, જ્યારે ઓલી અહમદને 88 મત મળ્યા હતા. ચૂંટણી પહેલા ગૃહમંત્રી સલાઉદ્દીન અહમદે પણ જણાવ્યું હતું કે લાંબા સમય બાદ બંધારણીય પ્રક્રિયા હેઠળ રાષ્ટ્રપતિની ચૂંટણી સ્પર્ધાત્મક રીતે યોજાઈ રહી છે.

ચૂંટણીમાં વિજય મેળવ્યા બાદ મિર્ઝા ફખરૂલ ઈસ્લામ આલમગીર 21 ઓગસ્ટ 2026ના રોજ બાંગ્લાદેશના 23મા રાષ્ટ્રપતિ તરીકે શપથ લેશે.

# યુક્રેનનો રશિયામાં મોટો હુમલો : વેરહાઉસ ખાક

## રશિયામાં ડ્રોન હુમલામાં ઘાયલ ભારતીય વિદ્યાર્થી હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ

**મોસ્કો**

યુક્રેનનાં ડ્રોન હુમલાઓએ સમગ્ર રાત મોસ્કોની બહાર મોટા લોજિસ્ટિક સેન્ટરને નિશાન બનાવ્યું હતું. સવાર સુધી આ લોજિસ્ટિક સેન્ટરમાં આગ લાગી રહી હતી. રશિયાનાં સૌથી મોટા રિટેલ વેરહાઉસમાંથી એકમાંથી કાળો ધુમાડો નીકળી રહ્યો હતો. યુક્રેન રશિયામાં વધુ ડ્રોન હુમલા કરવાની તૈયારી કરી રહ્યું છે. યુક્રેનિયન સૈનિકોનું એક નાનું જૂથ સૂર્યમુખીનાં ખેતરમાં એકત્ર થયું હતું. તેમણે વિસ્ફોટકો ભરેલા ૨૦ નાના વિમાન જેવા ડ્રોન એકત્ર કર્યા હતાં અને પછી તેને રશિયા તરફ છોડયા હતાં.

યુક્રેને લાંબા અંતરનાં ડ્રોન તૈયાર કર્યા છે જે રશિયાનાં અંતરિયાળ વિસ્તારો સુધી ત્રાટકવાની ક્ષમતા ધરાવે છે. આ ડ્રોન રશિયાનાં મિલિટ્રી, ઈન્ડસ્ટ્રિયલ અને લોજિસ્ટિક સાઈટ પર હુમલા કરે છે. કીવને ચાલુ વર્ષે રશિયા પર હુમલાનું પ્રમાણ વધારી દીધું છે. રશિયા ચાલુ વર્ષે લાંબા અંતરની



મિસાઈલ અને ડ્રોનથી રશિયાને નિશાન બનાવી રહ્યું છે. યુક્રેનનાં હુમલાઓને કારણે રશિયન ઓનલાઈન રિટેલની મોટી કંપનીને અબજો ડોલરનું નુકસાન થયું છે. આ દરમિયાન મોસ્કોમાં ભારતીય એમ્બેસીએ જણાવ્યું છે કે રશિયામાં એક ભારતીય વિદ્યાર્થીને ડ્રોન હુમલામાં સામાન્ય ઈજા થઈ છે અને હોસ્પિટલમાં તેની સારવાર ચાલી રહી છે. ભારતીય નાગરિકની ઓળખ ઉફામાં બશ્કિર સ્ટેટ મેડિકલ યુનિવર્સિટીનાં સ્ટુડન્ટ તરીકે કરવામાં આવી છે.

# બ્રિટનમાં આયાતી ઈંડાથી સાલ્મોનેલા સંક્રમણ ફેલાતાં 1નું મોત, 200થી વધુ લોકો સંક્રમિત

## 1થી 90 વર્ષના લોકો સંક્રમિત, 34 હોસ્પિટલમાં દાખલ, રક્તપ્રવાહમાં ચેપથી હડકંપ

**લંડન**

બ્રિટનમાં સાલ્મોનેલા એન્ટેરિટિડિસ નામના ખતરનાક બેક્ટેરિયાને કારણે ફેલાયેલી બીમારીથી એક વ્યક્તિનું મોત થયું છે અને 200થી વધુ લોકો બીમાર પડ્યા છે. બ્રિટનની હેલ્થ સિક્યોરિટી એજન્સીએ પોતાના તાજેતરના સત્તાવાર અહેવાલમાં જણાવ્યું છે કે ઓગસ્ટ 2026 સુધીમાં આ ગંભીર ખોરાકી ઝેરને કારણે 1 વ્યક્તિનું મોત થયું છે અને 207 લોકો સંક્રમિત મળ્યા છે. સ્વાસ્થ્ય અધિકારીઓની પ્રાથમિક



તપાસમાં સામે આવ્યું છે કે આ સંક્રમણ બ્રિટનની બહારથી આયાત કરાયેલા ઈંડામાં રહેલા ચેપથી ફેલાયું છે.

એજન્સીના જણાવ્યા અનુસાર આ વાયરસથી પ્રભાવિત 207 લોકોની ઉંમર એક વર્ષથી લઈને 90 વર્ષ સુધીની છે. જે લોકો આ બીમારીની ઝપેટમાં આવ્યા છે તેમણે દૂષિત ઈંડા ઘર પર નહીં પરંતુ કેફે અને રેસ્ટોરન્ટમાં ખાધા હતા. આ સંક્રમણની શરૂઆત કેવી રીતે થઈ તે જાણવા માટે બ્રિટનની એજન્સી યુરોપીય દેશોની કેટલીક અન્ય એજન્સીઓ સાથે મળીને કામ કરી રહી છે. બીજી તરફ એજન્સીએ જણાવ્યું છે કે મૃતક વ્યક્તિ અને તેની સ્થિતિ અંગે કોઈ માહિતી આપી શકાય તેમ નથી, કારણ કે આ કેસની તપાસ હજુ ચાલી રહી છે.

# AI ડેવલપમેન્ટ માટે પ્રાચીન અને દુર્લભ પુસ્તકોનો નાશ કરાયો : રિપોર્ટમાં ખુલાસો

**કેલિફોર્નિયા**

એઆઈ કંપનીઓ એઆઈ મોડલ્સને ટ્રેનિંગ આપવા માટે કઈ હદ સુધી જઈ શકે છે તેના ચોંકાવનારા કિસ્સા સામે આવ્યા છે. લાર્જ લેંગ્વેજ મોડલ્સને ટ્રેનિંગ આપવા માટે મોટી સંખ્યામાં દુર્લભ અને પ્રાચીન પુસ્તકો ખરીદી, તેમની કોપી કરીને કચરામાં ફેંકવામાં આવી રહ્યા છે. એમેઝોન એન્ટિક પુસ્તકો ખરીદી રહ્યું છે. તેને કાપીને તેના પેજ સ્કેન કરી રહ્યું છે. ત્યારબાદ, પુસ્તકોનો નાશ કરી રહ્યું છે. જેથી ડેટાનો ઉપયોગ ટ્રેનિંગ માટે કરી શકાય. આ ખુલાસો ૪૦૪ મીડિયાના ઈન્વેસ્ટિગેટિવ રિપોર્ટમાં થયો છે. તેમણે એમેઝોન દ્વારા લઈ જવાતા ૧૦૦૦ રેર પુસ્તકોમાં એરટેગ લગાવ્યા હતા. આ પુસ્તકો તેમના વિશેષ યુનિટ ખાતે મળી આવ્યા હતા. બીજી તરફ, અમેરિકાની અદાલતમાં ચાલતા એક કોપીરાઈટ કેસના દસ્તાવેજો અનુસાર, એન્થ્રોપિક પ્રોજેક્ટ પનામા ચલાવી રહી છે. આ પ્રોજેક્ટનો હેતુ વિશ્વભર રેરના પુસ્તકો ખરીદીને તેના ડિસ્ટ્રક્ટિવ સ્કેનિંગનો છે. આ પ્રોજેક્ટ હેઠળ રેર પુસ્તકો બલ્કમાં ખરીદવામાં આવે છે. હાઈ-સ્પીડ સ્કેનરમાં ઝડપથી પેજ નાખવા માટે પુસ્તકની બાઈન્ડિંગ કાપી નાખવામાં આવે છે. સ્કેનિંપ પૂર્ણ થયા બાદ મૂળ પુસ્તકને કચરામાં ફેંકી દેવામાં આવે છે.

# ૧૩ સપ્ટેમ્બરે લંડનમાં થેમ્સ નદીના કાંઠે થશે ગંગા આરતી

**લંડન**

વારાણસી, હરિદ્વાર અને હૃષીકેશના ઘાટો પર જેવી રીતે કરવામાં આવે છે એવી જ રીતે પરંપરાગત અને ભવ્ય ગંગા આરતી આ વર્ષે ૧૩ સપ્ટેમ્બરે લંડનની થેમ્સ નદીના કિનારે યોજાશે. આ કાર્યક્રમ ગ્રીનવિચની ઓલ્ડ રૉયલ નેવલ કૉલેજ ખાતે યોજાશે. આ દિવસ રવિવાર, ભાદરવા સુદ બીજ છે અને વરાહ જયંતીનો તહેવાર છે. સાંજે ૪ વાગ્યાથી વિવિધ કાર્યક્રમ શરૂ થશે અને ૭.૧૫ વાગ્યે આરતી કરવામાં આવશે. આ કાર્યક્રમ ભારતીય સંસ્કૃતિ, સંગીત, ફૂડ અને કમ્યુનિટી ઍક્ટિવિટીઝને એકસાથે લાવશે અને પછી નદીકિનારે સાંજે આરતી સાથે કાર્યક્રમનું સમાપન થશે. આ બે નદીઓએ સભ્યતાઓ, સંસ્કૃતિઓ અને પેઢીઓને આકાર આપ્યો હોવાથી આયોજકો એને ગંગા અને થેમ્સના પ્રતીકાત્મક મિલન તરીકે વર્ણવે છે.

# આતંકીઓની ઢાલ બનવાનું બંધ કરો UNSCમાં ભારતના પાક. પર પ્રહાર

**લંડન**

સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC)માં ભારતે એક વાર ફરી પાકિસ્તાન અને ચીનને કડક શબ્દોમાં સ્પષ્ટ સંકેત આપ્યો છે કે બંને દેશો આતંકવાદીઓની ઢાલ બનવાનું બંધ કરે. ભારતે ભારપૂર્વક જણાવ્યું કે સંયુક્ત રાષ્ટ્રને પોતાના સંકીર્ણ રાજકીય સ્વાર્થ સાધવાનું મંચ ન બનાવવું જોઈએ અને આતંકવાદીઓની ગ્લોબલ લિસ્ટિંગ પ્રક્રિયામાં રાજકીય હસ્તક્ષેપ બિલકુલ સહન કરવામાં આવશે નહીં.

સુરક્ષા પરિષદની કાર્યપ્રણાલી પર આયોજિત એક મહત્વપૂર્ણ ચર્ચા દરમિયાન સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના પ્રતિનિધિ યોજના પટેલે કોઈ દેશનું નામ લીધા વિના પાકિસ્તાન અને ચીન પર પરોક્ષ પ્રહારો કર્યા હતા. ભારતીય પ્રતિનિધિએ કહ્યું કે કોઈપણ આતંકવાદીને પ્રતિબંધિત યાદીમાં ઉમેરવાની કે તેમાંથી હટાવવાની પ્રક્રિયામાં વધુ પારદર્શિતા અને નિષ્પક્ષતા હોવી અત્યંત જરૂરી છે. તેમણે આતંકવાદ અને પ્રતિબંધો સાથે જોડાયેલા મામલાઓ જોતી સહાયક સમિતિઓની સ્થિતિ અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી. પરિષદના આંતરિક મતભેદોના કારણે આ કમિટીઓના અધ્યક્ષોની નિમણૂક અટકેલી છે, જેનાથી આતંકવાદ વિરોધી કામગીરી પર માળખાકીય અસર પડી રહી છે.

# ચીનનું ચંદ્ર મિશન ચાંગ-ઈ-7 24 ઓગસ્ટના રોજ લોન્ચ થશે

**બેઈજિંગ**

ચીન ૨૪ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ પોતાના નવા ચંદ્ર મિશન ચાંગ-ઈ-૭ લોન્ચ કરવાની તૈયારીમાં છે. આ મિશનમાં ચીન ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર જશે. અહીં વૈજ્ઞાનિક પાણીના બરફીલા સ્વઃપ અને બીજા પદાર્થોની તલાશ કરશે. મિશનને લોંગ માર્ચ-ફાઈવ રોકેટથી હેનાનના વેનચાંગ સ્પેસ લોન્ચ સાઈટથી મોકલવાની યોજના છે. ચાંગ-ઈ-૭ ચીનના ચંદ્ર અભિયાનના ચોથા તબક્કાનો હિસ્સો છે. ચાંગ-ઈ-૭માં ઘણા યાન સામેલ છે. તેમા એક ઓર્બિટર, લેન્ડર, રોવર અને એક નાનો મેપિંગ પ્રોબ હશે. આ બધા ભેગા મળીને ચંદ્રના દક્ષિણ ધ્રુવની જુદી-જુદી જગ્યાઓની તપાસ કરશે. અહીં ખાસ વાત એ છે કે હોપિંગ પ્રોબ તે ખાડાઓમાં જવાનો પ્રયત્ન કરશે જ્યાં સૂરજનો પ્રકાશ પહોંચતો નથી. વૈજ્ઞાનિકોને આશા છે કે આ સ્થળોએ પાણી બરફના સ્વઃપમાં મળી શકે છે.







## 170થી વધુ વરિષ્ઠ નાગરિકો અને સાંસદ, મેયર અને અગ્રણીઓની ઉપસ્થિતિમાં ક્લબના ઉત્કૃષ્ટ સેવાકાર્યોની સરાહના

# સાઉથલેક સીનિયર ક્લબની પિકનિક-સ્વાતંત્ર્ય દિનની ઉજવણી

### રાષ્ટ્ર ધ્વજને ફરકાવી બંને દેશનાં રાષ્ટ્રગીત ગવાયા, ભજન તથા ફિલ્મી ગીતોની ગૂંજ સાથે નૃત્યોની પ્રસ્તુતિથી કાર્યક્રમની રંગત જમાવી

બ્રામ્પ્ટન : સાઉથલેક સીનિયર ક્લબ કેનેડા ફાઉન્ડેશન દ્વારા વરિષ્ઠ નાગરિકો માટે તૃતીય ગ્રાન્ડ ગાલા પિકનિકનું 16 ઑગસ્ટ ૨૦૨૬ને રવિવારના રોજ ચિંગુસી પાર્ક, બ્રમ્પટન ખાતે આયોજન કરાયું હતુ. કાર્યક્રમમાં આશરે ૧૭૦ વરિષ્ઠોએ ભાગ લીધો હતો. નાદુરસ્ત તબિયત અને કૌટુંબિક જવાબદારીઓને ધ્યાને રાખી પરદેશ હોવા છતાં સાથે હોવાનો અહેસાસ કરાવતા પ્રમુખ અમિત ભટ્ટ વીડિયો અને ફોનથી પળપળની માહિતી મેળવી અને જરૂરી માર્ગદર્શન પૂરું પાડતા રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રેહાના હાફીઝ અને ભરત શર્માએ કર્યું હતું.

આ સાથે ભારતના ૮૦મા સ્વતંત્રતા દિવસની ઉજવણી ઑગસ્ટ ૧૫, ૨૦૨૬ ને શનિવારે ધામધૂમથી કરવામાં આવી હતી. તેના ભાગરૂપે વરિષ્ઠ નાગરિકોનાં સમૂહ દ્વારા ભારત અને કેનેડાના રાષ્ટ્ર ધ્વજને હવામાં ફરકાવી બંને દેશનાં રાષ્ટ્રગીત ગાવામાં આવ્યા હતા.

જે બાદ હળવી કસરત કરાવાઈ હતી. રેહાના હાફીઝના માર્ગદર્શનમાં કાર્યક્રમની શરૂઆતમાં મિનલ મિસ્ત્રી અને હર્ષા જયસ્વાલ દ્વારા ભજનની કૃતિ રજૂ થઈ હતી.જે બાદ ફિલ્મી ગીતો રજૂ કરી સર્વેને ભાવવિભોર કર્યા હતા. ભરત શર્માના માર્ગદર્શનમાં ક્રિકેટ, બેડમિન્ટન, ફૂટબોલ વગેરે જેવી રમતોનો ઘણા વરિષ્ઠ નાગરિકોએ લાભ લીધો હતો. આજના દિવસે વરિષ્ઠ બહેનોએ બેડમિન્ટનની રમતનો લાભ લીધો હતો. સાઉથલેક સીનિયર ક્લબ કેનેડા ફાઉન્ડેશનનાં ઉત્કૃષ્ટ કાર્યને બિરદાવતા આ રીતની ભવ્ય પિકનિકનું આયોજન કરવા બદલ ક્લબનાં કાર્યકારી પ્રમુખને સન્માન અને કદર કરતા પ્રમાણપત્રો સાંસદ સફકત અલી અને બ્રમ્પટનના મેયર પેટ્રીક બ્રાઉન તથા પોલ વિસેન્ટે (રિજિયોનલ કાઉન્સિલર) દ્વારા એનાયત કરવામાં આવ્યા હતા.

સાંસદ સફકત અલીએ પોતાનું વક્તવ્ય રજૂ કરતા કહ્યું હતુ કે, આ



ક્લબ હરહંમેશ પ્રગતિ કરે અને પોતાની માતૃભૂમિ સાથે આ દેશને પણ હરણફાળ ભરવામાં યોગદાન આપે તેવી ભાવના છે. મેયર પેટ્રીક બ્રાઉન હરહંમેશ આવા કાર્યક્રમો દીપાવવા થોડી ક્ષણો માટે પણ ઉપસ્થિત રહે છે. તેઓએ આ ક્લબની હંમેશા પ્રગતિ થતી રહે અને આવા અવનવા કાર્યક્રમો દ્વારા વરિષ્ઠ નાગરિકોને પ્રોત્સાહિત કરતા રહે તેવી ભાવના વ્યક્ત કરી હતી. રિજિયોનલ કાઉન્સિલર પોલ વિસેન્ટે કહ્યું કે, આ ક્લબ ખૂબ જ પ્રગતિ કરી વરિષ્ઠ નાગરિકોને તેમની જરૂરિયાત સમજી અગમચેતીનાં પગલાં ભરી કાર્યક્રમો યોજે છે, તે બહુ જ અગત્યની વાત છે અંતે સંગીત વ્યવસ્થા યોગ્ય રીતે સંભાળનાર અનિલ ભાવસાર અને અલકેશ પટેલ, ફોટોગ્રાફી કરનાર મિત્રો તથાવિનોદ ગોંડલિયાના માર્ગદર્શનમાં સ્વયં સેવક તરીકે કામગીરી કરનારા મનહર પટેલ, શંકર આરડે, ચંદ્રકાંત પટેલ, જગદીશ પટેલ તથા અન્ય મિત્રોને બિરદાવાયા હતા. સવારે ૧૧.૦૦ કલાકે ચા-નાસ્તાનો સૌએ લાભ લીધો હતો. બપોરે આશરે ૧૪.૦૦ થી ૧૫.૦૦ કલાક દરમિયાન બપોરનાં ભોજનનો સ્વાદ માણ્યો હતો, જ્યારે સાંજે સ્વાદીષ્ટ ભોજનનો સૌએ લાભ લીધો હતો.

### મંત્રી ગ્રેહામ મેકગ્રેગરનો સંદેશો : ભારતનો સ્વાતંત્ર્ય દિવસ તેના સમૃદ્ધ વારસાને યાદ કરવાનો અવસર છે

નાગરિકતા અને બહુસાંસ્કૃતિકતાના મંત્રી ગ્રેહામ મેકગ્રેગર કાર્યક્રમમાં ઉપસ્થિત રહી શક્યા ન હતા, પરંતુ તેમના હસ્તાક્ષર દ્વારા પાઠવેલો સંદેશો સર્વ વરિષ્ઠ નાગરિકોને વાંચી સંભળાવાયો હતો. જેમાં આલેખવામાં આવ્યું હતુ કે, ઓન્ટેરિયો સરકાર વતી, ભારતના સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી નિમિત્તે આપ સૌને તથા આપના પરિવારજનો અને પ્રિયજનોને મારી હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું. ભારતનો સ્વાતંત્ર્ય દિવસ દેશના સમૃદ્ધ ઇતિહાસ, વૈવિધ્યસભર સાંસ્કૃતિક વારસા અને સમગ્ર વિશ્વમાં ભારતના નોંધપાત્ર યોગદાનને યાદ કરવાનો અને તેના પર ગૌરવ અનુભવવાનો અવસર છે. ઓન્ટેરિયો પ્રાંતમાં ભારતીય મૂળના દસ લાખથી વધુ લોકો વસે છે. તેમનું નેતૃત્વ, નવીનતા, ઉદ્યોગસાહસિકતા, જાહેર સેવા અને સાંસ્કૃતિક યોગદાન આપણા પ્રાંતના વિવિધ સમુદાયોને સતત વધુ મજબૂત બનાવે છે. આ મહત્વપૂર્ણ પ્રસંગની ઉજવણી માટે જ્યારે આપ પરિવાર, મિત્રો અને સમુદાયના સભ્યો સાથે એકત્રિત થાઓ છો, ત્યારે આવનારા વર્ષોમાં આપ સૌને સતત સમૃદ્ધિ, એકતા અને સફળતા પ્રાપ્ત થાય તેવી મારી હાર્દિક શુભેચ્છાઓ સ્વીકારશો.”

# કેનેડિયન નાગરિકતા મેળવવા વિદેશીઓમાં ભારે ઉત્સાહ : યુએસથી અરજીઓ ખડકલો

### “લોસ્ટ કેનેડિયન” કાયદો અમલી બનતા હજારોને નાગરિકતાના પ્રમાણપત્રો મળ્યા

**ઓટાવા**

તાજેતરના મહિનાઓમાં કેનેડિયન નાગરિકતા પ્રમાણપત્ર મેળવવા માંગતા લોકોની અરજીઓમાં અભૂતપૂર્વ ઉછાળો જોવા મળ્યો છે. ગત વર્ષના અંતમાં કેનેડિયન સંસદ દ્વારા “લોસ્ટ કેનેડિયન” કાયદો અપનાવવામાં આવ્યા બાદ 1 એપ્રિલથી 31 મે દરમિયાન નાગરિકતા પ્રમાણપત્રો મેળવનારા લોકોની સંખ્યામાં લગભગ 50 ટકાનો જંગી વધારો થયો છે.

કેનેડાનું ‘બિલ C-3’ એવા લોકોને નાગરિકત્વ મેળવવાની મંજૂરી આપે છે જેઓ સાબિત કરી શકે કે તેઓ કેનેડિયન પૂર્વજના સીધા વંશજ છે. ભલે તે પૂર્વજ ઘણી પેઢીઓ પહેલાં દેશ છોડીને વિદેશ વસ્યા હોય! ડિસેમ્બરના મધ્યમાં આ કાયદો અમલમાં આવ્યો, ત્યારથી લઈને 31 મે સુધીમાં ‘ઈમિગ્રેશન, રેફ્યુજીસ એન્ડ સિટીઝનશિપ કેનેડા’ દ્વારા આ નવા નિયમ હેઠળ લાયક ઠરેલા લગભગ 6,100 લોકોને નાગરિકતા પ્રમાણપત્રો આપવામાં આવ્યા છે.

આ સિવાય, અન્ય 17,390 લોકોને કેનેડિયન માતાપિતા હોવાના નાતે પ્રમાણપત્રો મળ્યા છે.

નવો કાયદો આવ્યા પહેલાં, કેનેડા બહાર જન્મેલા લોકો માટે નાગરિકતા મેળવવા કેનેડિયન માતાપિતા હોવું ફરજિયાત હતું. આ નવ-માન્યતા પ્રાપ્ત 23,490 કેનેડિયન નાગરિકો હવે કેનેડિયન પાસપોર્ટ માટે અરજી કરવા તેમજ કેનેડામાં મુક્તપણે રહેવા અને કામ કરવા માટે સંપૂર્ણ હકદાર બન્યા છે. ડિસેમ્બરના મધ્યથી મેના અંત વચ્ચે કેનેડિયન નાગરિકતા મેળવનારાઓમાં અડધાથી વધુ લોકો યુ.એસ.માં જન્મેલા છે. IRCCના આંકડા અનુસાર બિલ C-3ને કારણે 3,110 અમેરિકનો કેનેડિયન નાગરિકતા પ્રમાણપત્ર માટે લાયક બન્યા છે. જ્યારે અન્ય 8,125 અમેરિકનોને તેમના માતાપિતામાંથી કોઈ એક કેનેડામાં જન્મેલું હોવાથી પ્રમાણપત્રો એનાયત કરાયા છે.

અરજીઓની સંખ્યામાં ઝડપી વધારાને કારણે કાનૂની અને પ્રક્રિયાગત વિલંબ સર્જાયો છે. એપ્રિલમાં જ્યાં 56,000 અરજીઓ નિર્ણયની રાહ જોઈ રહી હતી, તે મે મહિનામાં વધીને 70,400 થઈ ગઈ હતી.

# કેનેડામાં નમકીન ખાતા જ કરનાલના યુવકનું હાર્ટફેલ

### ગર્ભવતી પત્ની સાથે ચાલવા નીકળ્યો હતો; વહુની ડિલિવરી માટે પરિવાર વિદેશ જવાનો હતો

બ્રામ્પટન : કેનેડામાં રહેતા હરિયાણાના કરનાલના એક 27 વર્ષીય યુવકનું અચાનક હાર્ટ ફેલ થવાથી મૃત્યુ થયું હતું. યુવક તેની ગર્ભવતી પત્ની સાથે ચાલવા નીકળ્યો હતો. આ દરમિયાન તેણે એક શોપમાંથી નમકીન ખાધું, જેના પછી અચાનક તેની તબિયત લથડી. તેને તરત જ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો, જ્યાં ડોકટરોએ તેને મૃત જાહેર કર્યો હતો.

પરિવારના જણાવ્યા અનુસાર, યુવકને કેનેડાની નાગરિકતા (PR) મળી ચૂકી હતી. તેની પત્ની 7 મહિનાની ગર્ભવતી છે. બંનેના લગ્ન લગભગ બે વર્ષ પહેલા થયા હતા. બંને તેમના આવનારા બાળકને લઈને ખૂબ ખુશ હતા, અચાનક ખુશીઓ શોકમાં ફેરવાઈ ગઈ છે. પુત્રના મૃત્યુના સમાચાર મળ્યા બાદ બંને પરિવારો પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે. હવે મૃતદેહને ભારત લાવવાના પ્રયાસો શરૂ થઈ ગયા છે.

# યુવાનો માટે સોશિયલ મીડિયા પર પ્રતિબંધ સામે પડકારની સંભાવના

### નવો નિયમ અભિવ્યક્તિની આઝાદી પર નિયંત્રણનો પ્રયાસ હોવાનો કેટલાક નિષ્ણાંતોનો મત

**ટોરોન્ટો**




ટોરોન્ટો : કેનેડાના કેટલાક નિષ્ણાતો કહે છે કે ફેડરલ સરકારને 16 વર્ષથી ઓછી ઉમરના બાળકો માટે સોશિયલ મીડિયા પરના પ્રસ્તાવિત પ્રતિબંધ સામે બંધારણીય ચેલેન્જનો સામનો કરવો પડી શકે છે. શુક્રવારે, ફ્રાન્સની ટોચની અદાલતે 15 વર્ષથી ઓછી ઉમરના બાળકો માટે તે દેશનો સોશિયલ મીડિયા પ્રતિબંધ રદ કર્યો હતો અને કહ્યું કે આ પ્રતિબંધ ખૂબ વ્યાપક છે અને અભિવ્યક્તિની સ્વતંત્રતાનું ઉલ્લંઘન કરે છે. ડેલહાઉસી યુનિવર્સિટીના એસોસિયેટ લો પ્રોફેસર માઈકલ કારાનીકોલાસે કહ્યું કે કેનેડાના કાયદા સામે ચાર્ટર ચેલેન્જ લગભગ અનિવાર્ય છે. સોશિયલ મીડિયા અસરકારક રીતે એકમાત્ર રસ્તો છે જે યુવાનો રાજકીય મુદ્દાઓ પર પોતાનો અવાજ ઉઠાવી શકે છે, અને તેમને ઍક્સેસ ન આપવાથી તેમને ચૂપ કરી શકાય છે. કેનેડિયન સિવિલ લિબર્ટીઝ એસોસિએશનના ડિરેક્ટર, કરનિકોલાસ અને તામીર ઈઝરાયેલ બંનેએ ગ્રેટા થનબર્ગનું ઉદાહરણ રજૂ કર્યું, જે ૧૫ વર્ષની હતી જ્યારે તેણીને પર્યાવરણીય કાર્યકર્તા તરીકે આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા મળી છે. ઈઝરાયલે કહ્યું કે કેનેડાનું બિલ C-34 ઘણી સમાન સુવિધાઓ ધરાવે છે જેના કારણે ફ્રેન્ચ કોર્ટને તારણ કાઢવામાં આવ્યું કે ફ્રેન્ચ કાયદો સ્વતંત્રતા અને અભિવ્યક્તિ અને ગોપનીયતા બંને દ્રષ્ટિએ અતિશય વ્યાપક અને ગેરબંધારણીય છે. લિબરલ સરકારે જૂનમાં બિલ C-34 રજૂ કર્યું હતુ, જે કાયદો બનતા પહેલા સંસદીય પ્રક્રિયામાંથી પસાર થવાનું બાકી છે. જો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સે બાળકોના રક્ષણ માટે પૂરતા રક્ષણાત્મક પગલાં લીધા હોય તો તેઓ મુક્તિ મેળવી શકશે. સરકારે બિલ C-34 માટે ચાર્ટર સ્ટેટમેન્ટ, ચાર્ટર અધિકારો અને સ્વતંત્રતાઓ પર સંભવિત અસરો ઓળખતો દસ્તાવેજ, હજુ સુધી બહાર પાડ્યો નથી.

ડિસેમ્બર 2025 માં ઓસ્ટ્રેલિયા બાળકોને સોશિયલ મીડિયા પર પ્રતિબંધ મૂકનાર પ્રથમ દેશ બન્યા પછી, કેનેડા એવા ડઝનબંધ દેશોમાંનો એક છે જેમણે સોશિયલ મીડિયા વય પ્રતિબંધો પર વિચાર કરવાનું શરૂ કર્યું છે.

# CLUB CERAMIC

**Porcelain Tiles : Premium Quality and Best Price**

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

**MONTREAL**
225 Rue Ness, Saint-Laurent, QC H4T 1A7, Canada
Phone: +1-514-813-3850 / +1-514-260-2242

**OTTAWA**
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

**CAMBRIDGE**
15 Sheldon Dr, Cambridge, ON N1R 6R8
+1-647-394-6030 / +1-647-406-1972

https://clubceramic.com Email : sales@clubceramic.com



# HONEST - DEDICATED - TEAMWORK

*Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.*

PINNACLE REAL ESTATE GROUP

CENTURY 21.
Innovative Pinnacle Real Estate Group
BROKERAGE

We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!

- Free Staging
- Free Professional Photography & virtual tour
- Free Marketing, Flyers, Newspapers, Media Advertising
- Free Comparative Market Analysis
- Team of Professional for same price as hiring a single realtor
- Over 15 years of combined experience

- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions.. Its that Simple!



JUST LISTED — 1703 McCowan Rd unit 115 Toronto




$$$ Thousands spent on renovations. Welcome to this bright and spacious 2-bedroom condo featuring a functional layout and a rare walkout to your own privately fenced backyard-perfect for relaxing, entertaining, or enjoying outdoor living. With many recent upgrades, this move-in-ready home has been tastefully updated with a brand-new modern kitchen, renovated bathroom, new flooring in bedrooms (no carpet in the unit), and stylish new light fixtures. The convenient ensuite laundry room also offers additional storage space with new flooring. Large windows fill the home with natural light, creating a warm and inviting atmosphere. Whether you're a first-time home buyer, downsizing, or looking for an excellent investment opportunity, this condo is sure to impress. Ideally located with 24-hour TTC service at your doorstep and the Sheppard & McCowan LRT just minutes away. Enjoy easy access to Scarborough Town Centre, Centennial College, the University of Toronto Scarborough campus, Highway 401, parks, shopping, restaurants, and all essential amenities. An exceptional opportunity to own a beautifully updated home in a convenient, family-friendly neighbourhood! *Some of the LR photos were taken previously when the home was staged

JUST LISTED — 1 JUDHAVEN RD TORONTO



Welcome to the one you've been waiting for! Situated on a spacious corner lot in a sought after family-friendly neighbourhood, this beautifully maintained bungalow offers exceptional curb appeal, a double car garage, and is just steps to schools, parks, and shopping. Pride of ownership shines throughout with numerous updates over the years, including: roof (2020), windows and doors (2022), garage door (2020), kitchen (2019), main floor flooring (2021), pot lights (2022), fresh paint (2026), and A/C & furnace (2016). The side yard was transformed in 2023 with new fencing, deck, and awning - creating the perfect private outdoor space for entertaining. Inside, enjoy a bright and functional layout with a huge finished basement offering endless possibilities for additional living space, recreation, or excellent rental/in-law suite potential for extra income. Fully fenced yards ideal for family gatherings and summer enjoyment. A rare opportunity to own a solid, move-in ready bungalow in an unbeatable location!

JUST LEASED — 50 Absolute Ave, Unit 3402 Mississauga



Fully Furnished!! Heart Of Downtown Mississauga, Close To All Amenities, Marilyn Monroe Building, 2 Bedroom + 2 Bathroom, Demand Location, Walking Distance To Sq 1 And Living Arts Centre, Hwy 403, 401, QEW, And Much More! 800 Sqft Of Living Space + 135 Sqft Balcony, Bed And 2 Full washrooms . Students welcome. Available Immediately

*You have Nothing to Loose... Call us for a Free Consultation on How to Get Started.*

**Use The Advantage of a Team, Because... Teamwork Makes Your Dreams Work !**

## Shamim & Amin Kharodia

**Broker of Record / Sales Representative**
**teamkharodia@gmail.com**
**300-2855 Markham Rd Toronto ON M1X 0C3**
**D: (647) 501-6786 I D: (647) 308-2941**
**F : (416) 298-8303 I P: (647) 666-8676**



Grand Centurion Office

Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.